૯ કાઠી જ્ઞાતિના મહાપુરૂષો અને તેમનું પ્રદાન

કોઈપણ જ્ઞાતિની પ્રતિભા તે જ્ઞાતિમાં થયેલા વ્યક્તિત્ત્વો, પુરૂષો, સ્ત્રીઓ અને તેમણે કરેલ કાર્યો અને તેમના પ્રદાનને આધારે જ સમાજ આંકતો હોય છે, કે તે જ્ઞાતિમાં કેટલા અને કેવા મહાપુરૂષો થયા કે જેને પોતાની સ્વજ્ઞાતિના તો જ્યોર્તિધર સમજી તેમાંથી કંઈક પ્રેરણા મેળવી શકે. પરંતુ અન્ય વ્યક્તિઓ પણ તેમના જીવન - કવન અને કાર્યને જોઈને તેમાંથી પ્રેરણા લેતા હોય છે અને તેના તરફ અહોભાવ પ્રગટ કરતા હોય છે. માનવ માત્ર જન્મીને બે ત્રણ કાર્યો માટે તેનુ જીવન ગુજારતો હોય છે. કોઈને ધન કમાવવુ હોય છે, તો કોઈને સામાજિક પ્રતિષ્ઠા મેળવવી હોય છે, તો કોઈને પરદુઃખ ભંજન બનવુ હોય છે. આ બે ત્રણ કાર્યોમાં સમાજ આખાનો બધો જ સમુદાય સમાય જાય છે. તે બધાનો અભ્યાસ કરવાથી આખી જ્ઞાતિની એક પ્રતિભા તેમાં બતાવી શકાય છે.

કાઠી જ્ઞાતિની સૌરાષ્ટ્રમાં ઈ.સ.૧૮૮૦ આસપાસ માત્ર ૨૮,૫૦૦ની વસતિ હતી. એવી અલ્પસંખ્ય જ્ઞાતિમાં પણ ઘણા બધા જ્યોર્તિધરો પોતપોતાના ક્ષેત્રમાં થયા છે. આ જ્ઞાતિમાં મોકા બસિયા અને લુણા બસિયા જેવા સમર્થ સેનાનીઓ થયા છે. કે જેણે સિકંદરની સામે યુધ્ધ કર્યુ હતુ અને તેને ઘાયલ પણ કર્યો હતો. જોકે આ બંને બસિયાઓ વિશે તે ઈ.સ.પૂર્વેની ઘટના હોય તેથી બે પાંચ લીટીથી વધુ તેની વિગતો મળી શકતી નથી. જ્યારે એ પછીના સમયગાળાનો કાઠીઓનો ઈતિહાસ ખૂબ જ અસ્તવ્યસ્ત અને વેરાયેલો કે ભૂગર્ભમાં દટાયેલો હોવાથી કોઈ એવા જ્યોર્તિધરોની વધુ વિગતો આપણે મેળવી શકતા નથી. તેમ છતાં વાળા વળોચજી, અમરા કે ઉમરા પટગીર, કાળુસિંહ ધાધલ, સાણિયોવિંછીયો, એભલવાળા, ચાંપરાજવાળા જેતપુર, માંચાવાળા, નાગ ખાચર જેવા અનેક સમર્થ, શૂરવીર, કુટનીતિજ્ઞ અને બુધ્ધિમાન રાજપુરૂષો થયા છે. પરંતુ તેમના જીવન-કવન અને કાર્ય વિશેની માહિતી કાળની ગર્તામાં વિલીન થઈ ગઈ હોવાથી તેના વિશે વધુ કોઈ માહિતી પ્રાપ્ત થતી નથી. પરંતુ જ્યારે આપણે કાઠી જ્ઞાતિના જ્યોર્તિધરોની વાત કરવા બેસીએ ત્યારે ઉપરોક્ત સમર્થ પુરૂષોની યાદ જરૂર તાજી થાય છે. એ મહાપુરૂષોના તુટક તુટક સંસ્મરણો અને છુટક છુટક વાતો અહીંતહી વેરાયેલી કથાઓના ટુકડાઓમાં પડી છે,આ બધાના સરવાળા ઉપર જ એ પછીનો કાઠી સમાજ તૈયાર થયો છે. આજ સુધી આ પ્રકરણમાં આલેખાયેલા દરેક વ્યક્તિત્ત્વોની દરેક કાઠીઓ કંઈકને કંઈક પ્રેરણા લીધી હશે અને લઈ શકશે અને આ બધા વ્યક્તિત્વોના સરવાળારૂપ જ્ઞાતિ વિશેનું આખુ ચિત્ર ઉપસ્થિત થાય છેકે આ જ્ઞાતિએ યોદ્ધાઓ, સંતો,[૧] મુત્સદીઓ, આદર્શ રાજવીઓ, આદર્શ વહીવટકર્તાઓ, નીતિવાન બહારવટિયાઓ[૨] અને સ્વાતંત્ર્યસેનાનીઓ, સમાજ સુધારકો, લેખકો, ઈતિહાસકારો, રમતવીરો અને ચિત્રકારો આપ્યા છે.

કાઠીઓના ઈતિહાસની મુશ્કેલી એ છે કે ૧૬મી સદી સુધીનું સાહિત્ય બહુ જ ઓછું મળે છે અને જે મળે છે તે બારોટોના ચોપડાઓને આધારે જ પ્રાપ્ત થાય છે. આથી આપણે ૧૬મી સદીથી પહેલાના કોઈ પાત્રોનો વિશેષ પરિચય કરાવી શકતા નથી.

લોમા ખુમાણ-ખેરડી (ઈ.સ.૧૬૨૫ અવસાન)

લોમા ખુમાણ એ સૌરાષ્ટ્રના ઈતિહાસનું વખણાયેલું અને ખોટી રીતે વગોવાયેલું એક મહત્ત્વનું પાત્ર છે. લોમા ખુમાણમાં જે તે સમયને અનુકૂળ કુટનીતિ, બુધ્ધિ અને આવડત હતી, કે જેણે ભાગતા, મુઝઝફરશાહ ત્રીજાને આશ્રય આપ્યો હતો. એવી જ રીતે દુશ્મનોને પણ માફી આપી હતી, જેમકે ગારિયાધાર સાથે દુશ્મનાવટ પણ કરી અને સંબંધો પણ બાંધ્યા હતા.

લોમા ખુમાણ કાઠિયાવાડમાં અભંગ લોમા ખુમાણ તરીકે ઓળખાતા હતા. તેની પાછળ સૌરાષ્ટ્રના લોકોમાં એક દંતકથા કહેવાય છે કે, પાલીતાણાના શત્રુંજય ડુંગર ઉપર જે ઈંગોરશાહની દરગાહ છે તે ઓલિયાને એક વખત વસતિમાં ફરવાની ઈચ્છા થઈ અને તેઓ ખેરડી આવ્યા ત્યારે લોમા ખુમાણે તેમને જમવાનું નિમંત્રણ આપ્યું, પણ ઈંગોરશાહે કહ્યુ કે ''હું કુંવારિકાના હાથનું રાંધેલુ અને તે જ જમાડવા આવે તે જમુ છું'' લોમા ખુમાણે તેની આ વાત સ્વીકારી. પછી દરરોજ

પોતાની દીકરી તેમને જમાડવા જતી હતી. પરંતુ કોઈકે લોમા ખુમાણના કાન ભંભેર્યા તેથી લોમા ખુમાણે એક દિવસ જ્યારે તેની દીકરી જમાડવા ગઈ ત્યારે પાછળથી એક માણસને ત્યાં શું બને છે તે જોવા મોકલ્યો. આ વાતની સાંઈને ખબર પડી જતાં તેમને બહુ દુઃખ થયુ ત્યારે તેમણે કહ્યું કે ''બેટા હું તારી સેવાથી ઘણો જ ખુશ થયો છું માટે તે સેવાના બદલામાં હું તને ભેટ આપવા માંગુ છું. માટે ખોળો ધર'' જેવો તે દીકરીએ ખોળો ધર્યો કે સાંઈએ તેમાં ધગધગતા અંગારા નાંખ્યા. ત્યારે તે થોડી ડરી ગઈ પણ લોમા ખુમાણ જેવા સમર્થ, હિંમતવાન, શૂરવીરની દીકરી હોવાથી તે અંગારા લઈ ચાલી ત્યાં તે અંગારા સોનાના લખોટા બની ગયા હતા અને સાંઈએ કહ્યુ કે ''લોમાએ મારામાં અવિશ્વાસ કર્યો નહીતર હું તેને સૌરાષ્ટ્રનો રાજા બનાવવાની સિધ્ધિ આપત. હવે માત્ર તને એટલુ વરદાન આપુ છું કે તે ઘણો જંગ બહાદુર થશે.''[૩] એમ કહી સાંઈ ત્યાંથી અલોપ થઈ ગયા. આવી એક કથા સૌરાષ્ટ્રના વૃધ્ધજનોના મુખેથી સાંભળવા મળે છે.

લોમા ખુમાણે રાજકોટથી દસ કિ.મી. દૂર માલિયાસણ પાસે ખેરડી[૪]ગામે પાંચ ગામો મેળવ્યા હતા અને ત્યાં તેણે દરબારગઢ પણ બાંધ્યો હતો અને ગામને કિલ્લેબંધીવાળુ કર્યુ હતું. આજે પણ ખેરડી ગામમાં લોમાનો ઢોરો નામે એક જગ્યા ઓળખાય છે, પણ કિલ્લાના કોઈ અવશેષો જોવા મળતા નથી. એ જ રીતે લોમા ખુમાણના મિત્ર અને શત્રુ ગારિયાધારના નોંધાણજીના નામે ખેરડીમાં એક ધૂનો ઓળખાય છે.[૫]

લોમા ખુમાણે એ યુગની તાસીર પ્રમાણે જુદા જુદા સ્થળોએ પોતાના પાળ લઈ જવાનું કર્યુ અને તે છેક અમદાવાદ સુધી પોતાનું પાળ લઈ જતો અને લોમા ખુમાણ પાસે ૨૦૦૦ જેટલા સૈનિકો રહેતા હતા. સૌરાષ્ટ્રના એક નાના એવા જાગીરદાર લોમા ખુમાણથી સૌરાષ્ટ્રના અન્ય રાજવીઓ ડરતા હતા, જેણે અમદાવાદને પણ લુંટ્યુ હતું અને તેણે લુંટમાંથી ૧૩ હાથી મેળવ્યા હતા, જેમાં ચાર હાથી તો દિલ્હીના બાદશાહના સુબા પાસેથી પડાવી લીધા હતા.

એક વાર લોમા ખુમાણ સોરઠનો ફોજદાર અમીનખાન (ઈ.સ.૧૫૭૫ થી ૧૫૮૨) અને નવાનગરના કુંવર અજોજી એ ત્રણેય મુરજખાનનો પીછો કરતા કોડીનાર ગયા અને તેની પાસેથી એક હાથી પડાવી લીધો, આ હાથી કોણે રાખવો તે બાબતે મનદુઃખ થયુ અને લોમા ખુમાણને હાથી બાબતે આકરા વેણ કહેવામાં આવ્યા હતા.[૬]તે શબ્દો લોમા ખુમાણને કાળજામાં ખુંચી ગયા હતા, આથી તે અપમાનનો બદલો તેણે ભૂચરમોરીના મેદાનમાં વાળ્યો હતો.

લોમા ખુમાણે સુલતાન મુઝઝફરશાહને ત્રણ થી ચાર હજાર કાઠી ઘોડેસવારોની મદદ કરી હતી અને અમદાવાદ ઉપર હુમલો પણ કર્યો અને અમદાવાદ જીતી લીધુ હતું.[૭]જે જબરો કુટનીતિજ્ઞ અને હિંમતવાન અને બેવડી રાજનીતિથી રાજકીય લાભ લેવામાં માનતો હતો. આ ખુમાણોએ ખેરડીથી આવી જસદણમાં જૂનાગઢના ઘોરી સુબાએ બાંધેલો ઘોરીગઢનો કિલ્લો પણ જીતી લીધો હતો.

લોમા ખુમાણે સૌરાષ્ટ્રમાં ઘણી લડાઈઓ કરી હતી. એકવાર તેણે ગારિયાધારના નોંધાણજી ઉપર ચડાઈ કરી હતી અને ગારિયાધાર પણ જીતી લીધુ હતું. જ્યારે લોમા ખુમાણે ગારિયાધાર ઉપર ચડાઈ કરી ત્યારે નોંધાણજી શિહોર ધુનાજી પાસે ચાલ્યા ગયા હતા અને લોમા ખુમાણે ગારિયાધાર જીતી લીધુ હતું. પછી નોંધાણજી અને ધુનોજીએ લોમા ખુમાણ ઉપર ચડાઈ કરી ત્યારે લોમા ખુમાણે શિહોરના શાસક ધુનાજી ગોહિલને વેળાવદર ગામ પાસે થયેલ લડાઈમાં મારી નાંખ્યા અને શિહોર પણ જીતી લીધુ. જ્યારે વેળાવદરમાં ધુનોજી મરાયા ત્યાં ધુનોજીના બે રાણીઓ સતી થયા. તેના પાળિયાઓ પણ ઉભા છે, જેના ઉપરના લેખમાં સંવત ૧૬૭૫ વરસે કારતક વદ દ્વાદસી સોમવાર લખેલો છે.[૮]

એ પછી લોમા ખુમાણે શિહોરના ઠાકોર રતનજી[૯] ને પણ પાલીતાણા પાસેના માંડવી ગામ પાસે એક યુધ્ધમાં મારી નાંખ્યા. જે જગ્યાએ યુધ્ધ થયુ હતું તે ધારને આજે પણ ''રાવળની ધાર ''કહેવામાં આવે છે.

''વિભાવિલાસ'' લોમા ખુમાણના મૃત્યુ વિશે ખોટી વાત નોંધે છે[૧૦] કે, જામ સતાજીએ પોતાની ફોજ સાથે ખેરડી ગામને ઘેરો ઘાલ્યો અને અસંખ્ય કાઠીઓને મારી નાંખ્યા. લોમા ખુમાણને મારી નાંખ્યો અને તેના એકેય વંશજને પણ જીવતા ન રહેવા દીધા. એવો ઉલ્લેખ કરવામાં આવે છે, તે સર્વાંશે અસત્ય છે. જામે પોતાની દગાની વાત છુપાવવા ''વિભાવિલાસ''માં અસત્ય વાત લખાવી છે. જ્યારે લોમા ખુમાણનું મૃત્યુ તો નવાનગરના રાજ મહેલમાં જ થયુ હતું. એક

વખત લોમા ખુમાણ નવાનગરની રંગમતી નદીના કિનારે જામ અને તેના ભત્રીજા લાખોજી અને સરતાનજી મળી ગયા ત્યારે જામે લોમા ખુમાણને ભાગી જવા જણાવ્યું પણ લોમા ખુમાણે ઈન્કાર કર્યો અને આક્રમણ માટે હુકમ કર્યો ત્યારે જામે પાછા હટી જવુ પડ્યું, આથી જામે એવા જોરાવર સમર્થ લોમા ખુમાણને પકડવા કે મારવા પોતે અસમર્થ હોવાથી તેને દગાથી મારવાનું નક્કી કર્યુ હતું. આથી લોમા ખુમાણ અને ગારિયાધારને વેર પણ બંધાયુ હતું અને લોમાએ જ્યારે ગારિયાધાર લીધુ ત્યારે નોંધણજીના રાણીએ લોમા ખુમાણના ધર્મના બહેન બની ગારિયાધાર પસલીમાં પાછું માંગી લીધુ હતું તે ઉદાર એવા લોમા ખુમાણે આપી પણ દીધુ. પછી બંને વચ્ચે ભાઈ બહેનના સંબંધો જળવાતા રહ્યા હતા. એમાં એક વખત જામનગરમાં નોંધણજીના ભાણેજના લગ્ન હોવાથી નોંધણજી રાણીને નવાનગર (જામનગર) જવાનું થયુ ત્યારે પોતાના ધર્મના માનેલ ભાઈ લોમા ખુમાણને સાથે લીધો હતો. પછી તેઓ જ્યારે નવાનગર પહોંચ્યા ત્યારે જામ જસાજીએ નિહત્થા લોમા ખુમાણને દરબારગઢમાં મરાવી નાંખ્યા, દરબારમાં લોમા ખુમાણના હાથ અને પગ કાંડેથી કાપી નાંખ્યા.[૧૧]

પણ અંતકાળે જામ જસાજીએ લોમાને પુછ્યુ કે ''લોમા તને જીવતો જવા દઉ તો તું શું કરે ?'' ત્યારે લોમા ખુમાણે કહ્યુ કે ''જેમ એક લોંઠકી બાયડી તાવડીમાંથી રોટલો ઉથલાવે તેમ નગરને ઉથલાવી નાંખુ''[૧૨] થોડા સમયમાં તો લોમા ખુમાણનું ત્યાં જ દરબારગઢમાં જ મૃત્યુ થયુ. તેના મૃત્યુ વિશે એક બે દુહાઓ પ્રાપ્ત થાય છે.

પશ્ચિમ હુંદો પાદશાહ લોમો જામ ખુટ્યો જોરાવર
લખપનિયા મોકલે, અભંગ લોમા ઉપર
અસર બોલે તેમ, તરત નગર તેડાયો
જામ કચેરી જહ, અભંગ મળવા આયો
દાનીપતિએ દીધો દગો, ઝાંઝર લઈ પગમાં જડ્યો
સંવત સોળ એકાશીએ પરજ પતિ લોમો પડ્યો .[૧૩]

ઉપરોક્ત દુહામાંથી લોમા ખુમાણના મૃત્યુની સાલ જાણવા મળે છે. લોમા ખુમાણના કુટુંબ વિશેની વધુ માહિતી પ્રાપ્ત થતી નથી. પણ તેને ત્રણ ભાઈઓ હતા. (૧) ભોકો ,આ ભોકાના પૌત્ર જસાખુમાણે જસદણમાં રાજ સ્થાપ્યુ હતું પણ પછી જસદણ વિકા ખાચરે લઈ લેતા તેમના વંશજો લોલીયાણામાં જઈ વસ્યા હતા.(૨) નાગસુર (૩) હિપો. લોમા ખુમાણના વંશજોએ લોમાણી પેટા શાખા રાખી હતી. તેઓ રાણી ગામ અને વીરડીમાં ગરાસ ભોગવતા હતા. લોમા ખુમાણના કાકા નાગપાળના વંશજો નાગપાળકા નામની પેટા શાખાથી ઓળખાય છે. લોમા ખુમાણે પોતાના નામે ચોટીલા તાલુકામાં લોમાકોટડી નામે એક ગામ વસાવેલ છે.

મૂળુ ખાચર ચોટીલા (અવસાન ઈ.સ.૧૬૭૪)

મૂળુ ખાચર નાગ ખાચરના પુત્ર હતા. તેની લોક કવિઓએ ખૂબ જ પ્રશંસાઓ કરી છે. તેનો એક દુહો પ્રાપ્ત થાય છે કે,

મૂળુ માનવીએ, માણો કી મીંઢાવીયે,
અરસ ઈન્દ્ર તણે તું નર ખેવો નાગાઉત

આ દુહાનો ભાવાર્થ આપણને એમ કહે છે કે આરાધ્ય દેવમૂર્તિને જેમ દેવ સાથે નથી સરખાવાતી તેમ માનવીને પણ તારી સાથે (મૂળુ ખાચર) ન સરખાવાય. અર્થાત તારો દેહ માનવીનો છે પણ તારા ખોળિયામાં દેવ છે. આ દુહો તેમને નાગ ખાચરના પુત્ર હોવાનું સાબિત કરે છે.

મૂળુ ખાચર એ ચોટીલાના રામાણી શાખાના ખાચર હતા. ચોટીલા આસપાસના લોકો તેમને દેવની જેમ પૂજતા હતા. જે સ્ત્રીઓને બાળક આડુ આવ્યુ હોય ત્યારે તેમની નાડી ધોઈ પાણી આપવામાં આવતા તે સ્ત્રી પીડાથી મુક્ત થઈ જતી હતી. જ્યારે પોતે જીવીત હતા ત્યારે તેમને કોઈ સમાચાર મળે કે ફલાણી બેનને બાળક આડુ આવ્યુ છે તો પોતે સીમમાં હોય તો પણ ત્યાં ઘોડેથી નીચે ઉતરી ઘાસિયો નાંખી સૂર્ય ભગવાનની માળા કરવા બેસી જતા હતા. જ્યારે સમાચાર આવે કે બાઈને આડુ ભાંગ્યુ છે ત્યારે જ તેઓ ઉઠતા અને જો ત્રણ કલાકમાં સારા સમાચાર ન આવે તો પ્રાણ પણ કાઢી નાંખવાની તૈયારી રાખતા

હતા.

એ કાળમાં તો લોકો ઘણી બધી જાતની શ્રધ્ધાઓ રાખતા હતા અને બાધા આખડીઓ પણ રાખતા હતા. એવા સમયે મેવાડમાં રાણાને કોઢ નિકળ્યો ત્યારે કોઈએ તેમને સલાહ આપી કે જો ચોટીલાના સિદ્ધપુરૂષ મૂળુ ખાચરના સ્નાન કરેલા પાણીથી રાણા નહાય તો તેનો કોઢ મટી જાય. આથી ચોટીલા આવી રાજસ્થાનના માણસો તે પાણી લઈ ગયા પણ પછી મૂળુ ખાચરને ચિંતા થવા માંડી કે જો રાણાનો કોઢ મટશે નહીં તો જગત શું કહેશે ? આ માટે તેઓ છાના માના ઉદેપુર જઈને રહ્યા અને તેમણે પોતે સાંભળ્યુ કે રાણાને કોઢ મટી ગયો છે ત્યારે પરત આવ્યા. બાકી જો રાણાને કોઢ ન મટે તો જીંદગીનો અંત આણવાનું નક્કી કર્યુ હતું.

મૂળુ ખાચર ખૂબ જ પરગજુ, દયાળુ અને પરદુઃખભંજન હતા. એક વખત હળવદ પાસેના ટીકર ગામની ચારણ બાઈની ચાર ભેંસો બે જાડેજાઓ લઈ ગયા ત્યારે એ ચારણ બાઈ ઉપર એ રાજપૂતોએ કુદ્રષ્ટિ કરતા તેણે ત્યાં જ તેના બેય સ્તનો કાપી ફેંકીને કહ્યું લ્યો ધરાઈને દૂધ પીધા કરજો.[૧૪]પછી તો તરત બાઈ તેના ભાઈ કેશવદાસ રત્નાની પાસે આવી બધી વાત કરી અને કહ્યું કે આ ઘટનાની વાત ચોટીલામાં મૂળુ ખાચરને પહોંચાડજો એમ કહીને તે મૃત્યુ પામી. પછી કેશવદાસે ચોટીલા આવી મૂળુ ખાચરને ઉપરોક્ત વાત કહી ત્યારે મૂળુ ખાચરની પૂરેપૂરી ઉંમર થઈ ગઈ હતી તેમ છતાં તેમણે એ સ્ત્રીનો બદલો લેવાની પ્રતિજ્ઞા લીધી અને તેમણે એ બદલો લેવાના સોંગદ લીધા હતા. આ બાબતનો પણ એક દુહો મળે છે કે,

જોગાહર જાચણ તણી ધારિયું કાન ધરીયે
કાઠી કટક કરીએ મૂળવા ટીકર મારવે .[૧૫]

આ દુહો કેશવદાસ રત્નાનીના મુખે બોલાયેલો છે. પણ એ પછી તો તરત જ મૂળુ ખાચરની તબિયત બગડી તેમનો જીવ જતો ન હતો ત્યારે તેમના પુત્રોએ તેમની આખરી ઈચ્છા પૂછી ત્યારે તેમણે કહ્યું હતું કે ''બેટા તમારો બાપ મોતથી ન બીવે પણ એક કામ બાકી રહી ગયું છે'' એમ કહી પેલી આખી વાત કરી ત્યારે તેમના પુત્રોએ પણ સોંગદ લીધા[૧૬]અને કહ્યું કે અમે આપના કારજ પછીના તેરમા દિવસે ટીકરને ધમરોળી નાંખશું. આટલુ કહેતા મૂળુ ખાચરનો જીવ ગયો. પછી મૂળુ ખાચરના કારજમાં ત્રણેય શાખાના કાઠીઓ ભેગા થયા ત્યારે કારજની રાત્રે મૂળુ ખાચરના પુત્રે પિતાની તે પ્રતિજ્ઞાની વાત જાહેર કરતા બધા જ કાઠીઓ ત્યાં ટીકર ઉપર ચડવા તૈયાર થઈ ગયા. પણ એવા વખતે એક ચારણે મૂળુ ખાચરના પુત્રને સમજાવ્યા કે ''દુનિયા દાંત કાઢશે કે વચન એકલાએ દીધુ અને વચન પુરૂ કરવા ત્રણેય પરજને લઈ ગયો.'' આથી તેમણે તે વિચાર માંડી વાળીને કારજમાંથી દરેક મહેમાનોને વિદાય આપી. પોતે જ ટીકર ઉપર ચડ્યો અને ટીકર ભાંગી પિતાની પ્રતિજ્ઞા પૂર્ણ કરી તે કેશવદાસને ઢાંકણિયા ગામ આપ્યુ હતું.

ચારણી સાહિત્યમાં એવા ઉલ્લેખો પ્રાપ્ત થાય છે કે આ મૂળુ ખાચરે ઔરંગઝેબની સેનાના સુબાના હાથીનું પૂછડું કાપી લીધુ હતું.[૧૭] આ મૂળુ ખાચરને ચાર પુત્રો હતા. (૧) રામ ખાચર (૨) સાદુળ ખાચર (૩) વાજસુર ખાચર (૪) હમીર ખાચર. મૂળુ ખાચર ઈ.સ.૧૬૭૪માં અવસાન પામ્યા. મૂળુ ખાચરે ઈ.સ.૧૬૩૫માં આણંદપુર જીત્યુ હતું, આ મૂળુ ખાચરના ઘણા બધા કવિતો રચાયા હતા.

ભાણ ખાચર ભડલી (અવસાન ઈ.સ.૧૮૩૯)

ભાણ ખાચર એ ભડલીના મોકાણી શાખાના ખાચર હતા. ભડલીનું રાજ્ય સરવૈયાઓ પાસે હતું તેની પાસેથી ઈ.સ.૧૬૩૭માં હાથી ખાચરે ચડાઈ કરી જીતી લીધું હતું. આ બાબતના બે ચાર દુહાઓ મળે છે.

સંવત સતર ચાલીસ મે કારતક માસ કહાય
કાનરાયને કાઢ્યો રાજા હાથી રાય
ઘેલાણંદ રોઝીલણો, ગઢાય ભડલી ગામ
સો માનવ સભાગિયા, રાજા હાથી રામ
એક ભડલી આવાર હિંદુ અવાંકો હાથિયો

અસૂરે વરાણ અઢાર વટલાઈ તું વેલાઉત
ભોજે બંધ ભારા તણા કાપ્યા કરમાળે
પૂળા પવાડે વેરણિયા વેલાઉત.[૧૯]

આ ભડલીમાં ભાણ ખાચર નામે પ્રખ્યાત અને હિંમતવાન પુરુષ થયા. જેણે પ્રસિદ્ધ ગાયકવાડી સરદાર બાબાજીની બકરી જે કાઠિયાવાડમાં ખંડણી લેવા સમાધાન રૂપે તેના સુબા સાથે ફરતી હતી, તેને નજરાણું પહેરાવવાને બદલે ખાઈ ગયા હતા, જોકે બકરી ખાઈ ગયાનો અર્થ રૂપકમાં વપરાયો છે,બાકીતો ભાણ ખાચર મોટા ભકત હતા. આ બાબત જ તેની શૂરવીરતા અને હિંમતની સાબિતી આપે છે. આ પછી લોકોએ આજ સુધી તે ઘટનાને યાદ રાખતો દુહો સાંચવ્યો છે.

બાબા તારી બકરી કોઈ ન જાલે કાન
ખરીયુ સોંતી ખાઈ ગયો ભડલીવાળો ભાણ

દંતા કોટીલા (ડેડાણ)

કોટીલામાં સોમેશ્વર કોટીલા, દેવા કોટીલા અને દંતા કોટીલા નામના સમર્થ પુરુષોએ જન્મ લીધો છે. દંતા કોટીલાનો જન્મ ડેડાણના મૈયા કોટીલાના ઘેર થયો હતો. મૈયા કોટીલાને ત્યાં પુત્રની ખોટ હોવાથી તેણે પોતાના આરાધ્ય દેવ શ્યામપ્રભુ પાસે આરાધના કરી અને કહ્યું કે તમે પુત્ર આપો તો અમે વંશપરંપરાગત તુલસીશ્યામ મંદિરના ચોકિયાત બની રક્ષણ કરતા રહીશું.[૧૯] લોકકથાઓ એવું કહે છે કે મૈયા કોટીલાના ભાગ્યમાં સંતાન સુખ લખાયુ નહોતું ત્યારે શ્યામપ્રભુના શ્રધ્ધાબળને ટકાવી રાખેલા તુલસીશ્યામના મહંત કે જે દૂધાધારી સંત હરિદાસજી હતા,જેમણે શ્યામપ્રભુ પાસે હઠ પકડી અને દૂધનો પણ ત્યાગ કરી પોતાનું હાડ ગાળી નાંખી મૈયા કોટીલાને ઘેર જન્મ લીધો હતો. આ સંત હરિદાસજીએ મૈયા કોટીલાને તેનું દુઃખ ભાંગવાનું કહ્યું હતું. ત્યારે તેમણે એમ પણ કહ્યું કે તારે ત્યાં જમાણા જડબામાં દાંત લઈને પુત્ર જન્મે તો માનજો કે તે શ્યામપ્રભુનો દીકરો છે. એ પછી ખરેખર નવ મહિના અને નવ દિવસે મૈયા કોટીલાને ઘેર એ મુજબ બાળક જનમ્યુ તેનું નામ દાંત લઈને જન્મેલ હોવાથી દંતો રાખવામાં આવ્યું હતું.

દંતા કોટીલા ખૂબ જ શૂરવીર અને સૌરાષ્ટ્રના ખ્યાતનામ પાંચમા પૂછવા લાયક શાસક હતા. જંજીરાના સીદી રાજાઓને પણ તેણે હંફાવ્યા હતા. આ સિવાય દંતા કોટીલાનો ભાવનગર અને જૂનાગઢ રાજ્ય સાથે સારો એવો સંબંધ જળવાઈ રહ્યો હતો. જ્યારે જોગીદાસ ખુમાણના બહારવટા બાબતે ફેલફિતુર જામીનગીરી લેવામાં આવી તેમાં કાઠિયાવાડના ચાર-પ્રતિષ્ઠિત તાલુકદારો હતા. તેમાં એક દંતા કોટીલાનું નામ પણ હતું. દંતા કોટીલાનું વંશવૃક્ષ નીચે મુજબનું બતાવી શકાય.[૨૦](૧) મૈયા કોટીલા (૨) દંતા કોટીલા (૩) જૈતમાલ કોટીલા (૪) ઉન્નડ કોટીલા (૫) ભીમ કોટીલા (૬) ભાણ કોટીલા.

આજે ડેડાણમાં આ મૈયા કોટીલાની છઠ્ઠી સાતમી પેઢી વસી રહી છે. દંતા કોટીલાનો સમય ચોક્કસ પ્રાપ્ત થતો નથી. પરંતુ તેનો અંદાજ બાંધીએ તો તેનો સમય ઈ.સ.૧૭૭૫ થી ૧૮૩૦ આસપાસ સુધીનો ગણાવી શકાય.

દાદા ખાચર ગઢડા (ઈ.સ.૧૮૦૧ થી ૧૮૫૩)

સ્વામિનારાયણ સંપ્રદાયમાં દાદા ખાચરનું નામ સુવર્ણાક્ષરે કોતરવામાં આવ્યું છે કે જે દાદા ખાચરે સહજાનંદ સ્વામીને પોતાનો આખો દરબારગઢ અર્પણ કરી દીધો હતો. એ દાદા ખાચર ગઢડાના દરબાર એભલ ખાચરના પુત્ર હતા. જેના વંશ વારસોની આજે પણ ગઢડામાં નાની ડેલી નામે વિસ્તાર ઓળખાય છે.

એભલ ખાચરને બે રાણીઓ હતા. સોનબાઈ અને સુરબાઈ. જેમાં સોનબાઈની કુખેથી સંવત ૧૮૫૭ પોષ વદ-૬ના રોજ દાદા ખાચરનો જન્મ[૨૧] થયો હતો. દાદા ખાચરના પિતા એભલ ખાચરનું અવસાન થયુ ત્યારે દાદા ખાચર નાની વયના હોવાથી સહજાનંદ સ્વામીએ જ દાદા ખાચરની બધી જવાબદારી પોતા માથે લીધી હતી, તેમને ધૂળિયા નિશાળે બેસાડવાને બદલે ભાણજી પંડ્યાને દાદા ખાચરને ભણાવવા માટે ગઢમાં રાખ્યા હતા. આ સિવાય સહજાનંદ સ્વામીએ દાદા ખાચરના શિક્ષણ માટે વઢવાણના હરિભક્ત બેચર વિપ્રને પણ રાખ્યો હતો. સુરતના નરોતમ નામે કાયસ્થે દાદા ખાચરને ખતપત્રની રીતો ભણાવી હતી.[૨૨]

દાદા ખાચરને ચાર બહેનો હતા. (૧) જીવુબા ઉર્ફે મોટીબા (૨) લાડુબા (૩) પાંચુબા (૪) નાનબા. દાદા ખાચરનું નાનપણ ખૂબ જ પ્રતિભા સંપન્ન રીતે વિત્યુ હતું. દાદા ખાચર અને સહજાનંદ સ્વામી એકબીજા ઉપર ખૂબ જ પ્રિતિ હતી. દાદા ખાચરના બાબરિયાવાડમાં વરૂ કુટુંબમાં નાગપાળ વરૂના પુત્રી જસુબા સાથે ભટવદર (તા. જાફરાબાદ)ગામે લગ્ન થયા ત્યારે તેમનો રથ ખુદ સહજાનંદ સ્વામીએ ચલાવ્યો હતો. એવી જ રીતનો એક પ્રસંગ એવો જાણવા મળે છે કે એક વખત સહજાનંદ સ્વામીએ દાદા ખાચરને અંદરથી બોલાવતા તેઓ બહાર દાઢી કરાવતા હતા ત્યારે અડધી દાઢી મૂકાવી તરત જ સ્વામીની સામે હાજર થયા હતા, એટલો તેમને સ્વામીના વચનમાં વિશ્વાસ હતો.

દાદા ખાચર સ્વભાવે ખૂબ જ સરળ, નમ્ર અને વિવેકી હતા અને તેમણે પોતે જ્યારે ૨૯ વર્ષના થયા ત્યાં સુધી સહજાનંદ સ્વામીની ભર યુવાન વયે ભક્તિ કરી હતી. દાદા ખાચરનો સ્વામિનારાયણ સંપ્રદાય ટકાવી રાખવામાં અને તેનો બહોળો ફેલાવો કરી સંવર્ધનમાં અમૂલ્ય ફાળો હતો, કારણ કે દાદા ખાચરનો ત્યાગ જોઈ અન્ય કાઠીઓ પણ સંપ્રદાય તરફ આકર્ષાયા હતા.

દાદા ખાચર અને કાઠીઓએ સ્વામિનારાયણ સંપ્રદાય વિકસાવવામાં ખૂબ જ અગત્યનો ભાગ ભજવ્યો હતો અને સહજાનંદ સ્વામી સાથે લગભગ ૨૦૦ ઘોડેસવારો બંદૂક અને તલવારથી સજ્જ રહેતા હતા. [૨૩] જ્યારે આણંદમાં સહજાનંદ સ્વામી ઉપર પથ્થરમારો થયો ત્યારે પણ દાદા ખાચર ભેગા હતા અને તેમણે ક્રોધે ભરાઈ બરછી કાઢી અને કુસંગીઓને મારવા જાત પણ સહજાનંદ સ્વામીએ અટકાવ્યા હતા.

દાદા ખાચરનું મૂળ નામ ઉન્નડ ખાચર હતું. [૨૪] પણ તેને લાડમાં તેમના પિતા દાદો કહીને બોલાવતા હતા, તેથી દાદા ખાચર નામે પ્રખ્યાત થયા છે. દાદા ખાચર વિશે સહજાનંદ સ્વામી એમ કહેતા કે ''મારો દાદો અને હું દાદાનો'' એવો એકબીજા વચ્ચે ભાવ હતો. સહજાનંદ સ્વામીના કહેવાથી જ દાદા ખાચરે જરા પણ અચકાયા વિના પોતાનો તમામ ગરાસ તેમના બહેનોને લખી આપ્યો હતો. ટૂંકમાં દાદા ખાચર સર્વાંગ સંપૂર્ણ રીતે સહજાનંદ સ્વામીને સમર્પિત રહ્યા હતા અને તેમના બે બહેનોએ પણ સ્વામિનારાયણ ધર્મ અપનાવ્યો હતો.

દાદા ખાચરને બે રાણીઓ હતા. પ્રથમ રાણી કુંવરબાઈથી કોઈ સંતાન ન થતા તેમને બીજીવાર જશુબા સાથે પરણ્યા હતા. દાદા ખાચરના બીજા લગ્ન સંવત ૧૮૮૧ મહાવદ-૧૦ને દિવસે થયા હતા. જ્યારે મંદિરમાં સહજાનંદ સ્વામીએ મૂર્તિઓ સ્થાપી પછી તેમણે કહ્યું કે ''દાદા ખાચર ભગવાનના થાળ માટે હજુ કશુંક જોઈશે ત્યારે દાદા ખાચરે કહ્યું કે આપ કહો તેટલી જમીન આપું તેથી સહજાનંદ સ્વામીએ જે જમીન બતાવી તે ૨૦૦ વિઘા જેટલી જમીન મંદિરને કૃષ્ણાર્પણ કરી આપી હતી. દાદા ખાચરને બે પુત્રો હતા (૧) બાવા ખાચર અને (૨) અમરા ખાચર અને એક દીકરી હતા.

સહજાનંદ સ્વામી તા.૧-૬-૧૮૩૦ના રોજ (સંવત ૧૮૮૬ જેઠ સુદ-૧૦) અવસાન પામ્યા[૨૫] તે પછી ૨૩ વર્ષે ઈ.સ.૧૮૫૩માં દાદા ખાચરનું અવસાન થયુ હતું. પણ દાદા ખાચરે સ્વામિનારાયણ સંપ્રદાયને ફેલાવવામાં પાયાનું કામ કર્યુ હતું અને એ કામ કરતા કરતા પોતાના જ જ્ઞાતિજનોનો રોષનો પણ ભોગ બન્યા હતા. ક્યારેક તેમને હેરાન પરેશાન કરવા કે ભૂંડા લગાડવા જુદા જુદા કાવતરાઓ કરવામાં આવતા હતા. ટૂંકમાં એટલુ કહી શકાય કે દાદા ખાચરની ભક્તિ અને નિષ્ઠા એવી દ્રઢ અને અસ્ખલિત હતી કે સ્વામિનારાયણ સંપ્રદાયમાં તેમનું નામ, દરબારગઢ અને કુટુંબનો ઈતિહાસ સુવર્ણાક્ષરે કોતરવામાં આવ્યો છે.

આજે પણ ગઢડાનું સ્વામિનારાયણ મંદિર દાદા ખાચરે અર્પણ કરેલ વિશાળ સંપતિ ભોગવી રહ્યું છે. ટૂંકમાં ગઢડાને તીર્થનું સ્થાન અપાવવામાં દાદા ખાચરની ભક્તિ અને ત્યાગ ભળ્યો હતો. આજે પણ મંદિરમાંથી ભગવાનને ધરેલા થાળની પ્રસાદી દાદા ખાચરના વંશજોને ઘેર પ્રસાદીરૂપે પહોંચાડવામાં આવે છે.[૨૬]

જીવુબા ઉર્ફે મોટીબા -ગઢડા

જીવુબા એ એભલ ખાચરના દીકરી હતા. તેમનો જન્મ ઈ.સ.૧૭૮૫માં થયો હતો. એભલ ખાચરને ત્યાં કોઈ સંતાનો જીવતા ન હતા, ત્યારે આ બાળકી જીવી ગઈ એટલે તેનું નામ જીવુબા રાખવામાં આવ્યુ હતું. વળી પોતે ભાઈઓ-બહેનોમાં

મોટા હોવાથી ક્યારેક તેમને મોટીબા પણ કહેતા હતા.

જીવુબાનો નાનપણથી ભક્તિમાં જીવ હતો અને પ્રભુમય વિચારોમાં રચ્યાપચ્યા રહેતા હતા, જ્યારે તેમના લગ્નની વાત પિતાએ મૂકી ત્યારે તેમણે કહ્યું કે ''બાપુ હું તો હરિને વરી છું તો મારે લગ્ન કરવા નથી'' પણ તેમ છતાં તેમના પિતાએ તેમના લગ્ન કુંડળના હાથીભાઈ અમરાભાઈ પટગીરની સાથે કરી દીધા. પણ જીવુબાના ખોળિયામાં તો ભક્તિનો જ સૂર વહેતો હતો. તેથી તેઓનો સાસરિયામાં જીવ ચોટતો નહીં ત્યારે તેમના ફુઈ (સાસુ)એ તેમનું આ વર્તન જોઈ તેમની ઈચ્છા જાણી લીધી અને તેમણે હાથીયા પટગીરને સમજાવી તેમને ભક્તિ માટે મૂક્ત કરી દીધા.

સંવત ૧૯૧૬ જેઠ સુદ-૬ (ઈ.સ.૧૮૬૦)ના રોજ તેઓ અવસાન પામ્યા.[૨૭] જીવુબા અને લાડુબાએ સ્વામિનારાયણ સંપ્રદાયને સ્ત્રી સમાજમાં ફેલાવવા માટે જબરૂ યોગદાન આપ્યુ હતું અને તેમણે સહજાનંદ સ્વામીના અવસાન પછી સતત ૩૦ વર્ષ સુધી સ્વામિનારાયણ ધર્મના ફેલાવા માટે અનન્ય પ્રયત્નો કર્યા હતા. જેના હિસાબે તે પછી ઘણી બધી સ્ત્રીઓ સત્સંગી બની હતી. જ્યારે આજે તો દરેક સ્વામિનારાયણ મંદિરોમાં રીતસર સ્ત્રી સાધુઓનો વર્ગ ઉભો થયો છે અને સ્ત્રીઓના અલગ મંદિરો પણ બન્યા છે. આ સ્ત્રીઓમાં ભક્તિની પ્રથમ ઈંટ રોપનાર આ બંને બહેનો હતા એમ ગણાવી શકાય.

આજે ગઢડામાં લક્ષ્મીવાડી નામની જે જગ્યા છે ત્યાં મોટીબા (જીવુબા)નું સમાધિસ્થાન આવેલું છે અને લોકો તેને મોટીબાના ઓટા તરીકે ઓળખીને પૂજે છે.

લાડુબા- ગઢડા

લાડુબા એ એભલ ખાચરના પુત્રી હતા અને દાદા ખાચરના બહેન હતા,તેમને બોટાદના ખોડા ધાધલ સાથે પરણાવ્યા હતા. જીવુબા અને લાડુબા બંને બહેનો સહજાનંદ સ્વામીની સેવા કરતા હતા અને ઉત્સવો ઉજવવામાં ભાગ લેતા હતા. જ્યારે એવો રૂઢિચુસ્ત કાળ હતો કે સ્ત્રીઓ આ રીતે કોઈ પણ પ્રસંગોમાં ભાગ લે તે ટીકાપાત્ર ગણાતું હતું, તેમ છતાં બંને બહેનોએ આ રૂઢિચુસ્ત સમાજથી ઉપર જઈ સહજાનંદ સ્વામીની સેવા કરી હતી.

એક વખત સહજાનંદ સ્વામીએ લાડુદાનજી ઉર્ફે બ્રહ્માનંદ સ્વામીને કહ્યું કે જીવુબા અને લાડુબા સંસારી હોવા છતાં ત્યાગીના નિયમો પાળે છે. તો તેને ગૃહસ્થાશ્રમમાં પાછા વળવા સમજાવો આથી લાડુદાનજી તેમને સમજાવવા તો ગયા પણ તેમણે જે ગૃહસ્થાશ્રમ વિશે જેવાત કરી તેના કરતા વધુ સચોટ રજૂઆત આ બંને બહેનોએ કરતા લાડુદાનજી જ ખુદ ત્યારે જ ગૃહસ્થાશ્રમ ત્યાગી સાધુ બની ગયા. આવુ બુદ્ધિચાતુર્ય અને વાકપટુતા આ બહેનોમાં હતી કે જે તેમને ગૃહસ્થાશ્રમી બનવાનો ઉપદેશ આપનાર જ ખુદ બદલાઈ ગયા !!

સહજાનંદ સ્વામીએ જ પછી તો આ બંને બહેનોને સ્ત્રીઓના ગુરૂપદે સ્થાપ્યા હતા. આ બંને બહેનોએ પૂજેલા લાલજીની મૂર્તિઓ આજે પણ મંદિરમાં વિદ્યમાન છે અને તેમની સાથે જોડાયેલી ચમત્કારિક વાતો સંપ્રદાયના સાહિત્યમાં જોવા મળે છે.

લાડુબા અને જીવુબા સિવાય પણ અન્ય કાઠી સ્ત્રીઓનું નામ અને કામ સ્વામિનારાયણ સંપ્રદાયમાં આદરપાત્ર અને અગત્યનું હતું, ગઢડાના જીવા ખાચરના દીકરી અમરબાઈ અને તેમના માસિયાઈ બહેન રાજબા, કરિયાણાના મીણબા. આમા જીવુબા અને લાડુબાનું નામ સંપ્રદાયમાં ખૂબ જ મોટું અને સાંખ્યયોગી અને કર્મયોગી સ્ત્રીઓમાં ગુરૂભાવથી જોવાતું હતું. આ દરેક કાઠી સ્ત્રીઓ ધ્યાન પણ કરી શકતી હતી અને બીજાને શીખવતા પણ હતા.

રાજમાતા કમરીબાઈ ખાચર -જસદણ

કમરીબાઈ એ કાઠી જ્ઞાતિના રાજ્યના સૌપ્રથમ સંરક્ષિકા હોવાનું માન મેળવે છે. તેઓ મેંદરડા ગામના ધાધલ કુટુંબના દીકરી હતા. તેઓએ ઠીક-ઠીક શિક્ષણ મેળવ્યુ હતું. પોતે ખૂબ જ બુદ્ધિશાળી, દુરંદેશી વિચારોવાળા અને દયાળુ શાસિકા હતા. જેમણે જસદણ રાજ્યના સંરક્ષિકા તરીકે ચાર વર્ષ સફળતાપૂર્વક અને નમૂનેદાર શાસન ચલાવ્યું પોતે રૂઢિચુસ્ત કાઠી જ્ઞાતિમાં વસતા હોવા છતાં કાઠી જ્ઞાતિની પરંપરાગત માન્યતાને તોડી તેમના પુત્રી બાઈસાહેબબાને ભાવનગર ભણવા મોકલી કાઠી જ્ઞાતિમાં સ્ત્રી શિક્ષણનું મહત્ત્વ સમજાવ્યું હતું. પોતે એક આદર્શ માતા હતા અને તેમણે તેમના બાળ પુત્ર આલા ખાચર બીજાને રાજગાદી સોંપતી વખતે જે અનેરો બોધ આપતું ભાષણ કર્યુ હતું, તેમાંથી તેમના ઉચ્ચ વિચારો અને માતૃહૃદયની

તથા પોતાની પ્રજા પરનો પ્રેમ ટપકી પડતો દેખાય છે. તેઓના નામને અમર રાખતા બે ચાર સ્મારકો આજે ઉભા છે.

કમરીબાઈએ ચાર વર્ષ રાજ્યના સંરક્ષિકા તરીકે કામ કરી તેમણે રાજ્યમાં મહત્ત્વના સુધારાઓ કર્યા હતા અને જસદણમાં તેમના પતિની યાદગીરીમાં વાજસુરપરા અને વાજસુરેશ્વર નામનું મંદિર બંધાવ્યુ અને કાઠી જ્ઞાતિના જસદણના છોકરા-છોકરીઓ માટે પ્રાથમિક શિક્ષણ ફરજિયાત કર્યુ હતું.[૨૮] આ કમરીબાઈ જેઓ આનંદ વિલાસ સામેના જૂના દરબારગઢમાં ઝનાના વિભાગમાં રહેતા તેમાં તેણે કાઠીમાંડનો ઓરડો કરાવ્યો હતો, તે આજે જેમનો તેમ છે અને અસંખ્ય રાચરચિલુ તેમાં છે, તેમાં ચાંદીની ખાટ અને બે ચાંદીના ઢોલિયા છે. આ સિવાય શાખતોરણ, બગચીઓ, વિંઝણાઓ, ઝુમ્મરો, પછીતપાટી, ટોડલિયા વગેરે વગેરે મોતી કામના અલભ્ય નમૂનાઓ છે. કમરીબાઈનો આ ઓરડો આજે સમગ્ર કાઠી જ્ઞાતિમાં કાઠીમાંડમાં નમૂનેદાર અને જગવિખ્યાત ગણાય છે.

દ.શ્રી.વાજસુરવાળા વાલેરાવાળા - હડાળા-બગસરા



દ. શ્રી વાજસુરવાળા સાહેબ - હડાળા, બગસરા.

વાજસુરવાળા એ હડાળા-બગસરા એસ્ટેટના તાલુકદાર હતા અને તેઓ મેઘાણીના માર્ગદર્શક અને મુર્શિદ ગણાયા હતા. તેમનો જન્મ તા.૩૦-૧-૧૮૭૩ના રોજ થયો હતો.[૨૯] તેઓ તા.૨૧-૭-૧૮૯૩ના રોજ ગાદીએ બેઠા હતા. તેઓને બે રાણીઓ હતા. (૧) સજુબાઈ મૂળુભાઈ ધાધલ-મેંદરડા (૨) જસુબાઈ સાતાભાઈ શેખવા.[૩૦]

વાજસુરવાળાએ રાજકોટની રાજકુમાર કોલેજમાં શિક્ષણ મેળવ્યું હતું,તેઓએ રાજકુમાર કોલેજમાં તા.૫-૬-૧૮૮૦ તા.૧૧-૯-૧૮૯૧ સુધી રાજકુમાર કોલેજમાં અભ્યાસ કર્યો હતો. તેઓ રાજકુમાર કોલેજના અભ્યાસકાળથી જ કલાપીના ખાસ મિત્ર હતા. વાજસુરવાળા, કલાપી અને વડિયા બાવાવાળા એમ ત્રણેય ની ત્રિપુટી ખાસ ઓળખાતી હતી. વાજસુરવાળા રાજકુમાર કોલેજના પ્રથમ કાઠી હેડબોય નિમાયા હતા. વાજસુરવાળા પ્રથમ વર્ગ ભોગવતા પોરબંદર રાજ્યમાં સિનિયર વહીવટદારનો હોદો ભોગવ્યો હતો.[૩૧]તેમણે પોરબંદરના રાજ્યમાં આ હોદે ઈ.સ.૧૯૧૦ના દુષ્કાળ વખતે રાહત યોજના કરી મુંબઈ ખાતે મોટું ભંડોળ એકઠું કર્યુ હતું. તેઓ તા.૧૩-૧-૧૯૧૦ થી તા.૨૬-૭-૧૯૧૫ સુધી પોરબંદરના વહીવટદાર[૩૨] રહ્યા હતા. આ હોદો મોટે ભાગે યુરોપિયનો સિવાય હિંદીઓને ભાગ્યે જ અપાતો હતો.[૩૩]

વાજસુરવાળા ગાંધીવાદી વિચારો તરફ ઈ.સ.૧૯૨૫ આસપાસ ઢળ્યા હતા. તા.૭-૪-૧૯૨૫ના[૩૪] રોજ ગાંધીજી તેઓના અનુયાયીઓ સાથે વાજસુરવાળાની મોટરમાં જ બગસરા આવ્યા હતા અને તેમનો ઉતારો દરબારગઢમાં રાખવામાં આવ્યો હતો.[૩૫]

વાજસુરવાળા ઈતિહાસ, સાહિત્ય, લોકસાહિત્ય અને તત્વજ્ઞાનના સારા એવા ઉંડા અભ્યાસી હતા, તેમને ઝવેરચંદ મેઘાણી જેવા સમર્થ સાહિત્યકારે ૭૦ વર્ષના સૌરાષ્ટ્રનું અવલોકન કરી પુસ્તક લખવા જણાવ્યું હતું કે જો આપ એ પુસ્તક



દ. શ્રી વાજસુરવાળા સાહેબના રાણી મા સજુબાઇ

લખો તો આપના ખોળિયામાં એ ૭૦ વર્ષના સૌરાષ્ટ્રનો આંખે દેખ્યો અહેવાલ ભરેલો છે. તે પુસ્તક એ સમયનું બેસ્ટ સેલર થઇ શકે તેમ હતું. પરંતુ વાજસુરવાળા લખવાના થોડા આળસુ હતા. પણ જ્યારે તેમને મેઘાણી જેવા કલમવાળા મળે ત્યારે તેમની પાસે પોતાનો એ જ્ઞાનભંડાર ઠાલવતા હતા. વાજસુરવાળાએ ભલે કદાચ કોઇ સ્વતંત્ર પુસ્તક ન લખ્યું પણ મેઘાણીને ઘણી બધી મદદ કરી હતી અને વાર્તાઓના વિચાર બીજ અને વિગતો આપી હતી.

જ્યારે મેઘાણીભાઇએ જ જે વાજસુરવાળાની પ્રશંસા કરી હતી તે તેમના જ શબ્દોમાં જોઇએ તો ''ભિન્ન ભિન્ન જાતના સાહિત્યના સંસ્કાર પડ્યા અને ભિતરની ભોંયમાં જૂના રસના ઝરણા વહ્યા હશે તેની જાણ પણ ક્યાં હતી ? એ પ્રવાહોને કળનારો પાણીકળો ઇ.સ.૧૯૨૨માં ભેટ્યો. મારા એ વૃદ્ધ વડીલ મિત્ર કથા વાર્તાના કોઠાર ગઢવી સામતભાઇને યાદ કરી મને પોતાની શાંત શૈલીએ માંગડા ભૂતની, ચાંપરાજવાળાની એવી કંઇક કંઇક વાર્તાઓ કહે, દુહાઓ ટાંકતા જાય, વિસરાયેલી કોઇ પંક્તિમાં કોઇ સારૂ જીર્ણસ્મૃતિમાં ગીત ગઝલો શોધવા લાગે, એક-એક દુહા ઉપર એની રચના અને કલ્પના ક્યાંય લગી વળુંભી રહે ? એ મારા વૃદ્ધ વડીલ મિત્રને હડાળા દરબારશ્રી વાજસુરવાળા પાસે જઇ આઠેક દિવસ નિરાંતે બેસુ તો સોરઠ તારા વહેતા પાણીનો નવો ખેડ કરવા જેટલી રોમાંચક અને ભેદી બહુરંગી સામગ્રી ઝંઝેડી શકું. એ વતનને અર્વાચીનતાના આરે બેઠેલા વાજસુરબાપુ જૂના સોરઠની આસમાનીઓમાં પણ ખૂબ આળોટ્યા છે. આપવીતી અને પરવીતીથી ભરેલી પોણી સદી એમના કોઠામાં ભરેલી પડી છે.'' ખુદ મેઘાણીએ જ વાજસુરવાળાને સોરઠી સાહિત્યના દાતા માન્યા હતા.[૩૬]

વાજસુરવાળાએ પોતાના જ્ઞાતિમાં સમાજ સુધારક તરીકે નામ પ્રાપ્ત કર્યુ હતું. પોતે કાઠી જ્ઞાતિમાં સામાજિક ક્ષેત્રે સુધારાઓ કરવા માટે કાઠી જ્ઞાતિની સૌપ્રથમ ગણી શકાય તેવી કોન્ફરન્સ ઇ.સ.૧૯૧૧માં ગાયકવાડના પ્રમુખપદે ભરી હતી અને તેમાણે આધુનિક કાળને સ્પર્શે તેવા ધારાધોરણો બાંધી તેનો આખો અહેવાલ તૈયાર કરીને પુસ્તક રૂપે પ્રગટ કરાવ્યો હતો. વાજસુરવાળા કાઠી જ્ઞાતિમાં જ્યાં જ્યાં સંમેલનો થતા, મેળાવડા થતા ત્યાં જતા હતા અને કાઠી કાઉન્સિલના સભ્ય પણ હતા. તેઓ સ્પષ્ટ વક્તા હતા તેનો એક દાખલો જાણવા મળે છે. તા.૭-૬-૧૯૩૧ના રોજ ભમોદ્રા મુકામે મળેલી કાઠી કાઉન્સિલની મીટીંગમાં તેમણે ખુમાણ દરબારોને ઠપકો આપ્યો કે કુંડલા મીટીંગમાં ફંડ ઉઘરાવી દેવા જેમણે માથે લીધુ હતું તેમણે કશું કર્યુ નથી, જો આપણે ફંડ ન આપવું હોય તો કાઠી કાઉન્સિલ બંધ કરવામાં જ ફાયદો છે. આમ સ્પષ્ટ કહી જેણે કામ ન કર્યુ હોય કે પુરા સમાજ, જ્ઞાતિ વિરૂધ્ધ વર્ત્યા હોય તો તે જાહેરમાં ઠપકો આપી શકતા હતા.[૩૭]

પોતે એક તાલુકદાર દરજ્જાના વ્યક્તિ અને ખાસ દીવાન કક્ષાનો હોદો ધરાવતા હોવા છતાં નાના માણસોનું પણ ખાસ ધ્યાન રાખનારા અને ચિંતા કરનારા હતા. તેમણે તા.૮-૪-૧૯૩૫ના રોજ શ્રીકૃષ્ણ વિજય સુખશાંતિ ભોજનગૃહ વડિયામાં ખુલ્લુ મુકવાની ક્રિયા કરતી વખતે કહ્યું કે ''જ્યારે આપણા જ્ઞાતિભાઇઓ નોકરી માટે અહીં તહીં ગોથા ખાઇ છે તેના કરતા

આવો અગર તો બીજો ધંધો કરે તેમ ઇચ્છું છું.'' કાઠીઓ આ નાના મોટા ધંધા કરે અને પગભર રહે તેમ તેઓ ઇચ્છતા હતા.

પોતે સાહિત્યના શોખીન, વિદ્વાન અને ભણેલા ગણેલા હોવાથી યુવાનોને પ્રોત્સાહન આપતા હતા. જ્યારે બગસરાના સ્કાઉટના યુવકોએ ''ચેતન'' નામનું હસ્તલિખિત માસિક બહાર પાડ્યું તે વાંચીને યુવકોને પ્રોત્સાહન આપતો અને બિરદાવતો પત્ર લખ્યો હતો.[૩૮]

કલાપી અને વાજસુરવાળા વચ્ચે એવી ગાઢ મૈત્રી હતી કે જ્યારે જ્યારે કલાપીને કોઇ સલાહની જરૂર પડે ત્યારે તેઓ વાજસુરવાળાને લાઠી તેડાવી સલાહ લેતા હતા. કલાપીએ વાજસુરવાળાની ગાઢ મૈત્રીની યાદગીરીમાં વાજસુરવાળાના ગામ હડાળામાં વ્રજસુરેશ્વર મંદિર છપ્પનિયા દુષ્કાળ વખતે ઇ.સ.૧૯૦૦માં બંધાવી આપ્યું હતું.[૩૯] સંવત ૧૯૫૩ ભાદરવા સુદ-૩ ને સોમવારે (તા.૩૦-૮-૧૮૯૭) વાજસુરવાળા અને કલાપીના મૈત્રીના સ્મરણમાં એ મંદિરનું ખાતમુહૂર્ત કુ.શ્રી અમરાવાળાના હસ્તે કરવામાં આવ્યું હતું.[૪૦] પછી કલાપી અને વાજસુરવાળાના સાનિધ્યમાં વિક્રમ સંવત ૧૯૫૬ ફાગળ સુદ-૭ને બુધવારે તે મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા કરવામાં આવી, આ મંદિર પાછળ રૂા.૨૧,૯૫૯-૧૦ નો ખર્ચ કરવામાં આવ્યો હતો.

આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત થિયોસોફિકલ સોસાયટીને વાજસુરવાળા છેક સોરઠના હડાળા ગામ સુધી દોરી લાવ્યા હતા. જ્યારે ઇ.સ.૧૮૭૫માં ન્યુયોર્કમાં થિયોસોફિકલ સોસાયટીની સ્થાપના થઇ હતી તેનું જે મુખપત્ર થિયોસોફિસ્ટ નીકળતું તે વાજસુરવાળા વાંચતા હતા. તેથી ધીરે ધીરે તેઓ પણ થિયોસોફિસ્ટના રંગે રંગાયા હતા. એ પછી તો તેમણે ઇ.સ.૧૯૦૨માં એનીબેસન્ટને પણ હડાળા બોલાવ્યા હતા.[૪૧] પછી તેમણે વાજસુરવાળાને હડાળામાં થિયોસોફિકલ લોજ શરૂ કરવાનું જણાવ્યું હતું. તેથી પછી તેમણે હડાળામાં થિયોસોફિકલ લોજની શરૂઆત પણ કરી અને હડાળામાં ઇ.સ.૧૯૧૬ થી ૧૯૪૬ સુધી એક ધારા ૩૧ વર્ષ થિયોસોફીના વર્ગો પણ ચાલ્યા હતા.[૪૨] આ વર્ગો દરમ્યાન હડાળાના મહેમાન રાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત થતા હતા જેવા કે બ્રુક્સ, પ્રિન્સિપાલ જેમ્સ સ્કોટ, પ્રિન્સિપાલ ઉનવાળા. જ્યારે પોતે પોરબંદરમાં એડમિનીસ્ટ્રેટર હતા ત્યારે ત્યાં પણ તેમણે થિયોસોફી લોજ શરૂ કરાવી હતી. પોરબંદરમાં તેઓ યુગાન્ડા રોડ ઉપરના બંગલામાં રહેતા હતા અને લોકો તેને કાઠી સાહેબ ના બંગલા તરીકે ઓળખતા હતા આ બંગલા જેવો જ બંગલો પછી દીવાન વીરાવાળાએ નટવરનગરમાં બનાવ્યો હતો.

પોતે મેઘાણીના માર્ગદર્શક, પ્રશંસક અને મુર્શિદ હોવા છતાં પોતે મેઘાણીના અમુક વિચારો કે લખાણો સાથે સહમત ન હોવાનો નિખાલસ એકરાર પણ તેમણે કર્યો હતો. જ્યારે ફૂલછાબે મેઘાણીને સ્મરણાંજલી આપતા લેખો પ્રગટ કર્યા તેમાં એક લેખ વાજસુરવાળાએ પણ લખ્યો હતો.


વાજસુરવાળાની કૌટુંબિક વિગતો જોઇએ તો તેમને ચાર પુત્રો હતા. (૧) અમરાવાળા જન્મ ઇ.સ.૧૮૯૫ (૨) રાણીંગવાળા જન્મ ઇ.સ.૧૯૦૫ (૩) મેરામવાળા જન્મ ઇ.સ.૧૯૦૯ (૪) માણસુરવાળા જન્મ ઇ.સ.૧૯૧૫.[૪૩]

હવે આપણે છેલ્લે વાજસુરવાળાનું કવિશ્રી મેકરણભાઇ ગગુભાઇ લીલાએ આલેખેલ શબ્દચિત્ર જોઇએ.[૪૪] જે શબ્દચિત્ર તેમણે વડિયામાં યોજાયેલ સમારંભમાં દોર્યુ હતું ''એક કદાવર આદમી ઉભા થયા, પાંચ હાથ પુરા, સફેદ પોશાક પહેરેલ, મુખ ઉપર ઓજસ તરવરતું હતું, લાલ ચણોઠી જેવો દેહ, વશીકરણ મંત્ર જેવી બંને આંખો, મહાન વિચક્ષણ પુરૂષ, વિવેકતાનો ભંડાર અને કાઠિયાવાડના જૂનવટનો નમૂનો, ભાલનો ચિત્તો જેમ ઉભો થાય એટલા ઝડપથી ઉભા થયા, મોઢા ઉપર સફેદ રૂની પુણી જેવી મુછો ફરકતી હતી.'' વાજસુરવાળાના આ શબ્દચિત્ર ઉપરથી આપણે તેમનો પુરેપુરો પરિચય કરી શકીએ છીએ.

તેઓ સાહિત્યકારો, કલાકારોના આશ્રયદાતા હતા અને પોતે પણ સંગીતના સારા એવા જાણકાર હતા. તેઓ હંમેશા સાદુ, મરચા વગરનું નિયમિત સમયે ભોજન લેતા હતા. તેઓ સારૂ એવું વૈદકશાસ્ત્ર જાણતા હોવાથી વૈદુ પણ કરી શકતા હતા. તેઓ સ્વદેશીના ચાહક હતા. વાજસુરવાળાના સંસ્મરણો ઇ.સ.૧૯૪૭-૪૮માં જીવન પ્રકાશ અને સંસ્કૃતિમાં ઇ.સ.૧૯૫૩ના અંક નામના સામયિકોમાં પ્રગટ થયા હતા. જેમાંથી કલાપી વિશે ઘણુ બધુ જાણવા મળે છે.

વાજસુરવાળા લાંબુ આયુષ્ય ભોગવી સોરઠી સાહિત્યની અને સમાજ અને કાઠી જ્ઞાતિની સેવા કરી ઈ.સ.૧૯૫૩માં અવસાન પામ્યા.[૫૫]

દ.શ્રી અમરાવાળા ભાણવાળાસાહેબ-વાઘણિયા (૧૯-૧-૧૯૧૯ થી ૧૯- ૧- ૧૯૪૮)



દ. શ્રી અમરાવાળા ભાણવાળા સાહેબ - વાઘણિયા

વાઘણિયા-બરવાળાના દરબારશ્રી અમરાવાળા ભાણવાળાનું બાળપણ દરેકને વિસ્મય પમાડે તેવુ હતું,તેઓએ રાજકોટની રાજકુમાર કોલેજમાં શિક્ષણ મેળવ્યુ અને દીવાન ગોસલિયાની પાસે રહીને વહીવટ ચલાવવાની તાલીમ મેળવી હતી. જગત પ્રવાસી કાળુભાઈ બસિયાએ તેઓને 'છોટે શિવાજી' ની ઉપમા આપી હતી અને તે ઉપમાને કાઠિયાવાડના કદરદાન લોકો અને ખેડૂતોએ સ્વીકારી હતી. અમરાવાળા બુધ્ધિ,બળ અને મનુષ્ય પરીક્ષામાં અવ્વલ નંબરે આવે તેવા હતા,તેઓ લોકોના રક્ષણ માટે જીવના જોખમે પણ કોઈપણ કાર્ય હાથમાં લેતા હતા.

એક વખત તેઓ પોરબંદર-ગોંડલ-જૂનાગઢના ગામો ભાંગનાર બહારવટિયાની પાછળ પોતાનું ગામ ભંગાયુ હોય તે રીતે તેમની પાછળ પડયા હતા કુંકાવાવ તો જીવના જોખમે ગયા ઈશ્વરે જ તેમને ત્યાં બચાવ્યા હતા.પોતે શિવના ગણ જેવા હતા એ મોટેભાગે દાઢી રાખતા હતા,તેમને શિવભકિતમાં અનેરી શ્રધ્ધા હતી. તેઓને કોઈ સામે મળેતો તેમને રામરામ કે જય ગોપાળ કહેવાતુ નહીં પણ તેમને જય રામનાથ જ કહેવાતુ હતું. જો કોઈ પ્રજાજન રામનાથ સિવાય ઉચ્ચાર કરે તો તેમનો રોષ તેના ઉપર ઠલવાતો,હજુ અનેક વયોવૃધ્ધો વાતો કરે છે કે બીલખા પાસેના ગામમાં એક ઘટના બની હતી કે દરબારશ્રી ઘોડા ઉપર નીકળ્યા અને ત્યારે ખેતર ખેડતા ખેડૂતે તેમને જય રામનાથ કહયુ પણ પોતે ન સાંભળતા કશુ બોલ્યા નહી ત્યારે આગળ જઈને થયુકે ખેડૂત કશુક બોલ્યો હોય તેવો તેને આભાસ થતા તેઓએ પાછા વળીને ખેડૂતને પૂછયુ કે ''તે કંઈ કીધુ ખેડૂત કહે ના બાપુ મેં જય રામનાથ જ કીધુ હતુ'' અત્યારે તેમણે કહયુ મે સામે તને જય રામનાથ કહયુ નથી તે મારો ગુનો છે માટે લાવ તારી રાશ 'હું મારા ગુનાની સજા ભોગવી લઉ' ' તેમ કહી ખેડૂતનું સાંતી લઈ એક ઉથલ વળી સજા ભોગવી ત્યારે ખેડૂત દંગ થઈ ગયો. તેઓને શિવભકિતમાં અનેરી શ્રધ્ધા હોવાથી તેમના આખા દરબારગઢમાં બારી બારણાઓ અને મુખ્ય દરવાજે જય રામનાથ અને ત્રિપુંડ કોતરાવેલ છે, પોતે હાથમાં ફરસી ધારણ કરતા હતા તે ફરસીનો આકાર પણ ત્રિપુંડ વાળો બનાવેલ હતો તેમણે રૂદ્રયજ્ઞ કરેલ તેની પાછળ ઘણો મોટો ખર્ચ કર્યો હતો પોતે કાઠી જ્ઞાતિમાં શિક્ષણ વધે તે માટે ખૂબ જ પ્રયત્નો કરતા અને શિક્ષણનો વ્યાપ વધારવામાં અને જ્ઞાતિ સુધારણાના અગ્રગણ્ય હતા અને તેમની રાહબરી હેઠળ વાઘણિયાથી 'કાઠી મિત્ર' નામનું મુખપત્ર પણ બહાર પડતુ હતું,તેઓને ભૂત પ્રેતાદીના વર્ણનોવાળા પુસ્તકો વાંચવાનો શોખ હતો.

તેઓ સમય પારખુ હતા અને તેમણે આઝાદીના આવતા પ્રવાહને પારખી લીધો હતો,આથી તેમણે જૂનાગઢના નવાબ વિરૂધ્ધ રચાયેલી આરઝી હકુમતને ટેકો આપ્યો હતો અને ઢેબરભાઈ,રસિકલાલ પરીખ અને શામળદાસ ગાંધીની સાથે રહી



વાઘણિયા અમરાવાળા અને બીલખા રાવતવાળા દરબારશ્રીએ કરેલ શિકારની તસ્વીર.

ને જૂનાગઢ રાજયના ઘણા ગામો કબજે કરાવ્યા હતા,જયારે તા.૨૯-૧૧-૧૯૪૭ના રોજ વાઘણિયામાં તેમણે આરઝી હકુમતના નેતાઓનું સન્માન કર્યુ ત્યારે શામળદાસ ગાંધીને રાણી સાહેબે માનપત્ર અર્પણ કર્યુ ત્યારે શામળદાસ ગાંધીએ જણાવ્યુ કે ''અમરાવાળા જેવા બહાદુર રાજાઓનો અમને સાથ હતો તેથી આ પ્રશ્ન ઝડપથી પતી ગયો.'' વાઘણિયાના માણસોને આરઝી હકુમતમાં ભાગ લેવા બદલ દરબાર સાહેબ તરફથી શામળદાસ ગાંધીના હસ્તે થેલી અર્પણ કરવામાં આવી હતી.ભાડવા દ.શ્રી ચંદ્રસિંહજી જાડેજાએ નાગેશ્રીમાં કુ.શ્રી વાલેરાવાળા બગસરાની ચુંટણી વખતે અમરાવાળાની બહાદુરીના ખૂબજ વખાણ કર્યા હતા, અમરાવાળાએ જ્ઞાતિની ઉન્નતિ માટે બે ત્રણ સમેલનો ભર્યા હતા,તેમને કુંકાવાવની પ્રજા તરફથી બહારવટિયાના હંગામા વખતે બહાદુરી બતાવવા બદલ તા.૨૦-૬-૧૯૪૪ના રોજ એક માનપત્ર અપાયુ હતુ ,બીજુ માનપત્ર તા.૬-૭-૧૯૪૪ના રોજ કરાંચી આનંદ આશ્રમ તરફથી અપાયુ હતુ.

અમરાવાળા કાયદા કાનૂનના ખાસ આગ્રહી હતા એક કાળે વિખ્યાત ભૂપત બુબ બહારવટિયો તેમનો નોકર હતો,ત્યારે એક વખત ભૂપતે વાઘણિયાની કોઈ વાડીમાં ખેડૂત પૂછયા વિના ચીભડા ખાતા ખેડૂતે તે બાબતની ફરિયાદ કરતા ભૂપતને જાહેરમાં સોટીઓ મારવાની અને થોડીક કડક જેલની સજા કરી હતી.તેઓ પોતાના માણસોને ઘોડેસવારી અને નિશાનબાજીમાં માહેર થવાની ખાસ ભલામણ કરતા હતા,પોતે પણ શિકારના જબરા શોખીન હતા અને તેમણે બીલખા દ.શ્રી રાવતવાળા સાથે શિકારો કર્યા હતા.તેઓ પોતાના હાથ હેઠળના માણસોની કદર પણ કરી જાણતા હતા તેમણે માંજરિયા મેરામભાઈ કાળાભાઈ માલસિકાવાળાને રાજયમાં વહીવટદાર તરીકે નીમી 'અમીર' નો ઈલ્કાબ આપી જીથુડીમાં ૬૮ એકર જમીન આપી હતી.

તેઓએ કુમારગુપ્ત અને જહાંગીરની જેમ રાણીસાહેબને અનેરૂ માન રાજયમાં અપાયુ હતુ અને રાણીસાહેબને ઓઝલ પડદામાં રાખતા નહી અને સાધારણ ગામ ગમતરામાં તેમને ભેગા જ રાખતા હતા,રાણીસાહેબને ઘોડેસવારી અને બંદુક ચલાવતા શીખવ્યુ હતુ.આ સિવાય રાણીસાહેબનો વિશિષ્ટ દરરજો ત્યાં સિધ્ધ થાય છે કે તેમણે રાજયના દસ્તાવેજ પેપરમાં ત્રિપુંડ,શિવલિંગ અને પોતાનો અને રાણીસાહેબનો ફોટો મુકાવ્યો હતો,જેવી રીતે કુમારગુપ્ત અને મોગલ બાદશાહ જહાંગીરે સિકકાઓમાં તેમની રાણીઓના નામ કોતરાવ્યા હતા.

તેઓ હિંદી સંઘના પરમ મિત્ર હતા પોતાની લાઈનના તાલુકદારના સાલિયાણામાં પ્રથમ પોતે સાલિયાણુ સ્વીકાર્યુ હતુ

અને રાજાશાહીની જગ્યાએ લોકશાહીને આવકારી હતી.તેઓ સાહસિક અને ઉતાવળિયા સ્વભાવના હતા,પોતાનું ધાર્યુ ન થાય તો અંગત સાથે પણ વિગ્રહ કરી બેસે તેવા મિજાજના હતા,જેને તેઓ જાસો આપે તેના ઉપર ચડયા વિના ન રહે તેવા હતા તેમનું વ્યકિતત્વ ઘણી બધી રીતે અકળ અને ઘણી બધી બાબતોમાં બે પાસાનું રહયુ હતુ ,તેઓનો અવાજ બે પ્રકારનો નીકળતો હતો પહેલા બોલે પછી પાછળનો અવાજ જુદા પ્રકારનો નીકળતો હતો.

તેઓના અવસાન વિશે પણ ઘણી બધી અટકળો ત્યારે પ્રચલિત બની હતી,જયારે તેઓની કાઠિયાવાડને અનેરી જરૂર હતી ત્યારે ગરાસદારીના આંટી ઘુંટીવાળા પ્રશ્નોના સમયમાં તે તા.૧૯-૧-૧૯૪૮ના રોજ બંદુકની ગોળીના ઘાથી અવસાન પામ્યા,ત્યારે કાઠિયાવાડે અને ગરાસદારોએ એક મજબૂત સ્તંભ ગુમાવ્યો હોય તેવી લાગણી અનુભવી હતી.

મૂળુવાળા સુરગવાળા - પીઠડિયા



દ. શ્રી મૂળુવાળા સાહેબને ત્યાં પધારેલ સંતગણ.

મૂળુવાળાએ જેતપુર પીઠડિયા સૌથી મોટા ભાગદાર હતા અને પછીથી તેમણે અન્ય વાળા તાલુકદારો સાથે ગામ અને વિસ્તારોની વહેંચણ કરી જેતપુરને પોતાનું સ્વતંત્ર બનાવી પછી પીઠડિયા- જેતપુર સ્ટેટનો દરજ્જો મેળવ્યો હતો.

મૂળુવાળા સંવત ૧૯૨૫ ભાદરવા સુદ-૫ના રોજ જનમ્યા હતા.[૪૬] તેઓ તા.૬-૨-૧૮૯૯ના રોજ ગાદીએ બેઠા હતા, તેમના પિતા સુરગવાળા ગાંગાવાળાનું અવસાન ઇ.સ.૧૮૯૯માં થયું હતું તેઓએ રાજકોટની રાજકુમાર કોલેજમાં તા.૩૦-૬-૧૮૮૭થી તા.૧૩-૯-૧૮૮૮ સુધી શિક્ષણ મેળવ્યું હતું. પિતાના પગલે ચાલીને તેઓ સારા શાસક બન્યા હતા. તેઓ રાજકોટની રાજકુમાર કોલેજના કાઉન્સિલ મેમ્બર તરીકે અને જેતપુર તાલુકા કોર્ટના લાઇફ મેમ્બર તરીકે નિમાયા હતા. આ સિવાય તેઓ ઇ.સ.૧૯૨૮ થી ૧૯૩૦ દરમ્યાન નરેન્દ્ર મંડળમાં બીજા ગ્રુપ તરફથી પ્રતિનિધિ મેમ્બર તરીકે ચુંટાયા હતા. તેઓને ઇ.સ.૧૯૨૮માં અંગ્રેજ સરકારે સિમલા મુકામે નામદાર વાઇસરોયે સી.આઇ.ઇ. (કમ્પેનિયન ઓફ ધી ઇન્ડિયન એમ્પાયર)નો ઇલ્કાબ આપ્યો હતો. આ ઇલ્કાબની ખુશાલીમાં જેતપુરની મુસ્લિમ પ્રજા તરફથી તા.૧૪-૧૧-૧૯૨૮ના રોજ એક માનપત્ર મૂળુવાળાને અપાયુ હતુ આ પછી તા.૨૯-૧૨-૧૯૨૮ના રોજ આ ખુશાલીમાં જેતપુરની સમસ્ત હિંદુ પ્રજા તરફથી માનપત્ર અપાયુ ત્યારે વડિયા સુરગવાળા અને ચાંપરાજપુર ચાંપરાજવાળા અને દીવાન પ્રભાશંકર પટાણી વગેરે હાજર રહયા હતા.તેઓએ જેતપુરમાં ગાંધીજી અને કસ્તુરબાનું સન્માન ઇ.સ.૧૯૧૫માં કર્યુ હતુ અને રૂપિયા પચાસ હજારની

આર્થિક મદદ કરી હતી, એમ તેમના ભત્રીજા કુ. શ્રી શિવરાજવાળા વિકમશીવાળા-જેતપુર જણાવે છે.

તેઓને સાત રાણીઓ હતા. (૧) રાજબાઇ ધાધલ, સુખપુર (૨) પુનબાઇ બસિયા ,મોરવાડા (૩) કમરીબાઇ ધાધલ, જે કમરીબાઇ જસદણના આલા ચેલા ખાચરના દીકરીના દીકરી હતા, તેમને કોઇ સંતાન ન હતા (૪) સોમબાઇ ધાધલ, જીવાપુર (૫) પાંચુબાઇ બસિયા, હનુમાન ખીજડિયા(૬) મોટા સુમરીબાઇ, જે (છોડવડીના)રબારિકામાં રહેતા જેબલિયાના દીકરી હતા તેમના બે પુત્રો એ સુરગવાળા અને વિકમશીવાળા(૭) નાના સુમરીબાઇ ધાધલ ,અરડોઇ. મૂળુવાળાએ શિક્ષણ પાછળ સારું એવું ધ્યાન આપ્યુ હતું અને ઇ.સ.૧૯૨૩માં પોતાના રાણીના નામે રૂા.૩૫,૦૦૦ના ખર્ચે જેતપુરમાં કમરીબાઇ હાઇસ્કૂલ બાંધી હતી. એવી જ રીતે પીઠડિયામાં ''ધી સોમબાઇ વર્નાકયુલર સ્કૂલ'' ખોલી હતી. તેઓ ખૂબ જ ધર્મમાં શ્રધ્ધા રાખનારા વ્યકિત હતા. જેમણે આસોદર અને સમઢિયાળાથી નિત્યાનંદ સ્વામીને પીઠડિયા બોલાવી ગુરૂ સ્થાપ્યા અને તેમને ૧૯ વર્ષ સેવા કરી હતી, તેમણે તેમના ગુરૂ નિત્યાનંદ સ્વામીનું જીવન ચરિત્ર લખાવીને લોકોને વિનામૂલ્યે આપ્યું હતું.[૪૭] તેઓએ ડાકોરમાં એક વખત એક મહિનો બ્રાહ્મણોને જમાડયા હતા અને તેમાં રૂા.૧ લાખનો ખર્ચ થયો હતો, તેમણે તેમના બંને રાણીઓ પાછળ જેતપુર પીઠડિયા વચ્ચે ધારેશ્વર નામના સ્થળે સોમેશ્વર અને કમળેશ્વર નામના મંદિરો અને એક સૂર્યમંદિર અને ધર્મશાળા બનાવી હતી. પિતાની યાદગીરીમાં જેતપુરમાં ભાદરના કાંઠે બે લાખના ખર્ચે ચંદ્રમૌલેશ્વર નામે શિવાલય બંધાવ્યું હતું કે જે જગ્યાએ સુરગવાળા ગાંગાવાળાને અગ્નિદાહ અપાયો હતો. આ ઉપરાંત તેમણે ઘણી જગ્યાએ મોટી રકમના દાન કર્યા હતા. મૂળુવાળા કાશી ગયા ત્યારે પંડિત માલવિયાજીએ વિશ્વવિદ્યાલય માટે દાન આપવાનું કહેતા તેમણે રૂા.૫૦ હજારનું દાન કર્યુ હતું. [૪૮]

તેઓ મોટા દાનેશ્વરી હતા અને તેમની મહેમાનગતિને માણીને લોકો નવાઇ પામી જતા હતા. તેઓએ ઘણી બધી ફોર્ડ મોટરો વસાવી હતી. જ્યારે તેઓ જામસાહેબને ત્યાં લગ્નમાં ગયા ત્યારે ત્યાં એટલી બધી એકસાથે પીઠડિયા સ્ટેટના લાલ બોર્ડ લાગેલી મોટરો જોઇ ભારતના અન્ય રજવાડાના રાજવીઓ નવાઇ પામી ગયા હતા કે આ પીઠડિયા વળી કેવડું મોટું રાજ્ય હશે કે જેમની પાસે આવી સમૃદ્ધિ છે, તેમના ભત્રીજા શિવરાજવાળા વિકમશીવાળાના જણાવ્યા મુજબ તેમણે ૭૦૦ ગાડીઓની લે વેચ કરી હતી અને ૧૨૦ ગાડીઓ પોતાના વર્તુળમાં ભેટ આપી હતી. તેઓ સૌરાષ્ટ્રના કાઠી રાજકર્તાઓમાં અનહદ હોંશિયાર, કાબેલ અને રાજદ્વારી જ્ઞાનથી ચાણક્ય ગણાતા હતા. તેઓ લાંબા સમયથી હૃદયની બિમારી ભોગવતા હતા ત્યારે મુંબઇના ડોકટર ગિલ્ડર બે વખત તેમની તબિયત તપાસવા વિમાન મારફતે રાજકોટ આવ્યા હતા. પણ આખરે તેમનું તા.૧૧-૯-૧૯૩૬ના રોજ રાજકોટ ખાતે અવસાન થયું હતું, તેમને પીઠડિયામાં અગ્નિદાહ અપાયો હતો, તેમનું કારજ તા.૨૫-૯-૧૯૩૬ના રોજ કરવામાં આવ્યું ત્યારે સૌરાષ્ટ્રના અસંખ્ય કાઠી દરબારો અને રાજવીઓ આવ્યા હતા, તેમની પાછળ જેતપુર, મેંદરડા, બીલખા, પીઠડિયા એમ ચાર ગામ ધુમાડાબંધ જમાડવામાં આવ્યા હતા ! તેઓના શોકમાં જેતપુર, બીલખા, મેંદરડા અને જામનગર એમ ચાર ગામમાં ત્રણ દિવસની હડતાલ પાડવામાં આવી હતી. જ્યારે કાઠી રાજ્યોએ પોતાની રાજધાનીમાં એક દિવસની હડતાલ પાડી હતી. મૂળુવાળા અવસાન સમયે તેમના બે સગીર પુત્રો સુરગવાળા અને વિકમશીવાળાની જવાબદારી જામસાહેબ દિગ્વિજયસિંહજીને સોંપી હતી, બંને પુત્રો સગીર હોવાથી સરકારે તાલુકા પર જપ્તી મૂકી મેનેજર નિમ્યો હતો.

મૂળુવાળા ઇ.સ.૧૯૩૩માં નીચે મુજબના સુવાંગ ગામો ધરાવતા હતા (૧) નાના પીઠડિયા (૨) મોટા પીઠડિયા (૩)પીરવડ (૪) સખપર (૫) રીકડિયા (૬)ભીલડી (૭) વાંડળિયા (૮) વલારડી (૯) માલણકા (૧૦)લીલવા (૧૧) આંબલા (૧૨) રાજેસર (૧૩) ખડપીપળી (૧૪) સૂરજગઢ (૧૫) ગુંદીયાળી (૧૬)કરસનગઢ. જ્યારે જેતપુરમાં બેઆના,સમઢીયાળામાં અડધો,ખોડિયારમાં અડધો, મેંદરડામાં ચાર આના, શેડુભારમાં ચાર આના, ચિતલમાં બે આના,ડાંગાવદરમાં બે આના,વાઘણિયામાં પોણા અગિયાર પાઇ ભાગ ધરાવતા હતા,પછી તેમને જેતપુર સુવાંગ કરવુ હતુ પણ બીલખા રાવતવાળાના ખોડપરાનો વચ્ચે વાંધો હતો તે મૂળુવાળાના અવસાન પછી પાર પડતા પીઠડિયાએ રાજેસર ગામ અને ૪ લાખ રૂપિયા આપી સુવાંગ કર્યુ હતુ અને અન્ય ભાગદારોને પૈસા અને ગામો આપ્યા હતા.

દ.શ્રી વીરાવાળા મૂળુવાળા - બગસરા ઈ.સ.૧૮૮૮થી૧૯૪૦



દીવાન વીરાવાળા સાહેબને ત્યાં નટવરનગર પધારેલ જામ રણજીતસિંહજી.

વીરાવાળા એ બગસરાના તાલુકાના દ.શ્રી મૂળુવાળાના પુત્ર હતા. તેમનો જન્મ તા. ૨૯-૧-૧૮૮૮ના રોજ થયો હતો. તેમણે રાજકોટની રાજકુમાર કોલેજમાં તા.૧૦-૧૧-૧૮૯૬ થી તા.૨૦-૪-૧૯૦૭ સુધી શિક્ષણ મેળવ્યુ હતું. પછી કોલેજમાં પ્રિન્સિપાલ મેઈનના સમયમાં વીંગ માસ્ટર તરીકે નિમાયા હતા. મૂળુવાળાને બે પુત્રો હતા (૧) રામવાળા (૨) વીરાવાળા .મૂળુવાળાને ત્યાં મોટી ઉંમર સુધી પુત્ર ન હતા ત્યારે તેઓ ચિંતામાં રહેતા હતા એવા સમયે ચલાળાની જગ્યાએ આશીર્વાદ આપ્યા હતા કે મૂળુવાળા તમારે ઘેર આભને ટેકો દે તેવા બે પુત્રો જન્મશે.

કાઠીઓમાં ભાઈએ ભાગનો રિવાજ હોવાથી તાલુકાનો તા.૫-૫-૧૯૨૮ના રોજ ભાગ પાડવામાં આવ્યો અને રામમૂળુ એસ્ટેટ અને વીરા મૂળુ નામના બે એસ્ટેટ બનાવ્યા હતા.[૪૯] વીરાવાળાનો નટવરનગર, હામાપુર અને બગસરામાં ભાગ હતો. વીરાવાળાને બે રાણીઓ હતા જેમાં એક રાણી સોનબાઈ નામે હતા, જેનું મૃત્યુ ઈ.સ.૧૯૧૯માં થતા તેમને નટવરનગરમાં જ્યાં અગ્નિદાહ અપાયો તે સ્થળે સોનેશ્વર મંદિર બાંધવામાં આવ્યું છે. વીરાવાળાને ત્યાં તા.૫-૯-૧૯૧૪ના રોજ ભોજવાળા નામે એક પુત્રનો જન્મ થયો હતો.

વીરાવાળા ચુડા ઠાકોરસાહેબના એડવાઈઝર તરીકે ઈ.સ.૧૯૧૨માં નિમાયા અને ચુડા સ્ટેટને આબાદ બનાવી ઉંચી પાયરીએ સરકારમાં મૂક્યું હતું. ઈ.સ.૧૯૧૯માં તેઓ ડિસા કેન્ટોન્ટમેન્ટમાં ડેપ્યુટી પોલીટીકલ એજન્ટ સ્થાનિક મેજીસ્ટ્રેટ તરીકે નિમાયા હતા, ત્યારે તેઓ લોકોનો પ્રેમ મેળવી પ્રશંસાપાત્ર બન્યા હતા. વળી એજન્સીના ઓફિસરોમાં પણ પોતાની પ્રમાણિકતા અને કાર્યદક્ષતાથી સારી એવી નામના મેળવી હતી. ઈ.સ.૧૯૨૦માં લાઠી રાજ્યના એડમિનીસ્ટ્રેટર તરીકે નિમાયા હતા. પછી વીરાવાળા પોરબંદરના દીવાનપદે તા.૨૮-૬-૧૯૨૦ના રોજ નીમાયા હતા એ સમયગાળા દરમ્યાન ભારતમાં ગાંધીજીએ અસહકારની ચળવળ શરૂ કરી હતી ત્યારે દરેક દેશી રજવાડાઓની પ્રજામાં એક પ્રકારની દ્વિધા પ્રવર્તતી હતી કે ક્યારે શું બનશે ? આવા સમયે તેમની દિર્ઘદ્રષ્ટિને હિસાબે પોરબંદર રાજ્યમાં કોઈપણ પ્રકારના અનિચ્છનીય બનાવો બન્યા ન હતા. જ્યારે અન્ય રાજ્યોમાં થોડાક સંઘર્ષના બનાવો બન્યા હતા. જ્યારે પોરબંદર મહારાણા નટવરસિંહજી યુરોપના પ્રવાસે ગયા ત્યારે વીરાવાળા તેની અનુપસ્થિતિમાં સારુ શાસન ચલાવતા મહારાણા નટવરસિંહજીએ તેમને રૂા.૫૦૦૦ નું ઈનામ

આપ્યું હતું. [૫૦]

પોરબંદર રાજ્યની વીરાવાળાએ સ્થિતિ અને વહીવટી ખૂબ જ સુધારો કર્યો હતો. તેઓ પોરબંદરમાં અરજદારોની અરજી જાતે સાંભળવા માટે મહારાણા સાહેબની સાથે ન્યાયાલયમાં આવતા હતા. તેથી ન્યાય આપવામાં જે પહેલા વિલંબ થતો હતો તે હવે થતો નહોતો. તે વીરાવાળાએ રાજ્યના નોકરોને અનિયમિત પગાર મળતો હતો તે નિયમિત કરાવ્યો હતો. જ્યારે પોરબંદરમાં લાઈનદોરી નાંખવાથી પ્રજાને ખૂબ જ મુશ્કેલી ભોગવવી પડી હતી તે યોજના તેમણે કાઢી નાંખી હતી. ખેડૂત સંરક્ષણ માટે ખેડૂતોને વારસા હક આપી ભારે ઉદારતા બતાવી હતી. જે મીલમાં ખોટ હતી તે તેમના કાળમાં નફો કરતી થઈ ગઈ હતી. તેમણે પોરબંદર રાજ્યમાં શહેર તથા બંદરની સુંદર ખીલવણી કરી રાજ્યની ઉપજ વધારી વસતિને આબાદ બનાવી હતી.[૫૧]

વીરાવાળાએ જૂનાગઢના દીવાન તરીકે તા.૧૪-૧૦-૧૯૨૩ થી તા.૪-૯-૧૯૨૪ સુધી કામગીરી કરી હતી.[૫૨] એ સમય દરમ્યાન જૂનાગઢમાં કેટલાક ચળવળખોર વ્યક્તિઓએ તેમને દીવાનપદેથી ખસેડવા ખટપટ અને યુક્તિઓ રચવા માંડી હતી.[૫૩] પછી તેઓએ જૂનાગઢનો હોદો છોડી દીધો હતો, જૂનાગઢમાં તેઓ દીલારામ નામના બંગલામાં રહેતા હતા. પોરબંદરના દીવાન પદે તેઓ ત્યાં ભોજેશ્વર ગેસ્ટ હાઉસમાં રહેતા હતા.

વીરાવાળાએ એજન્સીમાં ડેપ્યુટી પોલીટીકલ એજન્ટના હોદા ઉપર કામ કર્યુ હતું, તે હોદાનું તેમને બ્રિટીશ સરકાર તરફથી રૂા.૩૫૦નું પેન્શન મળતુ હતું. [૫૪]રાજકોટના દીવાન થતા પહેલા તેમણે ધર્મેન્દ્રસિંહજી ગાદીએ બેઠા ત્યારે તેમના પોલીટીકલ સેક્રેટરી તરીકે તેમની નિમણુંક કરવામાં આવી હતી. તેઓએ ધર્મેન્દ્રસિંહજી સાથે યુરોપની મુસાફરી પણ કરી હતી.પછી વીરાવાળાએ રાજકોટ રાજ્યના દીવાન તરીકે કામ કર્યુ હતું. રાજકોટમાં તેમણે તેમના કાર્યકાળ દરમ્યાન લાખાજીરાજ સ્મારક, પદ્મકુંવરબા હોસ્પિટલ, ડામર રોડ, ગટરના પાકા બુગદાઓ, આજીનો પહોળો પુલ, ધર્મેન્દ્રસિંહજી કોલેજ વગેરે વગેરે બંધાવ્યું હતું.

પરંતુ ત્યાં ધર્મેન્દ્રસિંહજીના મોજશોખને પુરો કરવા અને રાજ્યની આવક કરવા જે પ્રવૃત્તિ કરી તેમાંથી રાજકોટ સત્યાગ્રહ ઉભો થયો હતો. આ સત્યાગ્રહમાં પુરેપુરી કાઠિયાવાડી કુટ નીતિનો ઉપયોગ કરીને તેમણે સમાધાન તોડાવ્યું હતું. છેવટે ગાંધીજીએ પણ હાર સ્વીકારવી પડી અને ગાંધીજીએ કહ્યું હતું કે ''દરબારશ્રી વીરાવાળા હું હાર્યો છું તમે જીતજો, પ્રજાને અપાય એટલું આપીને રીઝવજો અને મને તાર કરજો જેથી આ ઘડી બળી ખાખ થયેલી મારી આશાવેલ ફરી લીલી થવા પામે.''[૫૫]

વીરાવાળાએ બગસરાથી ૩ કિ.મી. દૂર પોરબંદર મહારાણા નટવરસિંહજીના નામ ઉપરથી નટવરનગર નામનું ગામ વસાવ્યું હતું અને ઈટાલિયન આરસ જડેલો બહુ મોટો પેલેસ બંધાવ્યો હતો, જે આજે પણ સૌરાષ્ટ્રના નમૂનેદાર પેલેસોમાંનો ગણાય છે. આ નટવરનગર ગામનું ખાતમુહૂર્ત પોરબંદર રાણા નટવરસિંહજીના હાથે કરવામાં આવ્યું હતું. પેલેસનું ઉદ્ઘાટન પણ રાણાસાહેબના હસ્તે કરવામાં આવ્યું હતું અને તે પેલેસનું નામ નટવર પેલેસ રાખવામાં આવ્યું હતું. વીરાવાળાએ તેમના તાલુકામાં ગામડાના ગરીબ લોકોને મજૂરી મળી રહે તે માટે એક જીનીંગ ફેક્ટરી, તેલના ઘાણા, શ્રી ભોજવાળા આઈસ ફેક્ટરી અને ઈલેક્ટ્રીક પાવર હાઉસ વગેરે કાર્યો કર્યા હતા. પોતાની પ્રજાને નટવરનગરના ખોડિયાર ધુનાથી આપમેળે વગર મોટરે પાણી મળી રહે તેવી યોજના તેમણે કરી હતી પણ તે યોજના અધુરી રહી ગઈ હતી.

તેમણે પોતાના તાલુકાની વિશેષ આબાદી કરવા અને બગસરા શહેરના વેપારને ઉત્તેજન આપવા ગોંડલ રેલવેને કુંકાવાવથી બગસરા સુધી ગોંડલ મહારાજા ભગવતસિંહજીની મંજુરીથી શરૂ કરાવી હતી. જેમણે બગસરામાં પહેલા એજન્સીનો મજમુ વહીવટ ચાલતો હતો તે પોતે અથાગ પરિશ્રમ લઈ કઢાવી નાંખ્યો હતો. તેથી લોકોની સુખાકારીમાં વધારો થયો હતો અને તેમને તરત ન્યાય મળવા લાગ્યો હતો. આથી કોઈ ચારણ કવિએ નીચેનો દુહો રચ્યો હતો.

થાપેલ થાણા ઉથાપિયા, નેચળ રહેવા નામ
ટીલેજે બગસરા તણે, રાજા વીરો ને રામ

તેમણે વસાવેલા નટવરનગર ગામમાં રામજી મંદિર બંધાવી આપ્યુ હતું અને તેમના પુત્ર ભોજવાળાએ સ્વ.માતૃશ્રી સોનબાઈ ધર્મશાળા બંધાવી હતી. વીરાવાળા ચારણ કવિઓને ઉદાર હાથે દાન આપતા હતા તેથી ચારણો તેમના નીચેના દુહાઓ રાજી થઈને બનાવતા હતા.

એક-એક દોહાના એક-એક સો રૂપિયા દેતો દી,રાત
(હતો) સચિવોમાં સર પટણી પ્રભાશંકર પ્રખ્યાત
એક-એક દોહાના અનેકને દેતો હજાર-હજાર
(એવો) વીરો હતો આ વિશ્વમાં બગસરા દરબાર.

વીરાવાળાના અવસાન સમયે ચારણોએ અતિ કરૂણ મરસિયાઓ જોડ્યા હતા, તેમાં હિંદના હિરો નામથી લાંગડિયા કાનજીભાઈ જીવાભાઈએ મરસિયા જોડ્યા હતા. તે સૌરાષ્ટ્રમાં એ કાળમાં ખૂબ જ પ્રચલિત બન્યા હતા. આ સિવાય પીંગળશીભાઈ ગઢવીએ પણ તેમના મરસિયાઓ જોડ્યા હતા.[૫૬]


આજસુધીમાં વીરાવાળા વિશે સમાજમાં પાયાવિહીન અને સાંભળેલી વાતો ખૂબ જ પ્રચલિત થઈ છે, જે સર્વાંશે ખોટી છે, જેમકે વીરાવાળાને છેલ્લી અવસ્થાએ ભાંઠા અને કીડા પડ્યા હતા[૫૭]અને તેઓ કહેતા કે આ સંતને (ગાંધીજી) દુભવ્યાનું પરિણામ છે. વીરાવાળાએ આવા કોઈ ઉચ્ચારો ક્યારેય પણ હરગિજ કર્યા ન હતા.[૫૮] તેવું તેમના પૌત્રી અને તેમના દરેક સગા-સંબંધીઓ અને બગસરા કુ.શ્રી મૂળુવાળા પાસેથી જાણ્યુ છે. તેઓનું સંવત ૧૯૯૬ પોષ વદ-૯ને તા.૨૪-૧૧-૧૯૪૦ને શુક્રવારના રોજ અવસાન થયું હતું.

ગાંધીજી અને વીરાવાળા ભલે સામસામા હતા પણ એકબીજાની વચ્ચે ઘણો આદરભાવ હતો. વીરાવાળાના અવસાન સમયે ગાંધીજીએ લાંબો શોક સંદેશાનો તાર કર્યો હતો[૫૯] અને તેમાં વીરાવાળાની મુત્સદીગીરી અને રાજનીતિના જ્ઞાનના વખાણ કર્યા હતા.

કાળુભાઈ ગીગાભાઈ બસિયા-ગડથ (જગતપ્રવાસી)

કાઠી જ્ઞાતિનું જેમણે નામ રોશન કર્યુ હતું અને સમગ્ર વિશ્વનો પ્રવાસ કરી કાળુભાઈએ જગતપ્રવાસીનું બિરુદ મેળવ્યું હતું તેઓએ સંપૂર્ણપણે સેવાવૃતિને જીવનમંત્ર બનાવ્યો પછી તેઓ સૂર્યદાસભાઈના નામે ઓળખાતા હતા. તેઓ ભેંસાણ તાલુકાના ગડથ ગામે જન્મ્યા હતા. નાનપણથી પોતે સેવાભાવી, જીજ્ઞાસાવૃતિના હોવાથી તેમનું મન કંઇક અનેરૂ જ ઘડાયું હતું. જેઓએ આજીવન બ્રહ્મચર્ય પાળી સમાજસેવાનું જ કાર્ય કર્યુ હતું. તેમના મનમાં સારો સમાજ અને જ્ઞાની સમાજ ઘડવાની નેમ હતી. તેમના ઉપર સ્વામી રામતિર્થ અને વિવેકાનંદના વિચારોની અસર હતી.[૬૦]આથી તેમણે વિશ્વભરનો પ્રવાસ કરી જગતના પ્રખ્યાત પુરૂષોના સદવિચારો મેળવી ત્યાં ભારતીય સંસ્કૃતિનો પ્રચાર કરી વિશ્વના મહાપુરૂષોના વિચારો અને તેમના ટૂંકા સુવાક્યો અખબારો, સામયિકો દ્વારા લોકો સુધી પહોંચાડવાનું કાર્ય કરતા હતા. સામાન્ય પ્રજાજનો દેશ વિદેશના સમાચાર જાણી શકે એટલા માટે વડિયામાં શ્રી ટ્રાવેલીંગ સાઇકલ લાયબ્રેરી શરૂ કરી હતી. આ માટે પોતે અનોખા પ્રકારની સાઇકલ બનાવી હતી, જેને મુવીંગ સાઇકલ લાયબ્રેરી તરીકે ઓળખવામાં આવતી હતી. જે સાઇકલ ઉપર સ્ટીમર જેવો એક ડેક મુકવામાં આવ્યો હતો, તેમાં વચ્ચે ચાંદીની ફ્રેમવાળો સરસ્વતીદેવીનો ફોટો અને ભારતમાતાનો ફોટો અને ફરતી ૧૮ પાટીઓ ગોઠવવામાં આવી હતી, એમાં બે મઝલાની કેબીન ગોઠવી હતી. આ બધી પાટીઓમાં જુદા જુદા સમાચારો મોટા અક્ષરોએ લખવામાં આવતા હતા. જ્યારે બીજા ખાનાઓમાં છાપાઓ રાખવામાં આવતા હતા. સાઇકલ ઉપર કેટલાક ભાવવાહી સૂત્રો પણ લખીને રાખવામાં આવેલા હતા. વળી આ સૂત્રો લોકો પાસેથી મંગાવીને લખાવતા ને જેણે ઉચ્ચ કક્ષાનું સૂત્ર લખ્યું હોય તેને રૂા.૨૫નું ઇનામ અપાતું હતું.[૬૧]વડિયાના લોકો આ પુસ્તકાલયને સરસ્વતી દેવીનું મંદિર માનીને સાઇકલે સરસ્વતી દેવીને શ્રીફળ વધેરતા હતા.

આ સાઇકલ લાયબ્રેરીનું ઉદ્‌ઘાટન શાસ્ત્રોક્ત વિધિથી તા.૧૧-૧૦-૧૯૩૭ના રોજ રામેશ્વરી દેવી નહેરૂના હસ્તે કરવામાં આવ્યું હતું.[૬૨] કાળુભાઈને જનજાગૃતિ લાવવાની પ્રબળ ઇચ્છા હતી અને જનજાગૃતિ વાંચન અને જ્ઞાનના ફેલાવાથી લાવી શકાશે તેવું તે માનતા હતા. આથી તેમણે ઠેક-ઠેકાણે પુસ્તકાલયો ઉભા કરવાના પ્રયત્નો કર્યા હતા અને તેમણે છ જગ્યાએ સૂર્યનારાયણ સાહિત્યાશ્રમ નામે પુસ્તકાલયો સ્થાપ્યા હતા. (૧) જેતપુર જીમખાનાના બંગલામાં (૨) બીલખામાં બેન શ્રી સુમરીબાઈની સ્ટેશન પાસેની ધર્મશાળામાં (૩) રાજકોટમાં નિરાશ્રિત બાલાશ્રમના મકાનમાં (૪) વડિયામાં ધુંધળી મઠની જગ્યામાં (૫) જૂનાગઢમાં માંગનાથ મંદિરમાં (૬) જૂનાગઢમાં દામોદરના કિનારે સ્મશાને.



જગત પ્રવાસી શ્રી કાળુભાઈ બસિયા-ગળથ.

રાજકોટમાં શ્રી સૂર્યનારાયણ સાહિત્યાશ્રમ ફ્રી લાયબ્રેરીનું ઉદ્‌ઘાટન તેમણે પૂજ્ય ભક્તિબાના હસ્તે તા.૧૮-૧૧-૧૯૪૮ના રોજ કરવાનું નક્કી કર્યુ હતું પછી તેમના હાથે તે ખુલ્લુ મુકાયું કે નહીં તે વિગત પ્રાપ્ત થઈ શકી નથી. આ પુસ્તકાલયો માટે કોઈની પાસે તેઓ એક પણ પૈસાની મદદ લેતા નહીં પણ જનસમાજમાં જ્ઞાનનો પ્રચાર કરવા માટે દુનિયાના દરેક આગળ એક એક પુસ્તકની માંગણી કરી હતી. આવા તેમના ઉમદા વિચારો હતો.ખીજડિયા રાજ્યના રિઝન્ટ ઇંદિરાબાએ મુવીંગ લાયબ્રેરીને જયહિંદ અખબાર બંધાવી આપ્યું હતું.[૬૩]કાળુભાઈએ કાશીમાં પણ સૂર્યનારાયણ સાહિત્યાશ્રમની સ્થાપના રાણકેશ્વર મઠમાં કરી હતી ત્યાં પણ પોતે પોતાના સિધ્ધાંત મુજબ કોઈની પાસેથી આર્થિક મદદ લીધી ન હતી. પણ આ પ્રવૃત્તિ માટે ત્યાં પણ તેમને ગુણીજનોમાંથી અગણિત પુસ્તકો ભેટ મળ્યા હતા. એ સાહિત્યાશ્રમનું ઉદ્‌ઘાટન અખિલ ભારત સંન્યાસી સંઘના સભાપતિ સ્વામી શ્રી રામાનંદજી વ્યાકરણાચાર્યના હાથે કરવામાં આવ્યું હતું.[૬૪]

કાળુભાઈએ સમાજસુધારણાની પ્રવૃતિમાં પણ રસ લીધો હતો. તેઓ જ્યાં જ્યાં લગ્ન પ્રસંગે જાય ત્યાં પણ ભાષણો કરતા, તેમણે લુણી ગામે પોતાના ભાષણમાં કહ્યું હતું કે ''આપણી જ્ઞાતિના નવા ધારા ધોરણ પ્રમાણે કરકસરથી જ લગ્ન થાય તો જ આપણો ઉદ્ધાર થવા સંભવ છે નહીંતર આપણા બાપ દાદાની સંપતિ કે જે તેઓએ માથા ઉતારી આપ્યા પછી જ આપણને મળી છે તેનો ગેરઉપયોગ કરીએ છીએ એવું થશે.''[૬૫] તેઓ ગામે ગામ દારૂને તિલાંજલી આપવા માટે પ્રચાર કરતા હતા. જ્યારે બાબરા તાલુકદારે દારૂને તિલાંજલી આપી ત્યારે તેમણે જ્ઞાતિના મુખપત્રમાં દારૂને તિલાંજલી નામનો લેખ લખી બગસરા અને બીલખાને પણ દારૂને દેશવટો આપવા વિનંતી કરી હતી.[૬૬] તેઓ જ્ઞાતિના મુખપત્રમાં અવાર-નવાર જુદા જુદા વિષયો પર લેખો લખતા અને તેના દ્વારા કાઠી સમાજને કોઈક કોઈક બાબતોથી માહિતગાર કરી તેના દુષણો બતાવી તેને જગાડવાનો પ્રયત્ન કરતા હતા. કાળુભાઈનું વ્યક્તિત્ત્વ એટલું આકર્ષક હતું કે તેમના વિચારો કે પ્રવૃત્તિથી કાઠિયાવાડના રાજાઓ, રાજકુમારો, નગરશ્રેષ્ઠીઓ આકર્ષાયા હતા. આથી સરદારગઢના એ સમયના યુવરાજ હુસેનિયાવરખાનજીએ કાળુભાઈની આ પ્રવૃત્તિથી પ્રેરાયને કાયમને માટે શિકાર ન કરવાની પ્રતિજ્ઞા લઈ રાજકુમાર કોલેજમાંથી કાળુભાઈ ઉપર પ્રતિજ્ઞાપત્ર મોકલ્યો હતો.


તેઓ સ્પષ્ટ અને નિડર વક્તા હતા. તેઓ વાઘણિયાથી નીકળતા 'કાઠી મિત્ર' મુખપત્રના સંપાદક મંડળમાં પણ હતા. પણ જ્યાં તેમને વાંકુ પડતા તરત જ તેમાણે તેમાંથી રાજીનામુ આપી દીધું હતું. તેઓ સ્પષ્ટ વક્તા હોવાથી કોઇ પણ તેમની ભૂલ મોઢામોઢ જ બતાવતા હતા. તેઓની જ્ઞાતિમાં છાપ જીદી સ્વભાવના હોવાની હતી, પણ તે એવા દ્રઢ નિશ્ચયી હતા કે પોતે જે કાર્ય હાથમાં લે પછી તેઓ ગમે તેવા સંકટો કે પ્રતિકૂળ સંજોગો ઉભા થાય તો પણ તે કાર્ય પુરૂ કરીને જ જંપતા હતા.

તેઓને વિદ્યાર્થી પ્રવૃત્તિમાં પણ ખૂબ જ રસ હતો. વિદ્યાર્થીઓને ઉપયોગી થવાના હેતુથી તેમણે તા.૨૬-૬-૧૯૩૨ના રોજ અમરેલીમાં ''છાત્રાલય બંધુ સમાજ'' નામની સંસ્થા સ્થાપી હતી, એ સંસ્થાનો હેતુ અમરેલીની બધી બોર્ડીંગના વિદ્યાર્થીઓનો અરસપરસ પ્રેમ અને ઐક્યતા લાવવાનો હતો. આવું કરવા માટે તેઓ દર માસે જુદી જુદી જ્ઞાતિની બોર્ડીંગોમાં દરેક વિદ્યાર્થીઓનો મેળાવડો કરી નીતિના, ચરિત્રના વિદ્યાજ્ઞાનના વિષયો ઉપર પ્રવચનો કરાવતા હતા. તેમણે ભાવનગરમાં પ્રભાશંકર પટણીના પ્રમુખપદે ''છાત્રાલયબંધુ સમાજ''ની સ્થાપના કરી હતી. આ સિવાય તેઓએ કાશીમાં ''બૃહદ ગુજરાત ભાતૃમંડળ'' અને ''છાત્રાલયબંધુ''ની સ્થાપના કરી હતી. તેઓ વિદ્યાર્થીમાં ઈશ્વરના દર્શન કરતા અને વિદ્યાર્થીઓમાં વક્તૃત્ત્વ શક્તિ ખીલે, તેનામાં સેવાભાવનાના વિચારો પ્રગટે આ માટે તેઓ વિદ્યાર્થીઓ વચ્ચે રહેતા, ત્યાં ઉત્સવો ઉજવતા અને મહાપુરૂષોની જયંતિ ઉજવી તેમના જે સિદ્ધાંતો એકઠા કરેલા તે વિદ્યાર્થી સુધી પહોંચાડતા હતા. આ પ્રવૃત્તિ માટે તેઓ શુકલતિર્થ આશ્રમના વિદ્યાર્થીઓ વચ્ચે ઘણો સમય રહ્યા હતા. એટલે જ દક્ષિણામૂર્તિના હરભાઇ ત્રિવેદીએ કહ્યું હતું કે ''કાળુભાઇએ વિદ્યાર્થીના આત્માને પુરેપુરો ઓળખ્યો છે.'' વિદ્યાર્થીઓમાં સાહસવૃતિ પ્રગટે અને તેનામાં દરેક પ્રકારના ગુણો વિકસે તે માટે તેમણે એ સમયના ખ્યાતનામ વ્યક્તિઓના વ્યાખ્યાનો ગોઠવવાની ગોઠવણ કરી હતી અને તેમણે સંપૂર્ણાનંદજી, પંડિત મદનમોહન માલવિયા, પંડિત નારાયણ ઉપાધ્યાય, પ્રો.મુકુટ બિહારીલાલ વગેરે વગેરે વક્તાઓને તેડાવવાનું બાર માસનું આયોજન કર્યુ હતું.

તેઓએ વિશ્વનું જ્ઞાન મેળવવા અને વિશ્વમાં ભારતીય સંસ્કૃતિનો પ્રચાર કરવા માટે જગતનો પ્રવાસ આરંભ્યો હતો. આ પ્રવાસ કરવા માટે તેમને અમરેલીના રાધાબાઇબેન કાળુભાઇ ભુટાભાઇ બાબરિયાએ આર્થિક મદદ કરી હતી.[૬૭] તેમણે રશિયા, અમેરિકા, બ્રિટન, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ વગેરે વગેરે દેશોનો પ્રવાસ કર્યો હતો. આ પ્રવાસ દરમ્યાન તેમને ઓગષ્ટ ૧૯૫૭માં મોસ્કો રેડિયો સ્ટેશનમાં દરેક દેશની વિશિષ્ટતા વિશે પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા.[૬૮] (તે પ્રશ્નોના જવાબ તેમણે આ મુજબના આપ્યા હતા. (૧) સમૃદ્ધિ અને સંપત્તિમાં અમેરિકા સૌથી મોટુ છે. (૨) રાજરમતમાં, રાજકીય કુશળતામાં બ્રિટન મહાન છે. (૩) ફેશન અને મોજશોખમાં ફ્રાંસ સૌથી મહાન છે. (૪) રસોઇ અને શિલ્પકળામાં ઇટાલી મહાન છે. (૫) ભૂમિ સૌદર્યમાં સ્વીટઝરલેન્ડ મહાન છે. (૬) ચારિત્ર, શિક્ષણમાં ગ્રીસ મહાન છે. (૭) ખેતી સુધારણામાં હોલેન્ડ મહાન છે. (૮) પશુપાલન અને ડેરી ધંધામાં ડેનમાર્ક મહાન છે. (૯) ઔદ્યોગિક કારખાનાઓમાં બેલ્જિયમ મહાન છે. (૧૦) મીઠી જબાનમાં ઇજિપ્ત સૌથી મોટું છે. (૧૧) મહોબ્બતમાં સુદાન મોટું છે. (૧૨) પરોણાગતમાં અરબસ્તાન મોટું છે. (૧૩) પ્રેમ શૌર્યમાં તુર્કી મોટું છે. (૧૪) રમત-ગમત અને આનંદમાં ઓસ્ટ્રલિયા મોટું છે. (૧૫) રામરાજ્યમાં ન્યુઝીલેન્ડ મોટું છે. (૧૬) ભોળપણ અને ભલાઇ ફિઝી મોટું છે. (૧૭) પરગજુપણામાં કેનેડા મોટું છે. (૧૮) નમ્રતા અને નરમાશમાં ઇન્ડોનેશિયા મોટું છે. (૧૯) હવાઇ ટાપુનું હોનોલુલુ વિલાસ અને રંગ રાગમાં મોટું છે. (૨૦) સ્ત્રી આઝાદીમાં બર્મા (મ્યાનમાર) મોટું છે. (૨૧) વસતિ અને સર્વભક્ષી ખાણામાં ચીન મોટું છે. (૨૨) શાંતિમાં સિલોન (શ્રીલંકા)મોટું છે. (૨૩) સભ્યતામાં જાપાન મોટું છે. (૨૪) પ્રાચીન સંસ્કૃતિ અને ત્યાગ ભાવનામાં ભારત મોટું છે. (૨૫) નૃત્ય અને નિર્દોષતામાં બાલી મોટું છે. (૨૬) ખમીર અને જુસ્સામાં અફઘાનિસ્તાન મોટું છે. (૨૭) આગ્રહમાં પાકિસ્તાન મોટું છે. (૨૮) રાજાસત્તાકમાં ઇરાન મોટું છે. (૨૯) શ્રધ્ધા અને નવી રાજનીતિમાં પેલેસ્ટાઇન મોટું છે. (૩૦) વૈજ્ઞાનિક સામ્યવાદી સરમુખત્યારીમાં યુગોસ્લોવેકિયા મોટું છે. (૩૧) સમાનતામાં મૈત્રી ભાવનામાં, જમીન વિસ્તારમાં, આનંદ ઉત્સવમાં રશિયા મહાન છે. રશિયા શાંતિની ઝંખના કરે છે અને વૈજ્ઞાનિકતા અને ટેકનિકલ બાબતમાં સૌથી મોખરે છે. (૩૨) બહાદુરી અને વિજ્ઞાનમાં જર્મની મોટું છે. (૩૩) ગુલામીમાં આફ્રિકા મોટું છે. (૩૪) માનવ સૌંદર્યમાં કોકેશિયા મોટું છે. (૩૫) કુદરતી સૌંદર્યમાં નોર્વે મોટું છે. (૩૬) નફો ખાવામાં યુગાન્ડા મોટું છે. (૩૭) મને મફત રહેવાનું મળે તો ક્યા શહેરને પ્રથમ પસંદ કરૂ તેના જવાબમાં મે (કાળુભાઇ) પ્રથમ મુંબઇ અને લંડન, ન્યુયોર્ક, પેરેડાઇઝ સીટી, લેનીનગ્રેડને પસંદ કરૂ છું એમ કહેલું. તેમાં તેમણે દરેક દેશની (કુલ ૩૬ દેશો)એક જ લીટીમાં વિશેષતાઓ બતાવી હતી.દરેક દેશોમાં પોતે એક વિશિષ્ટ હેતુ સાથેના મુસાફર ગણાયા હતા, તેમને જે તે દેશના મુખ્ય મુખ્ય રાજનેતાઓએ આદર સત્કાર આપી આવકાર્યા હતા અને શાહી મહેમાન તરીકે તેમને સાંચવવામાં આવ્યા હતા.કાળુભાઇએ પોતાની સેવાવૃતિ અને ત્યાગની ભાવનાનો વિશ્વને પરિચય કરાવ્યો હતો. આથી તેમની સેવાભાવના માટે ''નર્મદા આશ્રમ'' નામની એક સંસ્થા તરફથી ''નોબેલ પ્રાઇઝ'' આપવાનું જાહેર કર્યુ હતું, પણ તેઓએ સ્વીકાર્યુ નહોતું.[૬૯] પછી તેમને તા.૧૧-૧૦-૧૯૫૩ના રોજ એસ.કે. પાટીલના પ્રમુખપદે મુંબઇ ખાતે કોંગ્રેસ હાઉસના પીપલ્સ હોલમાં ગુજરાતીઓએ જગતપ્રવાસીનો ચંદ્રક આપ્યો હતો.

ટૂંકમાં કાળુભાઇ એટલે શ્રધ્ધા, સાહસ, ગુણગ્રહણવૃતિ અને સેવા અને સાદાઇના પ્રતિક હતા. તેઓને ભારતના હ્યુએનસાંગનું બિરૂદ આપીએ તો કાંઇ અતિશયોક્તિ ગણાશે નહીં. પોતે પ્રવાસ કરી ''વિશ્વવિહાર'' અને ''જગતપ્રવાસ પ્રસાદી''નામના બે પુસ્તકો લખ્યા હતા. તેઓને જ્યારે તેમના સિદ્ધાંત વિશે પૂછવામાં આવતું ત્યારે તેઓ કહેતા કે ''કાંઇ બોલ્યા સિવાય ફક્ત જેટલી બને એટલી તકલીફ એક માણસે હાથ અને પગને આપ્યા કરવી.'' આ સિદ્ધાંત તેમણે સાંગોપાંગ પચાવ્યો હતો. કાળુભાઇને જેટલા કાઠી જ્ઞાતિએ ઓળખ્યા હતા તેનાથી હજારગણા બીજી જ્ઞાતિ અને ગુજરાતે ઓળખીને માનસન્માન આપ્યું હતું.

દ.શ્રી ઓઢાભાઇ હમીરભાઇ ખાચર-ભીમોરા



દ. શ્રી ઓઢાભાઇ હમીરભાઇ ખાચર-ભીમોરા.


કાઠી જ્ઞાતિમાં જ્ઞાતિના પ્રમાણમાં અનેક સંતો અને શૂરાઓ,ભકતો અને દાતાર થયા છે. જ્ઞાતિએ ખાસ કરીને સૌથી વધુ ધર્મ તરફ વધુ ધ્યાન આપ્યુ છે,તેમણે ધર્મની પાછળ અને રીતરિવાજોની પાછળ ખૂબ જ પૈસા વાપર્યા છે.કાઠી જ્ઞાતિમાં ચાંપરાજવાળા ચરખા,મોટા વીરાવાળા બગસરા અને ભીમોરાના ઓઢા ખાચર જેવા જતી પુરૂષો પાકયા છે કે જેમને હૃદયે અનન્ય ભકિતભાવ હતો ,તેઓ ઘણી બાબતોમાં ઇશ્વરને પણ શરમાવે એવુ જીવન જીવ્યા હતા.

ભીમોરાએ ચોટીલા થાણા હેઠળ આવેલો ૧૨ ગામનો તાલુકો હતો અને જે નાજા ખાચરે ચોબારી જીત્યુ હતુ તે નાજા ખાચરના પૌત્ર હમીર ખાચરના પુત્ર હતા,કે જેઓ બાર ગામના તાલુકદાર હોવા છતાં સાદુ અને પવિત્ર જીવન જીવતા હતા,તેમની જન્મ તારીખ મળતી નથી પણ તેમનો ચોબારી ગામે પાળિયો ઉભો કરવામાં આવ્યો છે તેના દ્વારા તેમના અવસાનની તારીખ જાણી શકાય છે તેઓ ઇ.સ. ૧૯૧૦ આસપાસ અવસાન પામ્યા.તેઓ મહાન ભકત હતા અને તેઓને એવુ નીમ હતું કે પરસ્ત્રીને દેખતા જો કુવિચારો આવે તો આંખમાં મરચા આંજતા હતા,આથી ચારણ કવિઓએ તેમના અનેક કવિતો રચ્યા છે અને તેમાં તેમણે તેને ઇશ્વરના બિરૂદો આપવામાં આવ્યા છે. આજે પણ

ભીમોરા ગામે તેમની દેરી ઉભી છે,જ્યાં પંચાળના લોકો તેમની અનેક માનતાઓ માને છે.જો કોઇ સ્ત્રીકે પશુને પ્રસવની પીડા હોઇ કે બાળક આડુ હોયતો ઓઢા ખાચરની માનતા કરતા તરત જ સુખરૂપ પ્રસવ થાય છે,પંચાળના ગામડે ગામડે આવા અનેક દાખલાઓ નોંધાયેલા છે,દરરોજ તેમની દેરીએ આવી માનતા કરવા આવેલા માણસોને જોઇ શકાય છે. ઓઢા ખાચર એક પગે ઉભા રહીને આરાધના કરતા તેથી ભીમોરામાં એક જગ્યાએ તેમના પગલાનું નિશાન પણ બતાવવામાં આવે છે. નાજા ખાચરનો સાત કોઠા વાળો કિલ્લો પણ હજુ તે યુગને સંભારતો ઉભો છે કે જે જગ્યાએ જસદણ ચેલા ખાચરની અને ગાયકવાડી ફોજ સાથે આશરા ધર્મ બાબતે ટાઢાણા કાઠીને આશ્રય આપતા લડાઇ થઇ હતી. ઓઢા ખાચરની આગળ શીલવંત ઓઢા ખાચર શબ્દ લાગ્યો છે,જેવોના અનેક કવિતો અને દુહાઓ પાલરવભાઇએ રચ્યા હતા,જેમકે

હે નાડી હમીરરા વૈદક હોડ વદાં
પીધે પાવરરા આડા ભાંગે ઓઢિયા
સુંદર બાળક સમે કસટ દયે કરતાર
એનો લે ઉગા આવત નાડી ઓઢિયા
પદમાણીએ પાવરના ધણી(તુ)
રીઝયો નહીં કળરૂપ
ભોળવાય ગ્યાતા ભૂપ એકલશીંગી ઓઢિયા.

કુ. શ્રી મૂળુવાળા વાલેરાવાળા-બગસરા



કુ. શ્રી મૂળુવાળા વાલેરાવાળા સાહેબ - બગસરા.

તેઓ બગસરાના કુ.શ્રી વાલેરાવાળા અને રાજકોટ રાજ્યના એક વખતના પોલીસ સુપ્રિન્ટેન્ડેન્ટના પુત્ર છે. તેઓનો જન્મ તા.૧૪-૧૧-૧૯૩૭ના રોજ રાજકોટ ખાતે થયો છે, તેમણે શરૂઆતનું શિક્ષણ રાજકોટની રાજકુમાર કોલેજમાં લીધું હતું અને પછી દિલ્હી યુનિવર્સિટીની હિંદુ કોલેજમાં દિલ્હીમાંથી એમ.એ. ઇતિહાસની પદવી પ્રાપ્ત કરી હતી. તેઓ બી.એ. ઓનર્સમાં યુનિવર્સિટીમાં ત્રીજો નંબર પ્રાપ્ત કર્યો હતો. તેઓ પછી ઇ.સ.૧૯૬૦માં આઇ.એ.એસ. સેન્ટ્રલ સર્વિસીસમાં પ્રથમ પ્રયત્ને પાસ થયા હતા અને કાઠી રાજપૂતમાં સેન્ટ્રલ સર્વિસીસમાં ક્લાસ-વન ઓફિસર તરીકે તેઓ પ્રથમ હતા. તેમણે પોતાના કાર્યકાળ દરમ્યાન જે કામગીરી કરી હતી તેના ઉપર નજર નાંખતા તેમની બુદ્ધિપ્રતિભા અને નીતિમતા અને નિષ્ઠાનો ખ્યાલ આવે છે. પોતે પોતાનો બધો જ કાર્યકાળ રેલવે અને શિપીંગમાં અને ભારત સરકારની એક કંપનીમાં ગાળ્યો હતો. તે ગાળા દરમ્યાન તેમણે દરેક ક્ષેત્રમાં વિશિષ્ટ સુધારાઓ કરાવ્યા હતા.

ઇ.સ.૧૯૬૫માં જનરલ ભગત તેમની સાથે લશ્કર માટે રેલવેના કોર્ડિનેશન ઓફિસર્સ તરીકે ઇ.સ.૧૯૬૫ની લડાઇમાં પૂર્વીફ્રંટ ઉપર કામ કર્યુ હતું, ત્યારે જનરલ ભગતે રેલવે મિનીસ્ટ્રીને મૂળુવાળાની પ્રશંસા કરી અહેવાલ આપ્યો

હતો.[૭૦] ઇ.સ.૧૯૭૧ની લડાઇ વખતે ઇસ્ટર્ન રેલવેના હેડ ક્વાર્ટરમાં જનરલ મેનેજરના સેક્રેટરી તરીકે લશ્કરી મુવમેન્ટની મદદ માટે અગત્યનો ભાગ તેમણે ભજવ્યો હતો.

રેલવેમાં ટિકીટ ચેકીંગનું અભિયાન ગોરીલા પધ્ધતિથી શરૂ કરાવ્યું અને રેલવે બોર્ડે ચેરમેને ખાસ એવોર્ડ આ પધ્ધતિ માટે આપ્યો. અત્યાર સુધી આ પ્રથા ઉપર જ ચેકીંગ ચાલે છે. જે અભિયાન દ્વારા જેટલા ખુદાબક્ષ મુસાફરોને પકડ્યા હતા તેનો રેકોર્ડ હજુ અણનમ છે.

ડેપ્યુટી ડાયરેક્ટર જનરલના હોદાએથી શિપીંગમાં પોતે આઇ.એલ.ઓ.(આંતરરાષ્ટ્રીય મજૂર સંગઠન)ની મેરીટાઇમ કોન્ફરન્સમાં પ્રથમ એડવાઇઝર તરીકે અને પછી ઇન્ડિયન ડેલીગેશનના નેતા તરીકે કામગીરી બજાવી એ વખતે આઇ.એલ.ઓ.મેરીટાઇમના ઇતિહાસમાં એકી સાથે ધારા ધોરણો બનાવ્યા અને સરળતાથી તેનું આધુનિકરણ અને સરળ બનાવવામાં ભાગ ભજવ્યો. આઇ.એલ.ઓ.ના કાયદામાં ભારત તરફથી પ્રથમવાર કાયદાની સુધારણા કરાવી. પ્રથમવાર ભારતે સૂચવેલા કાયદા પસાર થઇ માન્ય રહ્યા અને યુરોપિયન દેશોના સૂચનો માન્ય ન રહ્યા અને વાળાના સૂચનો અમલમાં આવ્યા. આ તેમની આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ભારતને મોટામાં મોટી સિદ્ધિ અપાવનારી કામગીરી હતી. ૯૦૦ ડેલીગેટની સભામાં ૮૦ દેશોના પ્રતિનિધિઓ આવેલા તેમાં સરકારી ઓફિસરો અને જહાજોના માલિકોનું ડેલીગેશન અને યુનિયનનું ડેલીગેશન આ બધી છેલ્લી સભામાં કરારો પસાર કરવા પડે. આ ઠરાવો સર્વાનુમતે પાસ થયા અને તેમાં યુનિયન તરફથી સૂચન કરવામાં આવ્યું કે જે મહેનત અને ખંતથી ભારતીય લીડરે(વાળા) આ કોન્ફરન્સમાં ભાગ ભજવ્યો છે તે ન હોત તો આ ઐતિહાસિક સિદ્ધિ ન મળી હોત. આ કોન્ફરન્સ સ્વિટઝરલેન્ડ (જીનીવા)માં હતી.

જહાજ ખાતામાં ખલાસીઓ માટે તેઓએ વેલ્ફેર ફંડ શરૂ કરાવ્યો અને વિદેશી નાણામાં તેનો ફાળો મળતો હતો. આ ફંડને વડાપ્રધાનના ફંડ સાથે સરખાવવામાં આવે છે. આનો ફાયદો આજે પણ દરેક રજીસ્ટ્રડ થયેલ નાવિકને મળે છે અને તે નાવિકોના બાળકો અને કુટુંબીજનો શ્રી વાળાને આશીર્વાદ આપે છે. આ યોજનાથી હંમેશને માટે નાવિકને માટે આર્થિક જવાબદારી લટકતી રહેતી હતી તે ટળી ગઇ.

રીઝર્વેશન અગેન્ઇસ્ટ કેન્સેલેશનની રેલવેમાં યોજના તેમણે શરૂ કરી હતી, તેનાથી રેલવેની એકસાથે ટિકીટ લઇ વેચનારાની પોલ છતી થઇ અને લોકોને ફાયદો મળ્યો તે પણ પ્રથા તેમની દેણગી છે, તે પ્રથા પછી કાયમી બનાવવામાં આવી છે.

આફ્રિકામાં વર્લ્ડ બેંક તરફથી રેલવે સુધારણા માટે જે ભારતીય ટીમ ગયેલી તેમાં એક વાળા હતા અને તેઓ ઘાનાના ટાકોરાડી શહેરમાં બે વર્ષ રહ્યા હતા.

ડિસ્ટ્રીક્ટ રેલવે મેનેજર (મુગલસરાઇ)તરીકે ત્રણ વર્ષ ફરજ બજાવી, જ્યાં મુગલસરાઇ ડીવીઝનમાં એશિયામાં સૌથી વધુ માલગાડીઓનું ટ્રાફિક છે ત્યાં ઘણા સુધારા વધારા કર્યા હતા.

ચીફ ઓપરેટીંગ સુપ્રિન્ટેન્ડેન્ટ વેસ્ટર્ન રેલવેમાં ટ્રાન્સિપમેન્ટ પોઇન્ટ કે મીટર કે બ્રોડગેજ વચ્ચે અંતર રાખવા પડતા અને જેના લીધે લાખો રૂપિયાનું ભારતીય રેલવેને નુકસાન થતું હતું એમાંથી બે મુખ્ય ટ્રાન્સિપમેન્ટ પોઇન્ટ બંધ કરાવ્યા અને બ્રોડગેજનું પૂર્ણ ડિઝલ એન્જીનથી આધુનિકરણ તેઓએ કરાવ્યું અને એક અઠવાડિયામાં ૧૧૩ સ્ટીમ એન્જીન બંધ કરાવી ફક્ત ૧૩ ડિઝલ એન્જીનથી પેસેન્જરનું આધુનિકરણ અને રાઇટ ટાઇમ ચલાવવાનો યશ તેમને મળ્યો. આ કાર્યથી ભારતીય રેલવેને કરોડોને ખોટ થતી હતી તે કાયમ બચત કરતી થઇ અને ઘણો સ્ટાફ ઓછો રાખવો પડતો હતો તે ૬ થી ૭ હજારનો સ્ટાફનો પગાર બચાવ્યો.

તેમણે કંટેનર કોર્પોરેશન ઓફ ઇન્ડિયાના મેનેજીંગ ડાયરેક્ટર તરીકે પણ પોતાના છેલ્લા કાર્યકાળ દરમ્યાન ફરજ બજાવી છે. કંટેનર કોર્પોરેશન ઓફ ઇન્ડિયા વિવિધલક્ષી આધુનિક વાહનવ્યવહારની પધ્ધતિ છે. તે પ્રથમવાર જ ભારતમાં સ્થાપી અને ત્રણ વર્ષના ગાળામાં તેમના વાર્ષિક હિસાબો ટર્નઓવર ૫૦ કરોડનું હતું.[૭૧] તેને બદલે ૫૦ કરોડનો ચોખ્ખો નફો મેળવતું બનાવી દીધું.[૭૨] ભારતીય કંટેનર કોર્પોરેશન ઓફ ઇન્ડિયાનું આયોજન જોઇને ચીને આ પધ્ધતિ તેમના દેશમાં શરૂ કરી હતી. અત્યારે ભારતીય કંટેનર કોર્પોરેશનનું ટર્નઓવર ૧૦૦૦ કરોડ ઉપર છે. [૭૩] છ - સાત વર્ષના ટૂંકાગાળામાં અને ભારત સરકારે

આ કોર્પોરેશનને મીનીરત્નમાં કાયદેસર રીતે સ્વીકૃત કર્યુ છે.[૭૪] મીનીરત્ન થવાથી જાહેર સાહસવાળી સંસ્થા હોય તેમને સ્વયં અધિકારો આપ્યા છે, તેમને વાણિજ્ય માટે પુષ્કળ સત્તા આપવામાં આવે છે,તેમની કારકિર્દીમાં સમસ્ત ભારતમાં રેલવે પરિવહન, શિપીંગ અને કંટેનર ઓપરેશનના જાણકાર અને નિષ્ણાંત હોય તો તેઓ સમગ્ર ભારતમાં એક જ છે.[૭૫]

આજે મલ્ટીમોડલ લોજીસ્ટીક કન્સલટન્ટની કંપની તરફથી શિપીંગ, પોર્ટ, કંટેનર, રેલવેના પ્રોજેક્ટોના નવા સાહસો માટે તેઓ સલાહસૂચન આપે છે, તેમના ઘણા સૂચનથી ઘણી સરકારી સ્કીમોને માન્યતા મળી અને સફળ થઈ છે. આથી દેશના વાણિજ્યને ફાયદો થયો છે.

વાળાના પ્રયાસથી ઈરાન અને ભારત વચ્ચે સોવિયેત યુનિયનના પહેલાના દેશો માટે ભારતીય કંટેનરોને ટૂંકા રસ્તાથી લઈ જવાની આવ-જા કરવાની પરવાનગી મળી હતી, એ સમયના રેલવે મંત્રી શ્રી જાફર શરીફે આ કોલ કરાર ઉપર સહી સિક્કા કર્યા હતા અને ઈરાન-ભારત વચ્ચે કરાર થયો હતો.[૭૬]

બર્માના પ્રથમ વડાપ્રધાન ઉનુ જ્યારે તા.૮-૧૨-૧૯૮૭ના રોજ ભારતમાં સારનાથની યાત્રાએ આવેલા ત્યારે તેમના યાત્રા પ્રવાસની વ્યવસ્થા એમને ખૂબ જ સરસ લાગી અને તેમણે ખાસ કહ્યું કે આ વ્યવસ્થામાં તમે (વાળાએ)પોતે જ રસ ન લીધો હોત તો થઈ શકી ન હોત.[૭૭] મેટ્રો રેલવેના અભ્યાસ માટે અમેરિકા અને કેનેડામાં યુનાઈટેડ નેશન્સની ફેલોશીપ ઈ.સ.૧૯૮૨માં તેઓને મળી હતી.[૭૮]તેઓએ યુરોપમાં ફ્રાંસ, ડેનમાર્ક, નોર્વે, સ્વિટ્ઝરલેન્ડ, ઈટાલી, ઈંગ્લેન્ડ વગેરે દેશોમાં અને અમેરિકા અને એશિયામાં દુબઈ, સિંગાપોર, ઈરાન, થાઈલેન્ડ, હોંગકોંગ, કોરિયા, બાંગ્લાદેશ અને નેપાળનો પ્રવાસ કર્યો હતો.તેઓ આજે દિલ્હીમાં વસે છે.

તેઓએ પોતાના કાર્યકાળ દરમ્યાન અસંખ્ય લોકોને નોકરીઓ અપાવી છે અને રેલવેના તેમના કાર્યકાળ દરમ્યાન આવેલા સંપર્કમાં આવેલા બધા જ માણસોનો ખૂબ પ્રેમ પ્રાપ્ત કર્યો છે અને મિ.વાલાસાહેબના નામથી ઓળખે છે.

દ.શ્રી પૂંજાવાળા એભલવાળાસાહેબ -સાંથળી

તેઓનો જન્મ સંવત૧૯૮૬ના ભાદરવા સુદ-૧૦ના રોજ થયો છે,તેમણે બાળપણથી માતાના ખોળાથીજ યોગવશિષ્ટ અને,રામાયણ અને ગીતાનું રસપાન કર્યુ હતુ,તેમને પિતાશ્રીએ પ્રવાસની અનુકૂળતા કરી આપતા તેઓને પ્રવાસનો શોખ જાગ્યો અને તેઓ કુદરતના ખોળે ફરવા માંડયા અને કુદરત પ્રેમી બનતા ગયા.તેઓએ ડીંગળ,પીંગળ,અને વ્રજ ભાષાના ગ્રંથોનું અધ્યયન કર્યુ અને તેમનો શોખ સાહિત્ય તરફ ઢળતો ગયો પછી તેઓએ દર્શનશાસ્ત્રના વિષય સાથે એમ.એ.ની પદવી મેળવી. અમરનગરના દ.શ્રી અમરાવાળાસાહેબ તેમના પિતાશ્રીના ખાસ મિત્ર હોવાથી તેઓ પિતા સાથે વારંવાર અમરનગર જતા અને ત્યાં કલાકારો,કવિઓ,કસબીઓ,વાર્તાકારોનો પરિચય થતા તેમને પણ વાર્તા તરફ આકર્ષણ જાગ્યુ અને તેમણે લોકવાર્તાના માધ્યમને પસંદ કર્યુ ત્યારબાદ તેમની અસંખ્ય વાર્તાઓ ટી.વી. અને રેડિયો ઉપરથી પ્રસારિત થઈ છે,તેઓ પોતાની વાર્તામાં શ્રૃંગાર,ભકિત અને વીર,કરૂણ રસ એવી રીતે પીરસે છે કે શ્રોતા આફરીન થઈ જાય છે.તેઓને દિલ્હીની માતબર 'કથા' સંસ્થાએ તજજ્ઞોની ઉપસ્થિતિમાં સાંભળી શ્રેષ્ઠ લોકવાર્તા 'કથક' નો એવોર્ડ આપ્યો ત્યારે બી.બી.સી. લંડને પણ તેમની પ્રશંસા કરી હતી.ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીએ તેમને ઈ.સ.૧૯૯૮-૯૯નો 'ગૌરવ પુરસ્કાર એવોર્ડ' રાજયપાલના હસ્તે એનાયત કર્યો હતો.તેઓનું બોટાદ મુકામે પ્રમુખસ્વામી મહારાજના હાથે કાઠી સમાજે સન્માન કર્યુ હતુ,તેઓ દેશ વિદેશમાં અનેક માન સન્માન અને એવોર્ડ મેળવી ચૂકયા છે અને તેમણે પરદેશનો પ્રવાસ પણ કરેલ છે.

દેવેન્દ્રભાઈ ભગુભાઈ ખાચર - સણોસરા

તેઓ સણોસરાના છેલ્લા તાલુકદાર શ્રી જીવાભાઈ અમરાભાઈ ખાચરના નાના ભાઈ વીરાભાઈ ખાચરના પૌત્ર છે. તેઓ તા.૨૩-૭-૧૯૬૨ના રોજ બોડી મુકામે જનમ્યા છે. તેઓએ પ્રાથમિક શિક્ષણ અને હાઈસ્કૂલનું શિક્ષણ શારદાગ્રામ અને બગસરામાં લીધું છે. નાનપણથી જ પિતાજીની અસર હેઠળ ખૂબ રહેલા હોય તેઓમાં પણ આર્યસમાજના વિચારો વધુ અનાયાસે જ ગુંથાઈ ગયા છે. નાનપણથી જ પ્રવાસના ખૂબ શોખીન હોવાથી તેમણે કુ.શ્રી મૂળુવાળા વાલેરાવાળા બગસરાની સાથે કાશ્મીર, નેપાળ, દાર્જીલીંગ, મુંબઈ વગેરે વગેરે સ્થળોના પ્રવાસો કર્યા હતા, તેમાંથી તેમની પ્રવાસ દ્રષ્ટિ કેળવાણી.



ભારત પ્રવાસી દેવેન્દ્રભાઈ ખાચર બાબા આમટે સાથે.

પછી તો પોતાને કાળુભાઈ બસિયાની જેમ ભારતભરનો પ્રવાસ કરવાનો અભરખો જાગ્યો. તેઓએ શિક્ષણ તો ખૂબ જ ઓછું લીધુ છે, એટલે કે તેઓ નોન મેટ્રીક પાસ જ છે. પરંતુ નેશનલ યુથ પ્રોજેક્ટ દ્વારા ભારત જોડો અભિયાનની જાહેરાત આવતા તેમણે પણ તેમાં પોતાની ઉમેદવારી નોંધાવી હતી. બીજા ઉમેદવારોના પ્રમાણમાં ઓછું ભણેલા એવા તેમની આ પ્રવાસ માટે પસંદગી કરવામાં આવી ત્યારે તેઓએ આસામથી ઓખા સુધી છ માસ સુધી ભારત વિખ્યાત બાબા આમટે સાથે ''ભારત જોડો'' અભિયાનના આસામથી ઓખાના ૧૬રાજ્યોના સાઈકલ પ્રવાસમાં તા.૧-૯-૮૮થીતા.૨૬-૩-૮૯ સુધી ભાગ લઈ કાઠીઓના ઈતિહાસમાં પોતાનું નામ સુવર્ણાક્ષરે કોતરાવ્યું છે.[૭૯]


તેઓના આ પ્રવાસની અગત્યતા અને તેઓની આ નોંધ લેવાનું કારણ બાબા આમટેનો થોડો પરિચય અને હેતુઓ જાણવાથી સમજી શકાશે કે કાઠી જ્ઞાતિના એક યુવાને વિખ્યાત માણસ સાથે સમગ્ર ભારતમાંથી ચુંટી ચુંટીને પસંદ કરેલા યુવાનોમાં પોતે પસંદ થઈ કાઠી જ્ઞાતિનું ગૌરવ વધારેલ છે.

આમટે મુરલીધર દેવદાસ (જન્મ તા. ૧૬-૧૨-૧૯૧૪) તેઓ બાબા આમટેના નામથી સમગ્ર ભારતમાં ઓળખાય છે. તેઓ મહારાષ્ટ્રના બહુપ્રતિભા સંપન્ન સમાજસેવક, ચિંતક, કવિ અને રક્તપિતિયાઓના ઉદ્ધારક એવા મહાપુરૂષ છે. વસેરા ગામના ઉકરડા પાસે પડેલા એક રક્તપિતના રોગીને જોઈને તેના જીવનમાં પરિવર્તન આવ્યું ને તેણે માનવ દેહની આવી દુર્દશા થતી જોઈને રક્તપિતના રોગ સામે જજુમવાનું નક્કી કર્યુ. ઈ.સ.૧૯૪૮માં કલકત્તા સ્કૂલ ઓવ ટ્રોપીકલ મેડીસીનમાં આ રોગના ઉપચારની તાલીમ મેળવવા દાખલ થયા.

ત્યારે તે રોગ અસાધ્ય ગણાતો હતો. તે ફક્ત માનવ પ્રાણીને થતો હોવાથી પ્રાણીઓ ઉપર પ્રયોગો કરવાનું શક્ય નહોતું ત્યારે બાબા આમટેએ પોતાના શરીર ઉપર પ્રયોગ કરવાની હિંમત બતાવી અને તેના શરીરમાં આ રોગના જંતુઓ દાખલ કરવામાં આવ્યા, પણ તેમને એ રોગ થયો નહીં. એ અરસામાં ડી.ડી.એસ.નામે ઓળખાતી દવા શોધાણી ત્યારે બાબાએ આ પ્રયોગો બંધ કર્યા અને એવા રોગીઓના ઈલાજ અને પુર્નવસવાટનું કામ હાથમાં લીધું. પંજાબમાં ત્રાસવાદીઓની હિંસક ઘટનાઓથી હલબલી જઈને તેમણે ડિસેમ્બર, ૧૯૮૫માં ભારતભરના ૧૧૦યુવક-યુવતીઓ સાથે એકતાનો સંદેશો ફેલાવવા કન્યાકુમારીથી કાશ્મીર સુધીની ''ભારત જોડો'' સાઈકલ યાત્રાનો પ્રારંભ કર્યો. બીજી યાત્રા ઈ.સ.૧૯૮૮-૮૯માં આસામથી ઓખા સુધીની કરી તેમાં આપણા આ પ્રેરક શ્રી દેવેન્દ્રભાઈ હતા. બાબા આમટેને રાષ્ટ્રભૂષણ, જમનાલાલ બજાજ પુરસ્કાર,

મેગ્સેસે પુરસ્કાર, રાષ્ટ્રસંઘ શાંતિ પુરસ્કાર, પદ્મવિભૂષણ પુરસ્કાર મળેલ છે. એવા માણસની સાથે જેને છ મહિના નજીકથી રહેવાનો મોકો મળ્યો એ માણસની નોંધ ઈતિહાસે અવશ્ય લેવી જોઈએ અને તેમાંથી ભવિષ્યના ઘણા બધા યુવાનો પણ પ્રેરણા લઈ શકે તેમ છે.

હકાભાઈ રૂખડભાઈ ખાચર-સાળીંગપુર



શ્રી હકાબાપુ ખાચર - સાળીંગપુર.

હકાભાઈ સમગ્ર કાઠી સમાજમાં અને સ્વામિનારાયણ સંપ્રદાયના સંતોમાં હકાબાપુના વ્હાલસોયા નામથી ઓળખાય છે. તેઓનો જન્મ તા.૨૫-૫-૧૯૧૬ના રોજ સાળીંગપુર ખાતે જીવા ખાચરના દરબારગઢમાં જ્યાં ભગવાન સ્વામિનારાયણે અનેક વચનામૃતો કહ્યા હતા ત્યાં થયો હતો.[૯૦]તેઓ જીવા ખાચરની પાંચમી પેઢીના વંશજ છે.

તેઓએ ૬ ધોરણ સુધીનો અભ્યાસ સાળીંગપુર, ગઢડા, ધોલેરા અને ધંધુકામાં કર્યો હતો. એ સમયગાળા દરમ્યાન તેઓ રાણપુરમાં અમૃતલાલ શેઠ અને ઝવેરચંદ મેઘાણીના સંપર્કમાં પણ આવ્યા હતા. ત્યારે તેઓ કાઠી સમાજમાં એક આગળ પડતા વકતૃત્ત્વશાળી યુવાન તરીકે નામના મેળવી હતી.[૯૧] કાઠી સંગઠનના પુરા હિમાયતી હતા અને દારૂ અને અફીણ વગેરે તમામ વ્યસનો દૂર કરવાના હિમાયતી હતા. પોતે જ્યાં જ્યાં કાઠી જ્ઞાતિની મીટીંગો થતી હતી તેમાં અવશ્ય જતા હતા. કાઠી રાજપૂત એસોસિએશન બરવાળા ચોવીસીનું હતું તેમાં તેઓ ખાસ સક્રિય સભ્ય રહ્યા હતા.

તેઓને સ્વામિનારાયણ સંપ્રદાયની ધર્મ ભક્તિનો નાની કુમળી વયથી જ રંગ લાગ્યો હતો. જ્યારે તેમના નાના ભાઈનું યુવાન વયે અવસાન થયું ત્યારે તેમનામાં ધાર્મિકતા અને વૈરાગ્યની ભાવના પ્રગટી હતી. બરાબર એ સમયગાળામાં બોચાસણ સંસ્થા સ્થપાઈ અને શ્રી શાસ્ત્રીજી મહારાજ સાથે સંપર્કમાં આવ્યા અને તે પછી તેમના સેક્રેટરી તરીકે પણ કામ કર્યુ. તેઓની દેખરેખ અને વહીવટ હેઠળ ગોંડલ અને ગઢડાના સ્વામિનારાયણ મંદિર બંધાયા.

તેઓએ શાસ્ત્રી મહારાજ અને શ્રીયજ્ઞપુરૂષદાસજી એમ બે સમર્થ સંતોના સેક્રેટરી તરીકે કામ કર્યુ તે સાથે સાથે તેમણે યુરોપ, આફ્રિકા, અમેરિકા વગેરે દેશનો વિદેશ પ્રવાસ કરેલ છે. જેઓ સૌરાષ્ટ્રના અનેક રજવાડાના રાજવીઓની સાથે સંપર્કમાં આવેલા અને ભારતના રાષ્ટ્રપતિ ડો. રાધાકૃષ્ણનને પણ મળ્યા હતા.[૯૨]તેમણે સાળીંગપુરમાં બાલમંડળ, યુવકમંડળ, સ્કૂલ કમિટિ, સહકારી સોસાયટી, ગરીબ વિદ્યાર્થીઓને મદદ વગેરે વગેરે ક્ષેત્રોમાં કામ કરી પોતાની સેવાભાવનાનો પરિચય કરાવ્યો હતો.

પોતે સંસારી હોવા છતાં તેઓ છેલ્લા ૨૦ વર્ષથી પ્રસંગોપાત સિવાય ક્યારેય પણ ઘરે જતા નથી અને સાળીંગપુરના સ્વામિનારાયણ મંદિરમાં જ રહીને ભક્તિ કરી રહ્યા છે. આજે ૯૦ વર્ષની જૈફ વયે પણ તેઓ હજુ સારૂ સ્વાસ્થ્ય ધરાવે છે અને સંપ્રદાયમાં દરેક વખતે તેમના સલાહસૂચનો સ્વીકારવામાં આવે છે. તેઓ કાઠી જ્ઞાતિમાં સામાજિક ક્ષેત્રે સુધારણા

કરવાના પ્રબળ હિમાયતી રહ્યા છે.

નાજભાઈ નથુભાઈ વાળા-ચાડિયા (ઈ.સ.૧૯૦૪ થી ૧૯૭૭)

તેઓ ઈ.સ.૧૯૦૪માં જન્મ્યા હતા. તે ચલાળા પાસેના ચાડિયા ગામના વતની હતા. જેમને બાર-તેર વર્ષની ઉંમરથી વાંચનનો શોખ પ્રગટ્યો હતો અને તેઓ પુસ્તકાલયમાંથી પુસ્તકો મેળવી વાંચતા. વડોદરા રાજ્યનું ''સયાજીવિજય''નામનું અઠવાડિક અખબાર વાંચતા હતા. એ જ્યારે દસ વર્ષની વયના હતા એવા સમયે પ્રથમ વિશ્વ યુદ્ધ શરૂ થતા ''ભર કટોરા રંગ'' નામની કટાર આવતી તે બાળવયે ખાસ વાંચતા અને બ્રિટીશરોની બહાદુરીની વાતોથી નવાઈ પામતા.

આમ નાજભાઈનું બાળપણ વાંચન અને નવા નવા વિચારો કરવામાં વિત્યુ, પોતે બહુ જાજુ શિક્ષણ મેળવી શક્યા ન હતા પણ શિક્ષણને બરાબર પચાવ્યું હતું એ પછી તેઓ ગાંધીવાદી વિચારો તરફ ઢળ્યા, જ્યારે તેમની ઉંમર માત્ર ૧૪ વર્ષની હતી ત્યારે ગાંધીજી અમરેલી આવ્યા એ વખતે તે મહામુસીબતે અમરેલી પહોંચી ગયા અને ગાંધીજીના દર્શન કરી તેમના ભક્ત બની ગયા.

ભક્ત પણ પાછા કેવા કે ગાંધીજી ઉપર અનહદ પ્રેમથી પોતે પણ ખાદીધારી બન્યા અને તકલીથી કાંતવાનું પણ શરૂ કર્યુ. અરે ! જ્યારે ગાંધીજી જેલમાં ગયા હોય અને જ્યાં સુધી જેલમાં રહે ત્યાં સુધી ગળપણ અને ચા પણ નહીં પીવાની તે પ્રતિજ્ઞા કડકપણે પાળતા હતા. તેઓએ સંવત૨૦૮૪માં ગાંધી જયંતિ નીમિતે ફાળો કરીને કૂતરાને લાડવા ખવરાવતા બાપુએ ઠપકો આપ્યો કે માણસો ભૂખ્યા રહેતા હોય ત્યારે તમે આવુ કરો તે મને ગમે નહીં.[૯૩] જ્યારે તા.૧૬-૨-૧૯૪૬ના રોજ તેમના દીકરીના લગ્ન હતા ત્યારે તરવડાના આશ્રમમાંથી મિત્રો અને હરિજન બાળકોને પણ તે પ્રસંગમાં નોતર્યા અને તેઓએ પિરસવાનું પણ કામ કર્યુ ,[૯૪]આવો સુધારો પોતે કર્યો પણ તેમ છતાં એક પણ કાઠી કશું તેમની વિચારસરણીને તેમના કાર્યને લીધે બોલી શક્યો ન હતો.

પોતે માત્ર ઘરમાં સુધારા કરાવ્યા એવું નથી પણ તેઓ કાઠીઓની દરેક મીટીંગમાં જતા અને ભાષણો કરતા અને કાઠી જ્ઞાતિના મુખપત્રોમાં ૨૫ જેટલા લેખો લખી સમાજ સુધારાની પ્રવૃત્તિને વેગ આપનાર હતા. તેઓ ચુસ્ત સ્વામિનારાયણ ધર્મ પાળતા પણ તેમ છતાં મરજાદી અને બંધિયાર વિચારોવાળા નહોતા બની ગયા, પણ રાષ્ટ્રવાદી બનીને ઈસ્માઈલભાઈ નાગોરીના પત્ની ખદીજાબેને બનાવેલી રસોઈ તેમનું આખું ઘર પ્રેમથી આરોગતુ હતું.

પોતે સંપૂર્ણપણે ગાંધીવાદી હોવાથી પોતે તો દારૂ, અફીણ, જુગાર જેવા વ્યસનોથી બચ્યા હતા પણ જ્ઞાતિમાંથી પણ એ દૂષણો દૂર કરવા તેમણે સતત ઝુંબેશ ચલાવી હતી. જ્યારે અમરેલીમાં વડોદરા રાજ્ય પ્રતિનિધિ મંડળનું ૧૧મું અધિવેશન મળેલ તેના અનુસંધાનમાં ઈ.સ.૧૯૩૩માં કાઠીઓએ રજૂઆત કરવાની ચર્ચા કરવા મીટીંગ બોલાવી હતી, તેનો તમામ ખર્ચ પોતે ભોગવ્યો હતો. જ્યારે ઈ.સ.૧૮૭૭નો ગાયકવાડ સરકારનો ખાલસા ગિરાસધારો કાઠીઓને પજવી રહ્યો હતો ત્યારે તેમણે ''ગાયકવાડી ગરાસિયાની કરૂણ કથા''નામે લેખ લખી ગાયકવાડી રાજ્યના અન્યાયને ખુલ્લો પાડી[૯૫] ગાયકવાડ સરકારને હચમચાવી નાંખી હતી, જેમાં પોતે લખ્યું કે ''ગાયકવાડ રાજ્ય જ એવું છે કે જેમાં એક ગુનાની બે સજા થાય છે''

તેઓએ ''ઈશ્વરવાદના અનિષ્ટો'' નામનું પસ્તક લખ્યું હતું, તેમાંથી તેમના વિચારો અને જીવનદર્શન વિશે જાણવા મળે છે.

તેઓ રતુભાઈ અદાણી અને જયમલ્લભાઈ પરમારની સાથે પણ સતત સંપર્કમાં રહ્યા હતા. ઈ.સ.૧૯૬૧માં જ્યારે ભાવનગર ખાતે કોંગ્રેસનું અધિવેશન ભરાયું ત્યારે તેમણે રતુભાઈ અદાણીની સૂચનાથી ત્યાં કાઠી ઘર તૈયાર કર્યુ હતું અને તે જોઈ વડાપ્રધાન જવાહરલાલ નહેરુ પણ કાઠી સંસ્કૃતિ તરફ આકર્ષાયા હતા.[૯૬]નહેરુએ કાઠી ઘર જોઈને ત્યાં પૂછયુ હતુ કે કાઠીઓ દરરોજ આ રીતે જ રહે ? જમવાના સુંદર વાસણો જોઈને કહે કાઠી આ રીતે જ રોજ જમે ? આમ નહેરુને પણ કાઠી સંસ્કૃતિ તરફ ખેંચ્યા તેથી તેમની મહેનતનું પ્રદર્શન દીપી ઉઠયું હતું. પોતે કાઠી સંસ્કૃતિ અને માંડછાંડના સારા એવા જાણકાર હતા, તેમણે ''કાઠી કોમનું મોતી અને હીરભરત'' નામનો ઉર્મિ નવરચનાના ભરત કંડાર વિશેષાંક માટે લેખ લખ્યો પણ તે છપાય તે જોવા માટે રહ્યા ન હતા.

પોતે ગાંધીજીના આજીવન એવા પૂજારી બનીને રહ્યા કે એક વાર અમરેલીમાં મુંબઈ તરફનો કોઈ રાદડિયા નામનો કોઈ વ્યકિત ભાષણ કરવા આવ્યો ને તે ગાંધીજી વિરૂધ્ધ ખૂબ જ બોલ્યો, ત્યારે તો તેઓ સ્વભાવ મુજબ ગરમ થઈ ગયા પણ ગાંધીજીના શિષ્ય બન્યા હોવાથી અહિંસક વિચારસરણી મુજબ બાજુમાં બેઠેલા આપાભાઈ વાળાની લાકડી હેઠી મૂકી દીધી.

જ્યારે ગાંધીજીના માત્ર તે એક ભક્ત નહોતા પણ તેમનું આખું કુટુંબ ગાંધીજીને પોતાના ગણતું અને જ્યારે ગાંધીજીના મૃત્યુના સમાચાર તેઓએ સાંભળ્યા ત્યારે તેઓના ઘરમાં બે દિવસ સુધી રાંધ્યુ નહીં અને કોઈએ ખાધુ પણ નહીં. એ જ રીતે કસ્તુરબાના અવસાન સમયે ચાડિયામાં ખેડૂતોને તેમણે બે દિવસની હડતાલ રખાવી હતી.[૮૭]

તેઓએ ગાંધીજીના અવસાન પછી એક સતત એક અફસોસ થયા કરતો કે ''હું ગાંધીજીના ચરણસ્પર્શ ન કરી શક્યો કે તેમને ઘરે ન લાવી શક્યો'' આ તેમનો વસવસો જાણે કે ઈશ્વરે સાંભળ્યો હતો ત્યારે શેત્રુંજીમાં જ્યારે ગાંધીજીના અસ્થિકુંભનું વિસર્જન કરવાનું હતું તે કુંભ ચાડિયાથી પસાર થતા તેને પોતાને ઘેર લાવ્યા અને રાત રોક્યા અને ખુદ બાપુ જ પધાર્યા હોય તેવો સંતોષ વ્યક્ત કરી મન મનાવી લીધું. તેઓ ગાંધીજીને માત્ર અમરેલી અને ઢસામાં (ગોપાલગ્રામ) બે વાર સાંભળ્યા હતા. તેમાં જ આ એક કાઠી યુવાન ઉપર આવી જબરી અને ઊંડી અને ગાંધીજીની ઘેલી ભક્તિ લાગી ગઈ હતી.

તેઓ આજીવન ખાદીવ્રતધારી રહી જ્ઞાતિસેવા, સમાજસેવા અને માનવજાતની ઉદ્ધારની પ્રવૃત્તિઓ અને સત્યની ઉપાસના કરતા કરતા તા.૨૭-૨-૧૯૭૭ના રોજ અવસાન પામ્યા. પરંતુ તેમણે કાઠીઓના ઈતિહાસમાં પોતાનું નામ સુવર્ણાક્ષરે કોતરાવી આજે પણ અનેક યુવાનો અને ગાંધીવાદીઓને પણ પ્રેરણા આપતા રહ્યા છે.

દ.શ્રી.હાથીભાઈ છેલભાઈ ખાચર-પાળિયાદ

તેઓ માત્ર ચારેક ધોરણ જ ભણેલા હતા પણ કોઠાસૂઝ અને અજબની યાદશકિત ધરાવતા હતા,તેઓ તાલુકા પ્રમુખ બોટાદ, અને માર્કેટીંગ યાર્ડ બોટાદના પ્રમુખ તરીકે રહયા હતા.તેઓ બે ટર્મ ધારાસભ્ય તરીકે રહયા અને તેમણે સુખભાદરથી બોટાદ પાણીની લાઈન નંખાવી હતી, સુખભાદર ડેમની કેનાલ કઢાવી હતી આ તેમના અવિસ્મરણીય કાર્યો છે.બોટાદની કાઠી બોર્ડિંગની સ્થાપનામાં તેમનો અનન્ય ફાળો હતો તેમને કાઠી જ્ઞાતિનો ઈતિહાસ લખાવવાની ઘણી ઈચ્છા હતી.

દ.શ્રી.શિવરાજકુમાર ખાચર-જસદણ (ઈ.સ.૧૯૩૦ થી ૧૯૮૯)

શિવરાજકુમાર એ જસદણના છેલ્લા રાજવી આલા ખાચર બીજાના પુત્ર હતા, તેમનો જન્મ તા.૯-૧૦-૧૯૩૦ના રોજ [૮૮]થયો હતો. પોતે માત્ર છ માસ જ રાજકોટની રાજકુમાર કોલેજમાં શિક્ષણ મેળવ્યું હતું. બાકી ત્યાં સાજા માંદા રહેતા દરબારગઢમાં જ શિક્ષક રાખી થોડુંક જ ભણ્યા હતા.[૮૯] પણ તેમ છતાં તેમનું નામ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પક્ષીવિદ્ તરીકે જાણીતું થયું હતું. તેઓની ઉપર ભાવનગરના કુ.શ્રી ધર્મકુમારસિંહજીની ઊંડી અસર પડી હતી.[૯૦]

તેઓ વડોદરાના શ્રીમંત મહારાજા પ્રતાપસિંહ રાવ ગાયકવાડના કુંવરી પ્રેમીલારાજેસાહેબ સાથે તા.૧૧-૧૨-૧૯૫૨ના રોજ લગ્ન સંબંધથી જોડાયા હતા, તેઓની જાન પ્લેનમાં ગઈ હતી, પોતે સ્વભાવે શાંત, સૌજન્યશીલ, હસમુખા અને સરળ નિખાલસ હતા.

તેઓને રાજકારણનો સારો એવો શોખ હતો. તેઓ ઈ.સ.૧૯૬૭ થી ૧૯૭૦ સુધી સ્વતંત્ર પક્ષના ધારાસભ્ય તરીકે અને ઈ.સ.૧૯૭૫ થી ૧૯૮૦ દરમ્યાન અપક્ષ ધારાસભ્ય તરીકે ચુંટાયા હતા, ત્યારે તેમણે પોતાના તાલુકામાં સો ટકા ગ્રામ્ય વીજળીકરણ કરાવ્યું હતું. પોતે દુષ્કાળ વખતે રાહતકાર્યો ચાલતા ત્યાં ખાસ જતા અને છાંયડા, પાણીની વ્યવસ્થા કરાવતા અને મજૂરોને યોગ્ય મજૂરી મળે છે કે કેમ તે માટે ક્યારેક પોતે કામનું માપ કરાવતા હતા. આથી જસદણ આસપાસના વિસ્તારમાં સ્વચ્છ અને સાચા સેવાભાવી માનવીની તેઓની છાપ ઉપસી હતી. વળી તેઓ અવારનવાર લોક પ્રશ્નો હલ કરાવતા હોવાથી ખૂબ જ લોકપ્રિય બન્યા હતા.

ખાસ કરીને તેમણે કાઠી જ્ઞાતિમાં રીતરિવાજો સુધરે અને જ્ઞાતિ સુખી થાય તે માટે ઘણુ બધુ કામ કર્યુ હતું. તેઓ નવા સૂરજદેવળના પ્રમુખ બન્યા તે કાળ દરમ્યાન સૂરજદેવળ ખાતે પૂ.મોરારીબાપુની કાઠી સમાજ દ્વારા પારાયણ ગોઠવવામાં આવી હતી. તે પછી કાઠી જ્ઞાતિમાં ઘણા સુખ અને સમૃદ્ધિ વધ્યા છે એવું કાઠી સમાજ માની રહ્યો છે. પોતે કુરિવાજો દૂર થાય

તે માટે તો એવા હિમાયતી હતા કે કાઠી જ્ઞાતિમાં જે મૃતદેહને ડેલામાં લઈ જવાની પ્રથા હતી તે તો તેમના પિતાએ જસદણમાં સદંતર બંધ કરાવી હતી પણ પોતે તો માત્ર સાવ સાદાઈથી ઠાઠડીએ પોતાને બાળવાનું કહી ગયા હતા અને તેમના દેહને ચંદનના કે કોઈ કિંમતી લાકડાથી નહીં પણ છાણાથી જ બાળવાનું કહી તેમના પર્યાવરણ પ્રેમને તેમણે છતો કર્યો હતો,પછી તેમની ઈચ્છા મુજબ જ છાણાથી જ તેમને બાળવામાં આવ્યા હતા.

તેઓએ સેવા પ્રવૃત્તિ માટે ત્રણ ટ્રસ્ટો બનાવ્યા હતા. (૧) ડી.એસ.આલા ખાચર પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ, (૨) દ.શ્રી આલા વાજસુર ખાચર સાર્વજનિક ધાર્મિક ટ્રસ્ટ, (૩) દ.શ્રી આલા ખાચર નેચરલ હિસ્ટ્રી એન્વાયરમેન્ટ પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ. પોતાના રાજવી સ્વભાવ મુજબ તેમણે ઘણી જગ્યાએ મોટી મોટી રકમોના દાન કર્યા હતા.,જેમાં તેમણે ધોલેરા ખાતે રાજશાહી વખતની આવેલી જમીન હોસ્પિટલ અને સ્કૂલ માટે દાનમાં આપી હતી.

તેઓ સંખ્યાબંધ સંસ્થાઓના ટ્રસ્ટી અને સભ્ય હતા. જેઓ વર્લ્ડ વાઈલ્ડ લાઈફ ફંડના રાજકોટ વિભાગના ચેરમેન હતા.ગુજરાત નેચર કોન્ઝર્વેશન સોસાયટીના સ્થાપક અને પ્રથમ પ્રમુખ હતા. તેઓ જસદણ તાલુકા ખરીદ-વેચાણ સંઘના સ્થાપક અને પ્રમુખ અને ખેતી વાડી ઉત્પન્ન બજાર સમિતિના સ્થાપક અને પ્રમુખ હતા. ગુજરાત સ્વતંત્ર પક્ષના ઉપપ્રમુખ હતા.

તેઓની પક્ષીવિદ્ તરીકેની કામગીરી ઉપર નજર કરીએ તો આપણને ખ્યાલ આવે છે કે તેમણે સૌરાષ્ટ્રની પક્ષીસૃષ્ટિ ઉપર કેવું બધું કામ કર્યુ હતું. તેઓએ પક્ષી ઉપર ઘણા બધા લેખો લખ્યા હતા જે બધા જ લેખો જર્નલ ઓફ ધ બોમ્બે નેચરલ હિસ્ટ્રી સોસાયટીમાં પ્રગટ થયા હતા. જેમાંના માત્ર નમૂના પૂરતા લેખો ઉપર નજર કરીએ તો તે આ પ્રમાણેના હતા.

(૧) અકરન્સ ઓફ ધી વાઈટ વીંગ્ડ બ્લેક ટર્ન ઈન સૌરાષ્ટ્ર.[૯૧]
(૨) ન્યુ બર્ડ રેકોડર્સ ફોર સૌરાષ્ટ્ર.[૯૨]
(૩) એ પાયથોન્સ મીલ.[૯૩]
(૪) ફોટોગ્રાફિંગ ધી લેસર ફ્લોરીકન એટ નેસ્ટ.[૯૪]
(૫) એ વિઝીટ ટુ ધી ફલેમીંગોઝ ઈન ધ ગ્રેટ રણ ઓફ કચ્છ.[૯૫]
(૬) રીકવરીઝ ઓફ રીંગ્ડ માઈગ્રેટ્રી એન્ડ રેસિડેન્સિયલ બર્ડ એટ હિંગોળગઢ-જસદણ.[૯૬]
(૭) ધી મુસ્ટેચ્ડ સેઝ વાર્બ્લર એન્ડ ધી યલો બીટર્ન એડીશન્સ ટુ ધી બર્ડ ઓફ કચ્છ.[૯૭]
(૮) ધી ગ્રેટ ઈન્ડિયન બસ્ર્ટાટ એટ ધી નેસ્ટ.[૯૮]
(૯) અકરન્સ ઓફ ધી વાઈટકેપ્ડ બટીંગ ઈન ગુજરાત. [૯૯]
(૧૦) અકરન્સ ઓફ ધી બ્લેક સ્ટોર્ક ઈન સૌરાષ્ટ્ર.[૧૦૦]
(૧૧) બ્લેકક્રાઉન્ડ ફીચ-લાર્ક ઈન ગુજરાત.[૧૦૧]
(૧૨) અકરન્સ ઓફ ધી બારહેડેડ ગુઝ ઈન જસદણ.[૧૦૨]
(૧૩) બ્લેકહેડેડ મુનિયા ઈન જસદણ-ગુજરાત. [૧૦૩]

કોલીંગ્ઝ ગાઈડ ટુ બર્ડ વોચિંગ આર.એસ.આર.ફિટરના લંડનથી ઈ.સ.૧૯૬૩માં પ્રસિધ્ધ થયેલા પુસ્તકનો રીવ્યુ તેમણે કર્યો હતો. તેમણે ઈ.સ.૧૯૫૫માં એમ.એ.વાઈન્ટર બ્લીથ દ્વારા સિંહની વસતિ ગણતરીનું જે કાર્ય કરવામાં આવ્યું હતું તેમાં સાસણ ડિવીઝનનું સંચાલન અને વ્યવસ્થા તેમણે અને જસદણના કુ.શ્રી લવકુમાર ખાચરે સંભાળી હતી. [૧૦૪]

કચ્છના રણમાં હંજનગરની તેમણે અને આર.એમ. નાયક અને લવકુમાર ખાચરે મુલાકાત લઈ કચ્છની પક્ષીસૃષ્ટિ અને તેના ઉપરના ખતરા અને સ્થિતિ ઉપર પ્રકાશ પાડતી પુસ્તિકા પ્રગટ કરી હતી.[૧૦૫] તેઓ બર્ડઝ વોચિંગ કેમ્પ યોજતા અને લોકોને પક્ષીસૃષ્ટિથી માહિતગાર કરતા. આજે પણ પક્ષીશાસ્ત્ર ઉપર અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓ તેમના લેખો અને માહિતીનો ભરપૂર ઉપયોગ કરી રહ્યા છે. તેઓના રાજમહેલના પોતાના અંગત પુસ્તકાલયમાં ધ જર્નલ ઓફ બોમ્બ નેચરલ હિસ્ટરી સોસાયટીના બધા જ સળંગ વોલ્યુમ સંગ્રહાયેલા પડયા છે.

તેઓનું એવું નિરાળુ અને સ્વચ્છ વ્યક્તિત્વ હતું કે લોકો તેને રાજશાહી ચાલી ગઇ હતી છતાં રાજવી જ માનીને માન આપતા હતા. આથી મહેસાણા જીલ્લાના મહેસાણા તાલુકાના મોટી દાઉ ગામના (ઇ.સ.૨૦૦૧માં વસતિ ૪૯૦૧) લોકોને એવી ગ્રંથી બંધાઇ ગઇ હતી હતી કે આપણે આપણા ગામનું નવેસરથી તોરણ કોઇ રાજાના હાથે બાંધીએ તો જ આપણી પ્રગતિ થશે. આથી તેમણે આખુ ગામ એક દિવસ માટે ખાલી કર્યુ અને તે દિવસ દ .શ્રી.શિવરાજકુમારના હસ્તે ગામનું તોરણ એક ભૂતપૂર્વ રાજવી ના પુત્ર (રાજવી) તરીકે બંધાવ્યું. કદાચ રાજશાહી ગયા પછી સૌરાષ્ટ્રના આ એક જ વ્યક્તિ હશે કે જેમના હાથે ગામનું તોરણ બંધાયું હોય.

તેઓનું તા.૧૦-૫-૧૯૮૯ના રોજ મુંબઇ ખાતે બ્રીચકેન્ડી હોસ્પિટલમાં મગજના તાવથી અવસાન થયું. તેમની ઇચ્છા મુજબ તેમના પાર્થિવ દેહને જસદણ ખાતે છાણાથી બાળી પંચમહાભૂતમાં ભેળવવામાં આવ્યો. આજે તેમના પ્રદાનને જાળવવા જસદણના માર્કેટીંગ યાર્ડનું નામ દ.શ્રીશિવરાજકુમાર માર્કેટીંગ યાર્ડ રાખવામાં આવ્યુ છે. તેઓને સંતાનમાં એક માત્ર પુત્ર સત્યજીતકુમાર અને પુત્રી ગાયત્રીદેવી છે.

દ. શ્રી સત્યજીતકુમાર શિવરાજકુમાર ખાચર - જસદણ.

જે માણસ જે પદ મેળવે, કાર્ય કરે કે કંઇક પ્રસ્થાપિત કરે તો તેનો ફાયદો તેને એકને જ મળે છે એવુ નથી, પરંતુ તેની આભા અને અસર આખા સમાજને થતી હોય છે પણ તે નરી આંખે જોઇ શકાતી નથી. જસદણ રાજ્યએ પહેલેથી જ જ્ઞાતિપ્રેમ અને સુધારાઓ અને સાદાઇ માટે જાણીતુ છે.

(૧) જસદણ દ. શ્રી વાજસુર ખાચરની કાઠીયાવાડ ઉપર એવી ધાક પડી ગઇ હતી કે કોઇપણને દ. શ્રી વાજસુર ખાચર ચીઠ્ઠી લખી આપે તો પણ તેને કોઇ લુંટતા નહીં.

(૨) ટીલાયતને ગાદી મળે એવુ માંગનારા આલા ખાચર ૧લા હતા કે જેનો ફાયદો પછી અન્ય કાઠી રાજ્યોએ પણ લીધો.

(૩) રાજમાતા કમરીબાઇમાએ જ્ઞાતિની પરંપરાગત માન્યતાને તોડી તેમના કુંવરીબા બાઇ સાહેબબાને ભાવનગર નંદકુંવરબા છાત્રાલયમાં ભણવા મોકલ્યા હતા, આની અસર પછી અન્ય રાજાઓ ઉપર થતા તેમણે પણ પોતાના કુંવરીઓને ભણવા મૂક્યા હતાં.

(૪) આલા ખાચર બીજાએ માતુશ્રી કમરીબાઇ અને કમળાબા સાહેબની સંમતિથી જુબલ સ્ટેટના માધવી દેવી રાઠોડ સાથે લગ્ન કરી, ૩૬ રાજકુળોની એકતા સિદ્ધ કરનારા તેઓ સૌપ્રથમ પથદર્શક રાજવી હતા. પછી અન્ય રજવાડાઓએ વડીયા, બીલખા, ચાંપરાજપુર, બગસરા, માંડાવડ વગેરેએ સંબંધો બાંધ્યા હતા.

(૪) આલા ખાચર બીજાએ કાઠી જ્ઞાતિ માટે ઇ.સ. ૧૯૨૯માં બંધારણ ઘડાવ્યુ અને પોતે પોતાને જ ઘરેથી કડક અને ચુસ્ત અમલ કરાવ્યો હતો. તેના ઉપર નજર કરો તો ખ્યાલ આવે કે આવા નેતા હોય આજે છે કોઇ આવા કડક દઢ મન કે અભિમાનવાળા.

તા. ૨૨/૩/૧૯૩૩ના રોજ આલા ખાચરના ભાઇ જીવાભાઇ ઉર્ફે જીલુભાઇ ખાચર ભરયુવાનીમાં ૨૫ વર્ષની વયે મોટર સાઇકલ અને મોટરની હરિફાઇમાં કોણ આગળ જાય તેમા અવસાન પામ્યા ત્યારે પણ આલા ખાચરે ધર્મક્રિયા તેમના વિચારો મુજબ જ કરી હતી અને બંધારણ મુજબ વર્ત્યા હતા. જ્યારે આલા ખાચર બીજાએ તેમના બહેન બાસાહેબના અવસાન વખતે રોવા-કુટવાનો રીવાજ તદ્દન બંધ કરાવ્યો અને કારજને બદલે મોક્ષ પદ આપનાર શાસ્ત્રોક્ત ક્રિયાઓ કરાવી હતી. આ બહેનના લગ્ન તેમના મૃત્યુ પહેલા બે વર્ષે જ થયા હતા ત્યારે મેરામભાઇ દાદભાઇ ધાધલ સાથે કોઇપણ જાતના ખોટા ખર્ચ કે ભપકા વિના આદર્શ લગ્ન કર્યા હતા. અરે, આલા ખાચરે તેમના નાનાભાઇ અમરાભાઇના લગ્નમાં પણ પોતાના આદર્શોને જરાપણ ઉણપ આવવા દીધી ન હતી.

આલા ખાચર એક એવુ વ્યક્તિત્વ ધરાવતા હતા કે પોતાના આંગણે જે પ્રસંગો ઉપસ્થિત થયા તેમાં પોતાના સુધારાના નિયમોનો લેશમાત્ર પણ ભંગ થવા દીધો ન હોતો. એવા પોતે જ્ઞાતિ પ્રેમી હતા કે બીજા નાના માણસો એ રસ્તે ચાલી શકે જે

માણસ પોતાની ચોરાસીને (ખરેખર ૫૭ ગામ) જમાડી શકે એવા માણસે આવી સાદાઇ અને ટેક જાળવી પણ તેમના રસ્તે નબળો કાઠી પણ ન ચાલ્યો તે આપણી કમનસીબી કહેવાય અને ગરાસ રિવાજો પાછળ ઘટાડતો ગયો.

મોટા આલાખાચરના રાણી જીવુબાઇ ફાગણ માસમાં ઇ.સ. ૧૯૩૩માં મોઢુકા ગામમાં અવસાન પામ્યા ત્યારે પણ આલા ખાચર બીજાએ પોતાના નિયમો અને આદર્શ મુજબ જ કર્યુ હશે ?

આવો ઐતિહાસિક વારસો અને અમીરાત અને દોમદોમ સાહેબી ધરાવનાર શાંત, સૌમ્ય, અને હસમુખા અને વિવેકી અને આકર્ષક વ્યક્તિત્વ ધરાવનાર દ. શ્રી સત્યજીતકુમાર ખાચર તા. ૪/૧૧/૧૯૬૧ના રોજ જન્મ્યા છે અને તેમણે પ્રાથમિક સમયનું શિક્ષણ રાજકોટની રાજકુમાર કોલેજમાં મેળવ્યુ પોતે ત્યાં તેમણે અનેક ઇનામો મેળવ્યા હતા.

તેઓએ બી. કોમ. અને એમ. એ.ની પદવી પ્રાપ્ત કરી છે જેમના લગ્ન જેમના સદ્‌ગત પિતાશ્રી શિવરાજકુમાર જ્યાં પરણ્યા હતા તે ગાયકવાડના રાજવંશમાં લગ્ન થયા અને તેમણે અલૌકિકારાજે સાથે પ્રભુતામાં પગલા માંડી પોતાની રાજકીય વગ અને ઠાઠમાઠ અને દમદમાટને બરાબર જાળવી રાખનાર રાણી સાહેબ સાબિત થયા છે. વળી રાણીસાહેબ પણ એમ.એસસી.ની પદવી પ્રાપ્ત કરેલા છે.

દરબાર સાહેબનું વ્યક્તિત્વ એવુ કે કોઇ ગોરો પરદેશી આવે તો તેના જેવા બની જાય અને કોઇ ગામડાના લોકો આવે ત્યારે તેની ભાષામાં વાત કરે અને જાણે કે સામા માણસને ઘડીકમાં પોતાનો કરી બેસે એવી તેમની વાકછટ્ટા અને આભા દેખાય છે.

તેઓની સિદ્ધીની વાત કરવા જઇએ તો પોતે ક્રિકેટના શોખીન છે અને કોલેજકાળમાં ઇંગ્લેન્ડ ક્રિકેટ રમવા ગયા હતા. પોતે વિશ્વના ઘણા દેશોનો પ્રવાસ કર્યો છે તેમા બ્રાઝીલ, ઇંગ્લેન્ડ, પેરૂગ્વે, આર્જેન્ટીના, મેક્સિકો, ઓસ્ટ્રિયા, જર્મની, ઓમાન, નેપાળ વગેરે સ્થળોની મુલાકાત લઇ વિશ્વ પ્રવાહને અને સંસ્કૃતિ અને રહેણીકરણી તે જાણી છે.

બ્રાઝીલ ખાતે પ્રેસીડેન્ટ ઓફ બ્રાઝીલે દરબારસાહેબને ડીનર પાર્ટી આપેલ તેમાં ૧૪ દેશના એમ્બેસેડર હાજર રહ્યા હતા. હાલ બ્રાઝીલમાં એક મિ. ઓન ફે રિબેરોએ ગોસંવર્ધનનું એક ફાર્મ બનાવેલ છે તેનું નામ જસદણ ફાર્મ રાખી જસદણના નામની કદર કરી છે.

મેક્સિકોમાં ગિર ગાયોની પાંચમી ઇન્ટરનેશનલ ગિર ગાય કોંગ્રેસના અધિવેશનનું ઉદ્‌ઘાટન દરબારસાહેબે કર્યુ હતુ અને ત્યાં તેમણે પશુપાલન અને ગાય વિશે દોઢેક કલાકનું વિદ્વતાસભર વ્યાખ્યાન આપ્યુ હતું.

તેઓને ગાયો પાળવાનો જબરો શોખ છે, તેમણે અખિલ હિંદ દૂધ હરીફાઇ કે જે ભારત સરકાર યોજે છે તેમા તેઓની ગાયો ગિર ગાય વિભાગમાં ૮ વર્ષથી પ્રથમ આવે છે. અરે તેમની વાડીએ ગાયો જુઓ તો હાથણીના બચ્ચા જેવી લાગે. અરે જસા નામના તેમના ખુંટે તો તેમને આંતરરાષ્ટ્રીય સ્તરે અને રાષ્ટ્રીય સ્તરે પ્રસિદ્ધિ અપાવી છે. ઇ.સ. ૨૦૦૦ની સાલમાં જસા નામના ખુંટિયાના ફોટાવાળી ટપાલ ટીકીટ બહાર પડી છે. આ સિવાય દરબારસાહેબને ટિકીટ સંગ્રહ, કબૂતરબાજી, ક્રિકેટ, વાંચન અને પશુપાલનમાં અશ્વનો અનેરો અને ખર્ચાળ શોખ છે, તેઓએ શોખને શોભાવ્યો છે અને તેના પરિણામો પણ દુનિયાને બતાવ્યા છે.

પોતે અનેક સંસ્થાઓના હોદ્દા ધરાવે છે તેમાં

(૧) વર્લ્ડ વાઇલ્ડ ફંડમાં સોરાષ્ટ્ર વિભાગના ચેરમેન છે.

(૨) ગુજરાત નેચર કન્ઝરવેશન સોસાયટી વડોદરાના ડિરેક્ટર રહ્યા હતા.

(૩) ઇ.સ. ૨૦૦૪ થી તે જસદણના માર્કેટીંગ યાર્ડના ચેરમેન છે.

(૪) રાજકોટની રાજકુમાર કોલેજના ઇ.સ. ૨૦૦૧ થી ટ્રસ્ટી બન્યા છે અને કોલેજનો સુંદર અને યોગ્ય વહીવટ થાય તે માટે પોતે ખાસ ધ્યાન આપીને જૂના દેશી રજવાડાના રાજાઓ, ઠાકોરોમાં લોકપ્રિય અને સન્માનનીય બન્યા છે.

(૫) તેઓના પિતાશ્રીના સમયથી જસદણ તાલુકા ખરીદ વેચાણ સંઘના ચેરમેન પદે વર્ષોથી બિનહરીફ નીમાતા આવ્યા છે.

(૬) વર્લ્ડ વિઝન એસોસીએશન અમેરિકાનું છે તેમા તેઓ એશિયા વિભાગના ડીરેક્ટર છે.

(૭) વિરનગરના શિવાનંદજી મિશનમાં તેઓ જોઈન્ટ મેનેજીંગ ટ્રસ્ટીનો હોદ્દો ધરાવે છે.

(૮) કાઠીયાવાડી મારવાડી અશ્વપાલક સહકારી મંડળના ઉપપ્રમુખ છે.

(૯) નવા સૂરજદેવળ ટ્રસ્ટના પ્રમુખ અને જૂનાગઢના કન્યા છાત્રાલયમાં ટ્રસ્ટી તરીકે પણ પોતાની સેવા આપી છે.

તેઓની કૌટુંબિક વિગતો ઉપર નજર કરીએ તો તેમને રવિરાજકુમાર અને શિવરાજકુમાર નામના બે રાજકુમારો છે હજુ બન્ને રાજકુમાર કોલેજમાં અભ્યાસ કરે છે. જસદણ રાજ્ય એક એવુ રાજ્ય નીકળ્યુ કે આ પાંચમી પેઢી એકધારી રાજકુમાર કોલેજનું શિક્ષણ મેળવતી આવી છે. દરબારસાહેબને ગાયત્રીદેવી નામના બહેન છે તેઓ ગોવા ખાતે વસે છે.

આલા ખાચર બીજાના રાણીસાહેબ માધવીદેવી છે કે જેમને બે દીકરીઓ અને પ્રતાપસિંહ નામના કુમાર છે અને હાલમાં મુંબઈ રહે છે. દરબારસાહેબનું શ્રેષ્ઠ કાર્ય હિંગોળાગઢના કિલ્લામાં હેરીટેઝ મ્યુઝિયમ ઉભુ કર્યુ તે છે કે જેના હિસાબો અસંખ્ય લોકોએ કિલ્લાને અને કાઠી જ્ઞાતિના જાજરમાન ઈતિહાસને જોઈ શકશે.

સુરગભાઈ કાળુભાઈ વરૂ-નાગેશ્રીઈ.સ.૧૯૧૯ થી ૧૯૭૭



શ્રી સુરગભાઈ કાળુભાઈ વરૂ - નાગેશ્રી

સુરગભાઈ વરૂના પિતાશ્રી કાળુભાઈ વરૂએ તેમના બગીચામાં એક સાધુને આશ્રય આપ્યો હતો, ત્યાં દરરોજ કાળુભાઈની સાથે તેમના બાળ પુત્ર સુરગભાઈ સાથે હોય ત્યારે તે સાધુએ તેમની તેજસ્વી મુખાકૃતિ જોઈ કહ્યું હતું કે ''આ છોકરાને ભણાવો તે જરૂર નામાંકિત થશે.''[૧૦૬]

ખરેખર એ સાધુના આશીર્વાદ સાચા પડ્યા અને સુરગભાઈ માત્ર કાઠી જ્ઞાતિના નહીં પણ સૌરાષ્ટ્રના એક આદરણીય, સેવાભાવી, વિદ્વાન સાહિત્યકાર, ધારાસભ્ય, સ્વાતંત્ર્યસેનાની તરીકે ઉપસી આવ્યા.

તેઓનો જન્મ તા.૧૫-૬-૧૯૧૯ના રોજ થયો હતો. તેમણે પ્રાથમિક શિક્ષણ પોતાના વતન નાગેશ્રીમાં લીધું. તેઓને કુંડલા, અમરેલી, રાજકોટ બધી બોર્ડિંગો દૂર પડતા એ જાફરાબાદની વણિક બોર્ડિંગમાં રહી ત્યાંની પારેખ અને મહેતા હાઈસ્કૂલમાં ભણી મેટ્રીકમાં ૩૩૧ માર્કે પાસ થયા હતા.[૧૦૭] માધ્યમિક શિક્ષણ બાદ તે શામળદાસ કોલેજ-ભાવનગરમાં દાખલ થયા અને સ્નાતકની પદવી પ્રાપ્ત કરી. મુંબઈમાં રહી મુંબઈ યુનિવર્સિટીમાંથી એલ.એલ.બી.ની પદવી પ્રાપ્ત કરી હતી.

પોતે એલએલ.બી. સુધી ભણેલા હોવાથી બરવાળા તાલુકદારે તેમના કુંવરી સુમરીબાઈ પરણાવ્યા હતા અને તેમને તાલુકાના ન્યાયધીશ બનાવ્યા હતા. તેઓએ એ હોદા ઉપર ઈ.સ.૧૯૪૨ થી ૧૯૪૬ સુધી કામ કર્યુ હતું.

આ પછી જ્યારે રાજાશાહી ચાલી ગઈ ત્યારે પોતે દેશસેવાના ક્ષેત્રમાં જોડાયા અને રતુભાઈ અદાણીના સંપર્કમાં આવ્યા. જ્યારે જૂનાગઢ રાજ્ય સામે આરઝી હકૂમતની રચના થઈ તેમાં પોતે લશ્કર ખાતાના પ્રધાન બન્યા હતા અને તેઓ લશ્કરી અને સૈન્ય ભરતી વિભાગનું દફતર સંભાળતા હતા.

[૧૦૮]આરઝી હકૂમત પહેલા પણ તેમનું બાબરિયાવાડના વિસ્તારમાં કામ ખૂબ જ પ્રશંસનીય રહ્યું હતું અને તેમણે અને તેમના મોટા ભાઈ દેવાયતભાઈએ રાતોરાત બાબરિયાવાડના તાલુકદારો અને આગેવાનોની સહી કરાવી બાબરિયાવાડને જૂનાગઢના ભાગ તરીકે ભારત સંઘનો ભાગ બનાવી દઈ સમગ્ર સૌરાષ્ટ્રને અચંબામાં નાંખી દીધું હતું. જ્યારે સૌરાષ્ટ્ર રાજ્યનું એકમ થયું ત્યારે પોતે બંધારણ સભામાં બાબરિયાવાડના પ્રતિનિધિ તરીકે રહ્યા હતા. આમ તેઓ સ્વાતંત્ર્ય સેનાનીનું બિરૂદ પામ્યા હતા. શ્રીમતી ઈન્દિરા ગાંધી પણ સૌરાષ્ટ્રની બાબતમાં સૂરગભાઈ વરૂની સલાહ લેતા અને જ્યારે ઈન્દિરા ગાંધી સૌરાષ્ટ્રમાં આવે ત્યાં સૂરગભાઈ વરૂ સતત તેમની સાથે જ રહેતા હતા. એટલો બધો શ્રીમતી ગાંધીને તેમની ઉપર વિશ્વાસ અને લાગણી હતા.

પછી તો ઈ.સ.૧૯૫૭માં ગ્રામરક્ષક દળના માનદ કમાન્ડર પણ બન્યા હતા. ઈ.સ.૧૯૫૨માં ઉના મત વિસ્તારમાંથી વિધાન સભ્ય તરીકે અને ઈ.સ.૧૯૫૭માં મુંબઈ વિધાનસભામાં રાજુલા મત વિસ્તારમાંથી વિધાનસભ્ય તરીકે ચુંટાઈ આવ્યા હતા. તેઓએ ગુજરાત પ્રદેશ સમિતિના ઉપપ્રમુખ તરીકે પણ કામગીરી કરી હતી.

પોતે પોતાના રાજકીય સેવાકાળ દરમ્યાન જાફરાબાદ તાલુકામાં આરોગ્યની સગવડો કંગાળ હોવાથી નવા આરોગ્ય કેન્દ્રો શરૂ કરાવ્યા અને ખેતમજૂરો અને સિમાંત ખેડૂતોને બેઠા કરવા કલ્યાણ યોજનાઓનો પ્રારંભ કરાવી તેમના સુધી તેના લાભ પહોંચતા કરવાના પ્રહરી બન્યા હતા. ગ્રામ્ય વિસ્તારના આર્થિક, સામાજિક પછાત વર્ગના લોકોના ઉત્થાન માટે સહકારી પ્રવૃત્તિની ચળવળમાં અને ખાદી ઉદ્યોગની ચળવળમાં સક્રિય ભૂમિકા અદા કરી હતી. જ્યારે વિનોબા ભાવેની ભૂમિદાન યોજનાને સાકાર કરવા મૂકસેવક રવિશંકર મહારાજ સાથે ગામડે ગામડે ફરી ભૂમિદાન યજ્ઞ સફળ બનાવ્યો હતો.[૧૦૯]

પોતે જનજાગૃતિ લાવવાના ખાસ હિમાયતી હતી. આથી અંધશ્રદ્ધા, વહેમ, નિરક્ષરતા અજ્ઞાન નિવારણ અર્થે શિબિરો, સભાઓ, રેલીઓ અને શિક્ષણ પ્રસાર અને પ્રચાર માટે ગ્રામ્ય વિસ્તારોમાં પ્રાથમિક શાળાની સ્થાપના કરી હતી.[૧૧૦]

તેઓ એક સારા એવા સાહિત્યકાર હતા અને જ્યમલ્લભાઈ પરમારની સાથે સારો એવો ઘરોબો ધરાવતા હતા અને ઉર્મિનવરચનામાં અવારનવાર લેખો લખતા હતા. સાહિત્ય ક્ષેત્રે તેમનું ખાસ નોંધપાત્ર પ્રદાન તો તેમણે '' બંગલા વિજય'' નામે ખંડ કાવ્ય ઈ.સ.૧૯૭૧ના ભારત-પાકિસ્તાનના યુદ્ધ બાબતે રચ્યું. તેમાં ભારત-પાકિસ્તાનના યુદ્ધનું સવિસ્તારથી વર્ણન, યુદ્ધમાં વપરાયેલા હથિયારો અને નેતાના નામ અને યુદ્ધની વિગતવાર પરિસ્થિતિનો ખ્યાલ આપે છે.[૧૧૧]

આ સિવાય તેમણે ૬૦ ઉર્મિકાવ્યો અને ૨૩ વાર્તાઓ લખી છે કે જે વાર્તામાં આપણને મેઘાણીભાઈની યાદ આવી જાય એવી તળપદી અને અસલ કાઠિયાવાડી ભાષામાં તેમણે વાર્તાને કંડારી છે. પોતે સિંહદર્શનના સ્વાનુભાવો પણ લખ્યા છે. તેઓએ જે કાંઈ સર્જન કર્યુ તે બધુ ''હું કોણ છું'' એ નામે તેમના પુત્રોએ મરણોતર એક પુસ્તક પ્રકાશિત કરીને પિતૃઋણ ચુકવવાનો પ્રયત્ન કર્યો છે. આ પુસ્તકનું તા.૨૦-૩-૨૦૦૫ના રોજ નાગેશ્રી ખાતે પૂ.મોરારીબાપુના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું[૧૧૨] અને સુરગભાઈ વરૂના નામથી નાગેશ્રીમાં તેમના પુત્રોએ બંધાવેલ સ્કૂલમાં તેમના મોટા ભાઈ દેવાયતભાઈ વરૂ અને સુરગભાઈ વરૂના તૈલ ચિત્રોનું અનાવરણ કરવામાં આવ્યું હતું, જેથી બાબરિયાવાડના ઉગતા ભૂલકાઓ તેમના આ સિંહ જેવા પુરૂષની દરરોજ પ્રેરણા લેતા રહે.

સુરગભાઈ વરૂ જાણે કે મેઘાણીભાઈની જ બીજી કૃતિ હોય તેવા દેખાવે લાગતા હતા. મેઘાણી જેવી જ ઊંડાણભરી આંખો, ભરાવદાર ચહેરો, સાહિત્યની સૂઝ અને સંશોધકવૃત્તિને હિસાબે લોકો બાબરિયાવાડના મેઘાણી તરીકે તેમને ઓળખતા હતા.[૧૧૩] સૂરગભાઈ વરૂ અને ચાડિયાના નાજભાઈ વાળા અને રતુભાઈ અદાણી એ ત્રણેયની ખાસ ત્રિપુટી હતી અને આ લોકો કાઠી સંસ્કૃતિના અવશેષો જાળવી રાખવા માંગતા હતા. આથી તેઓએ કેશોદની ટી.બી. હોસ્પિટલના અતિથિગૃહમાં કાઠી ઘર રચવાનું નક્કી કરવામાં આવ્યું હતું, તે કાઠી ઘરની સાથે સૂરગભાઈનું નામ જોડવાનું હતું અને તે માટે એક સમિતિ પણ બનાવવામાં આવી હતી. પરંતુ ત્યાં તો અચાનક સુરગભાઈએ જ વિદાય લીધી. સુરગભાઈનું નામ કાઠી ઘર સાથે એટલા માટે જોડવાનું હતું કે તેઓ કાઠી સંસ્કૃતિના નિવાસસ્થાન ડેલી ડાયરા, રહેણીકરણી, સુશોભન, શણગાર અને સમાજવ્યવસ્થા વગેરે બાબતના ખાસ જાણકાર હતા અને તેમણે કાઠી સંસ્કૃતિના અનેક પ્રદર્શનો કર્યા હતા.

સુરગભાઈ જ્યારે ઓક્ટોબર, ૧૯૭૭માં અવસાન પામ્યા ત્યારે સૌરાષ્ટ્રના અસંખ્ય ચારણો, બારોટોએ તેમના કવિતો

બનાવ્યા હતા અને ઈ.સ.૧૯૮૨માં તેમને શ્રધ્ધાંજલી આપવા ભવ્ય લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું.

નાનાભાઇ હરસુરભાઇ જેબલિયા-વંડા (જન્મ તા.૧૧-૧૧-૧૯૩૮)

જેઓએ આજે ભાષા અને કથનશૈલીની બાબતમાં ઝવેરચંદ મેઘાણીની યાદ અપાવી છે .એવા નાનાભાઇનો જન્મ તા.૧૧-૧૧-૧૯૩૮ની રોજ ખાલપર મુકામે રાણુબાની કૂખેથી થયો છે. પછીથી તેઓ કુંડલા તાલુકાના મેવાસા ગામે તેમના મોસાળમાં રહેતા હતા અને તેઓ આઠ વર્ષની ઉંમર સુધી તેમના મોસાળમાં રહ્યા હતા. તેમના નાના કાથડભાઇ ખુમાણ પરમ ભક્ત અને સૂર્યોપાસક હતા. મેવાસાના પાદરમાં વહેતી નદીના જળમાં વહેલી સવારે ૪-૦૦ વાગ્યે સ્નાન કરે અને સૂર્યના દર્શન કરીને જ અન્ન પાણી પીવે એ તેમના ભારે ચોમાસામાં તેમને સાત સાત દિવસના ઉપવાસ સૂરજ ન દેખાવાથી થતા, દરરોજ વહેલી સવારે ઉઠી બે કલાક પૂજા કરતા હતા એવા વ્યક્તિત્વના સંગે રહેવાથી તેમનામાં પણ ધાર્મિકતા નાનપણથી જ આવી હતી.[૧૧૪]

તેઓશ્રીના પિતાશ્રી એ સમયમાં સાત ગુજરાતી ભણેલા, વાત ડાહ્યા, સ્વભાવે સ્વમાની અને હસામણા હતા. પરંતુ અફીણના વ્યસનને કારણે ઘરમાં ખૂબ જ ગરીબી આવી ગઇ હતી. તેથી તેમના વતન ખાલપર ગામે ઘણા વર્ષો તેમની જમીન પડતર પણ રહેતી, માત્ર બે ચાર ભેંસો અને દૂધની કે ઘીની આવકમાંથી તેમનું ગુજરાન ચાલતું હતું. મોસાળમાં લાડકોડથી ઉછરેલા પણ પછી ગરીબી આવતા ખૂબ જ સંકટ વેઠવા પડેલા. તેઓ પાંચમું ધોરણ ભણવા તો ચાલીને વંડા ગામે જતા હતા. પાંચ ધોરણ પુરા કર્યા પછી આગળ ભણવાનું છુટી ગયેલું ચોપડા લેવાની સ્થિતિ નહોતી. આ પછી તેમણે પિતાજીની સાથે પાનબીડીની દુકાન કરી ,બીડીઓ વાળી પણ દુકાન બંધ થઇ ગઇ. પછી ગામની લોટ દળવાની ઘંટીએ નોકરીમાં રહ્યા,પરંતુ તેમના અંદર તો સાહિત્યનો જીવ પાંગરી રહ્યો હતો. આથી આ બધા કામથી કંટાળ્યા અને તે કામ છોડી દીધું.

ખાલપર ગામથી બે કિ.મી.ના અંતરે હઠીલા નામનો ભૂતિયો ટીંબો હતો. આ ટીંબામાં સાહિત્યકાર, વિદ્વાન અને વૈદરાજ એવા એક બાપુ રહેવા આવ્યા, તેમનું નામ હતું મનુ મહારાજ. તેઓ ભૂતિયા ટીંબાએ પરિવાર સાથે રહે. સાહિત્ય લેખન કરે અને વારાહી માતાના ગરબા રચે, ગાઇ અને અયાચક વ્રત અને પુરા સ્વમાની એમના પુત્ર શ્રી ભોજરાજગીરી તે નાનાભાઇના સમવયસ્ક હતા. તે બંને સાથે સાથે રમતા હતા. આ સમયે તેઓના સૌથી નાના ભાઇને વાર્તાઓ લખવાની પ્રેરણા થઇ આવી. તેમને પૂ.મનુ મહારાજ સાહિત્યની તાલીમ આપતા અને પોતાના લેખો વંચાવતા હતા. છેવટે નાનાભાઇને પણ આ સંગથી લેખક બનવાની ઇચ્છા થઇ આવી.

લેખક બનવા માટે તેમણે પાનની દુકાન અને ઘંટીએ લોટ દળવાની નોકરી પણ છોડી હતી.[૧૧૫]પછી ગામના શિક્ષક મિત્રોની મદદ લઇ ઇ.સ.૧૯૫૯માં ખૂબ જ સારા ગુણથી શાળાંતની પરીક્ષા પાસ કરી. સરકારી સ્કોલરશીપ મળી અને ઈ.સ.૧૯૫૯ થી ૧૯૬૧ એમ બે વર્ષ સોનગઢમાં પી.ટી.સી.ના કર્યા અને તરત જ પોતાના વતન એવા ખાલપર ગામમાં શિક્ષકની કારકિર્દીની શરૂઆત કરી.

પોતે જ્યારે શિક્ષકની નોકરી કરતા હતા ત્યારથી જ રાત્રે ચારેક કલાક અચુક લખતા. ઇ.સ.૧૯૬૪માં મુંબઇના ''સવિતા'' [૧૧૬]વાર્તા માસિકની વાર્તા હરિફાઇમાં ભાગ લઇને બીજી કે ત્રીજી એમની વાર્તાએ તેમને સુવર્ણચંદ્રક અપાવ્યો. આથી તેમનો ઉત્સાહ વધ્યો હતો. તેઓની પ્રથમ વાર્તા ઈ.સ.૧૯૬૦માં મુંબઇ સમાચાર અને ચાંદનીમાં ફોટા સહિત છપાઇ ચૂકી હતી. ઈ.સ.૧૯૬૭માં ''સવિતા''માસિકની વાર્તામાં બીજી વાર ભાગ લીધો અને સુવર્ણચંદ્રક મેળવ્યો હતો. એ સમયગાળા દરમ્યાન તેમણે ૩૦ જેટલી વાર્તાઓ લખી હતી.

પરંતુ તેમના વાર્તાસંગ્રહને કોઇ પ્રકાશક છાપતા નહીં. આથી નવલકથાના લેખક અને તેમના મિત્ર ભોજરાજગીરીએ તેમને નવલકથા લખવા માટે પ્રેર્યા અને તેમણે પ્રથમ નવલકથા ''તરણાનો ડુંગર''લખી. પછી તો તેમને વર્તમાનપત્રોમાં લખવાની ઇચ્છા થઇ આવી, પણ તે વખતે વૈદશ્રી મોહનલાલ ધામી સૌરાષ્ટ્રના ત્રાણેય દૈનિકો ફૂલછાબ, જયહિંદ અને જનસત્તામાં ત્રણ ત્રણ નવલકથાઓ લખતા હતા. આમ છતાં નાનાભાઇએ જયહિંદના તંત્રીને એક પત્ર લખ્યો કે વાંચવા માટે પણ મારી એક નવલકથા મોકલું, ત્યારે તંત્રીની હા આવતા તેમણે ''તરણાનો ડુંગર'' નવલકથા મોકલી. પછી તો

નવાઇની સાથે એ નવલકથા જયહિંદમાં શરૂ થઇ. ત્યારબાદ તો ફૂલછાબ, કચ્છમિત્ર અને પ્રતાપમાં પણ તેમની નવલકથાઓ છપાવા માંડી અને તેમની નવલકથાકાર તરીકેની સ્વીકૃતિ થઇ.

માનવ જીવનની સેવાઓ, સમર્પણ અને શહીદી જેવા ઉચ્ચ મૂલ્યો ઉપર સંદેશ દૈનિકમાં આઠ વર્ષ અને ફૂલછાબમાં પાંચ મળીને ૩૦૦ જેટલી સત્ય ઘટનાઓ ઉપર આધારિત કથાઓ લખી હતી, જેના આઠ ભાગ પ્રગટ થઇ ચુક્યા છે. ''ઇતિહાસનું ઉજળું પાનું'' ભાગ ૧ થી ૪, ''માણસાઇના કાંઠે કાંઠે'' અને ''મુઠ્ઠી ઉંચેરા માનવી'', ''અમૃત વરસે નેણ'', ''ઉજળા અવતાર'', ૧૪ નવલકથાઓ હાસ્ય કટાક્ષની, કટાર, સંદેશ ફૂલછાબમાં આઠ વર્ષ લખી, જેમાં ૩૦૦ જેટલા હાસ્યકટાક્ષ ગામાયણ અને ગાલપુરાણ નામે આજે પણ પ્રગટ થાય છે. તેઓ ખૂબ ખંતથી ચાર ચાર વખત પોતાના લખાણને મઠારીને લખે છે અને મનગમતો શબ્દ ન મળે તો દિવસો સુધી રાહ જુવે છે. તેઓનો સિદ્ધાંત છે કે ઓછું લખવું પણ લખેલું ઓછું ન ઉતરે તેવી ચિવટ રાખીને લખવું.[૧૧૭]

તેઓ ખાસ લાંબા સમય સુધી ગામડામાં રહ્યા. તેથી શહેરી સંસ્કૃતિનો બિલકુલ પરિચય કે સંપર્ક નહી. નામના માટે કોઇની ખુશામત નહીં અને તેમને પોતાની વાર્તાઓ ઉપર અખૂટ વિશ્વાસ છે. આજ સુધીમાં તેમને જે ચંદ્રકો મળ્યા છે તેમના ઉપર નજર નાંખીએ તો ટૂંકી વાર્તાની હરિફાઇમાં યુવદર્શનનું પ્રથમ પારિતોષિક ઈ.સ.૧૯૮૨માં પ્રાપ્ત થયું હતું. અખંડ આનંદ માસિકની વર્ષ ભરની પ્રગટ થયેલી ટૂંકી વાર્તા માટે બાલુભાઇ વૈદ્ય પારિતોષિક, ઈ.સ.૧૯૮૨ના વાવાઝોડાની નવલકથા માટે હિંમતભાઇ પારેખ એવોર્ડ અને વડોદરાનો સંસ્કાર એવોર્ડ મળ્યા હતા. આ સિવાય તેમની નવલકથા આયખુ તો સમણાનો દેશ ને ઈ.સ.૧૯૯૩માં ગુજરાતી સાહિત્ય પરિષદનો એવોર્ડ મળ્યો હતો. ઈ.સ.૧૯૯૩માં ઇતિહાસનું ઉજળું પાનુ ને ગુજરાત સાહિત્ય અકાદમીનું બીજું ઇનામ પ્રાપ્ત થયું હતું. છેલ્લે ઈ.સ.૧૯૯૮-૯૯નો રાજ્ય સરકારનો રૂ.૧,૦૦,૦૦૦નો નરસિંહ મહેતા પુરસ્કાર પ્રાપ્ત થયો હતો.[૧૧૮] ધકેલ પંચા દોઢ સો તેમની જે કૃતિ છે તે દૂરદર્શન ઉપર ૧૩ હપ્તામાં પ્રસારિત થઇ હતી અને પછીથી ગુર્જરી ચેનલ ઉપર દર મંગળવારે પ્રસારિત થતી હતી.

તેઓએ લખેલ કૃતિઓ ઉપર ટૂંકમાં નજર કરીએ તો તેમણે ૧૪ નવલકથાઓ લખી છે. ત્રણ ઇતિહાસ કથાઓ, બે વાર્તા સંગ્રહો, બે હાસ્યકથાઓ, બે બાળસાહિત્યની કૃતિઓ અને પાંચ સંતકથાઓ લખી છે.

તેઓએ વંડા તાલુકા શાળાના આચાર્યપદેથી ઈ.સ.૧૯૯૫માં સ્વૈચ્છીક નિવૃત્તિ સ્વીકારીને આજે તેઓ સાવરકુંડલામાં પોતાનું નિવૃત્ત જીવન વિતાવી રહ્યા છે.તેઓએ પોતાના અવસાન પાછળ કોઇપણ ધાર્મિકવિધી નહી કરવાનું જાહેર કરેલ છે અને ડિસેમ્બર ૨૦૦૫માં તેમના ધર્મપત્નિનું અવસાન થતા પોતાના વિચારો મુજબ જ વર્ત્યા હતા. વીરપુરના (તા.બીલખા) જીવાભાઇ શેખવા પછીનો આ કદાચ બીજો દાખલો છે.

નાજભાઇ હરસુરભાઇ વાળા-ધારી

તેઓ ઠેબાણી શાખાના વાળા છે. તેમનું મૂળ ગામ ધારી પાસેનું સરસિયા છે. તેઓએ ધો.૧૦ સુધીનું શિક્ષણ મેળવ્યું હતું. પછી તો તેમને સમાજસેવા અને રાજકારણનો શોખ જાગ્યો હતો. આથી તેમણે ધારી તાલુકા હોમગાર્ડઝ યુનિટની શરૂઆત કરી અને ઈ.સ.૧૯૫૪ થી ૧૯૭૨ એમ ૧૮ વર્ષ સુધી કમાન્ડીગ ઓફિસર તરીકે સેવા આપી હતી. ધારી તાલુકાના ગ્રામરક્ષક દળ તરીકે માનદ અધિકારી તરીકે ચાર વર્ષ સેવા આપી હતી. ભારત-પાકિસ્તાનની લડાઇ વખતે રાયફલ કલબની સ્થાપના કરી તેમને યુવાનોને રાયફલ તાલીમ આપી તેમાં તેઓએ માનદમંત્રી તરીકે પદ શોભાવ્યું હતું. તેઓ ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ એગ્રીકલ્ચર ઓફ રૂરલ ડેવલપમેન્ટ પ્રા.લી.ની ધારી શાખામાં ઈ.સ.૧૯૬૯થી ૧૯૯૯ સુધી શાખા પ્રમુખ, જિલ્લા પ્રતિનિધિ તરીકે તેમજ શાખા સમિતિમાં બિનહરીફ ચુંટાતા આવ્યા હતા. તેઓએ ૩૮ જેટલા વર્ષ સુધી ધારી તાલુકાની અને કાઠીની સેવા કરી હતી. તેઓ ધારી નગરપંચાયતના સભાપતિ તરીકે બે વર્ષ રહ્યા હતા અને ધારી તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે બિનહરીફ ચુંટાયને ઈ.સ.૧૯૮૭ થી ૧૯૯૩ સુધી સેવા આપી હતી. તેમણે ઈ.સ.૧૯૭૮થી મરણ પર્યંત ગુજરાત પ્રદેશ કાઠી ક્ષત્રિય સમાજના પ્રમુખ તરીકે સેવા આપી હતી. જ્યોર સ્વામિનારાયણ સંપ્રદાયના સાહિત્યમાં કાઠી જ્ઞાતિને માટે ચોર લુંટારૂ એવા શબ્દો વાપરવામાં આવતા હતા તે રદ કરાવવા માટે તેમણે મોટી ઝુંબેશ ઉપાડી સ્વામિનારાયણ

સંપ્રદાયમાં આ શબ્દો સુધરાવ્યા હતા અને ઉલ્ટાનું કાઠી જ્ઞાતિનું સ્વામિનારાયણ સંપ્રદાય ઉપર બહુ મોટું પ્રદાન છે એ બાબતની એક પુસ્તિકા સંપ્રદાય મારફત બહાર પડાવી હતી.તેઓનું કાઠી જ્ઞાતિ માટે બીજું એક અગત્યનું કાર્ય એ હતું કે તેમણે ગુજરાત સરકાર દ્વારા કાઠી જ્ઞાતિને બક્ષીપંચની માન્યતા અપાવવામાં મહત્ત્વનું કાર્ય કર્યુ હતું. આથી કાઠી જ્ઞાતિએ તેમને જસદણ દરબારસાહેબ સત્યજીતકુમારના હસ્તે ''જ્ઞાતિરત્ન''નો ઇલ્કાબ આપવામાં આવ્યો હતો. છેલ્લી અવસ્થામાં તેમને કાઠી જ્ઞાતિનો ઇતિહાસ લખવાની પ્રેરણા થઇ અને તેમણે ''કાઠિયાવાડ વાળા અને કાઠી રાજવંશો'' નામનું એક પુસ્તક પ્રગટ કર્યુ.

ડો.ગુલાબબા વાલેરાવાળા-બગસરા



પ્રથમ પીએચ. ડી. ડૉ. ગુલાબકુંવરબા - બગસરા.

તેઓએ કાઠી જ્ઞાતિના ભાઇ બહેનોમાં સૌપ્રથમ પીએચ.ડી. થવાનું માન મેળવ્યું છે એવા ગુલાબબાનો જન્મ તા.૨૨-૨-૧૯૪૮ના રોજ રાજકોટ ખાતે પાટડિયા હાઉસમાં થયો હતો. તેઓ બગસરાના કુ.શ્રી વાલેરાવાળા અને રાજકોટના પોલીસ સુપ્રિન્ટેન્ડેન્ટના પુત્રી છે. તેઓએ પ્રાથમિક શિક્ષણ લાહોરની મોન્ટેસરી સ્કૂલ અને જૂની દિલ્હીમાં મેળવ્યું હતું. જ્યારે હાઇસ્કૂલનું શિક્ષણ એટલે ધો.૮ થી૧૨ સેન્ટમેરી હાઇસ્કૂલ મહુ(મધ્યપ્રદેશ)માં મેળવ્યું હતું.હાયર સેકન્ડરી બોર્ડમાં તેઓ ધો.૧૨માં સમગ્ર મધ્ય પ્રદેશમાં દ્વિતીય ક્રમાંકે પાસ થયા હતા. તે પછી તેમણે અજમેરની વિશ્વવિખ્યાત સોફિયા કોલેજમાંથી બી.એસસી.ની પદવી પ્રાપ્ત કરી હતી. જ્યારે રાજસ્થાન યુનિવર્સિટીમાંથી જયપુરમાંથી ડિપાર્ટમેન્ટ ઓફ બોટનીમાંથી એમ.એસસી.ની પદવી પ્રાપ્ત કરી હતી. આ પછી તેઓએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી-રાજકોટમાંથી ''ઇકોલોજી ઓફ ગ્રાસલેન્ડ ઓફ સૌરાષ્ટ્ર''નામનો મહાનિબંધ લખ્યો અને તેમનો મહાનિબંધ ફ્રાંસમાં ડો.બ્રોન બ્લેકેટએ તપાસ્યો હતો.તેઓએ પીએચ.ડી. કર્યુ તેની એક બે વિશેષતાઓ એ ગણાવી શકાય કે ત્યારે આખા ભારતમાં માત્ર બોટની વિષયમાં ત્રણ જ ગાઇડ હતા એમાંના તેમના ગાઇડ ડો.એસ.સી.પાંડે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં હતા. તેમણે બામણબોરના વીડમાં જાતે ફરી ફરીને આ વિષય ઉપર ગહન અને ઊંડાણભર્યો અભ્યાસ કર્યો અને ઇ.સ.૧૯૭૭માં પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી હતી. તેઓએ પોતાના અભ્યાસકાળ દરમ્યાન ઘણા બધા સ્થળોએ પોતાના સંશોધનપત્રો વાંચ્યા હતા. જેમાનું ઇન્ડિયન સાયન્સ કોંગ્રેસ સાઉથ આફ્રિકામાં તેમનું પેપર મોકલવામાં આવ્યું. આ સિવાય ઇન્ડિયન સાયન્સ કોંગ્રેસે ઇ.સ.૧૯૭૫-૭૬માં તેમના પેપરો સ્વીકાર્યા હતા.[૧૧૯]

પોતે જ્યારે અભ્યાસ કરી રહ્યા હતા ત્યારે હોકીમાં તેઓ યુનિવર્સિટીમાં હોકી પ્લેયર હતા, કરાટેમાં પણ તેમનું સારું એવું પ્રદાન હતું. તેમણે સોફિયા કોલેજના યુથ ફેસ્ટીવલમાં ડાન્સ ક્ષેત્રે પ્રથમ આવી બિકાનેરના મહારાજા કર્ણીસિંહજીના હસ્તે ઇનામ મેળવ્યું હતું. કાઠી જ્ઞાતિમાં સૌપ્રથમ પીએચ.ડી. થવા બદલ નવા સૂરજદેવળ મુકામે ઇ.સ.૧૯૮૪માં પૂ.મોરારીબાપુના

હસ્તે સન્માન ગોઠવાયુ હતું.

આ પછી તો તેમણે ઘણા બધા વર્ષો સુધી કોઇ નોકરી કે વ્યવસાય સ્વીકાર્યો નહીં અને ઉત્તર પ્રદેશના બરહાના રાજવી કુટુંબના વિજયસિંહ બહાદુરસિંહ ચૌહાણ સાથે લગ્નગ્રંથીથી જોડાયા છે.

પ્રતાપભાઇ સુરગભાઇ વરૂ-નાગેશ્રી

જેઓ સૌરાષ્ટ્રના સ્વાતંત્ર્યસેનાની અને આરઝી હકુમતના લશ્કરી ખાતાના પ્રધાન એવા સુરગભાઇ વરૂના પનોતા પુત્ર છે. તેમનો જન્મ નાગેશ્રી ખાતે તા.૧૭-૧૦-૧૯૫૨ના રોજ થયો છે. જેમણે નાગેશ્રીની પ્રાથમિક શાળામાં પ્રાથમિક શિક્ષણ મેળવ્યું અને વધારે અભ્યાસ માટે જાફરાબાદ તથા જૂનાગઢમાં રૂપાયતન નામની રતુભાઇ અદાણીની શાળામાં તેમના પિતાશ્રીના રતુભાઇ સાથેની મિત્રાચારીના હિસાબે દાખલ થયા હતા અને ત્યાં તેમણે એસ.એસ.સી. સુધીનો અભ્યાસ કર્યો હતો. તેઓએ પછી આગળ અભ્યાસ કર્યો નથી.

જાફરાબાદ તાલુકામાં તેમણે યુવક મંડળની સ્થાપના કરી હતી. તેઓ ઇ.સ.૧૯૭૨માં તેમના પિતાશ્રીની ખાલી પડેલી જગ્યા ઉપર જિલ્લા પંચાયતની બેઠક ઉપર પ્રથમ વખતે ચુંટાયા અને તેમણે રાજકારણમાં પ્રવેશ કર્યો હતો. ઇ.સ.૧૯૮૦ સુધી સતત જિલ્લા પંચાયત અમરેલીમાં સભ્ય તરીકે તેઓ દરેક વખતે ચુંટાઇ આવ્યા હતા. ઇ.સ.૧૯૮૦માં ધારાસભ્ય તરીકે કોંગ્રેસ પક્ષના ઉમેદવાર તરીકે ચુંટાયા. ત્યારે સૌથી નાની વયના ધારાસભ્ય તરીકેનું તેમણે માન મેળવ્યું હતું. તેમણે ઇ.સ.૧૯૮૦થી ૧૯૮૫ સુધી ધારાસભ્ય તરીકે પોતાની સેવાઓ આપી હતી. ઇ.સ.૧૯૮૫ થી ફરી જિલ્લા પંચાયતના સભ્ય ઇ.સ.૨૦૦૧ સુધી રહ્યા હતા. તેઓએ કાઠી જ્ઞાતિમાં સંગઠન ઉભું કરવા માટે ગુજરાત રાજ્ય શક્તિ સંગઠન મંડળની સ્થાપના કરી અને તેમના પ્રમુખ તરીકે તેઓ નીમાયા હતા. તેમણે ગુજરાત રાજ્ય કાઠી ક્ષત્રિય સમાજના પ્રમુખ તરીકે પણ પોતાની સેવાઓ આપી છે.[૧૨૦]

બાબરિયાવાડના સમગ્ર બાબરિયાઓના ઇષ્ટદેવનું સ્થાનક તુલસીશ્યામ ટ્રસ્ટના તેઓ ટ્રસ્ટી છે અને તુલસીશ્યામના વિકાસમાં અને તુલસીશ્યામનું નામ દેશ-વિદેશમાં ગાજતું કરી વિકાસની હરણફાળ ભરાવવામાં તેમનું અનેરૂ યોગદાન છે.

તેઓ ઘોડેસવારી, ખેતીવાડી,બાગાયત અને પ્રવાસનો શોખ ધરાવે છે .તેઓ તેમના પિતાશ્રીનું નામ ઉજ્વળ કરી રહ્યા છે. કાઠી જ્ઞાતિમાં માત્ર ચાર જ ધારાસભ્યો થયા છે તેમાંના બે તો આ બંને પિતા પુત્રો છે.

દ. શ્રી અનકચંદ્રવાળા ભાયાવાળા- ભાયાવદર

આ મહામાનવ સ્વનિર્મિત અને આપનિર્મિત વિદ્વાન અને ખગોળશાસ્ત્રી હતા. ભારતીય ખગોળશાસ્ત્રના ઇતિહાસમાં જેમનું નામ ધ્રુવની જેમ ચમકી રહ્યુ છે એવા અનકચંદ્રવાળા ભાયાવદરના તાલુકદાર ભાયાવાળાને ત્યાં ઇ.સ. ૧૯૦૪માં જન્મ્યા હતાં. તેઓ ધો. ૧૦ સુધીનું જ શિક્ષણ મેળવીને એ માન્યતાને ખોટી પાડી છે કે પદવી સાથે જ્ઞાન અને વિદ્વતા આવે છે.

તેઓએ પ્રાથમિક શિક્ષણ ભાયાવદરમાં જ લીધુ અને પછી અમરેલીમાં માધ્યમિક શિક્ષણ મેળવ્યું હતું. બાળપણથી તેમના સ્વભાવમાં ફરવુ અને જોવું, જાણવું, વાંચવુ, કઇંક પ્રતિપાદિત કરવું એ લક્ષણો હતાં.

આ સમયગાળા દરમ્યાન તેમને યોગ્ય માર્ગદર્શક મળી આવ્યા અને તેમણે તેમના જ્ઞાનને પ્રજ્વલિત કર્યુ જે હતા જાણીતા ખગોળશાસ્ત્રી વિશ્વનાથ માધવજી ભટ્ટ કે જેમનો શ્રી વાળાને પરિચય થતા તેમણે તેમને તૈયાર કર્યા.

આ રીતે તેમની જ્ઞાન મેળવવાની અને એ જ્ઞાનને ચકાસવાની અને ખગોળશાસ્ત્રની યાત્રા ઇ.સ. ૧૯૨૦ થી ૧૬ વર્ષની ઉંમરે શરૂ થઇ હતી તે છેક મૃત્યુ સુધી અવિરત ચાલતી રહી તેઓએ જ્ઞાતિ અને સમાજને ૭૦ વર્ષ પોતાના જ્ઞાન અને સેવાનો લાભ આપ્યો હતો.

તેઓએ ઇતિહાસ અને ખગોળશાસ્ત્ર એમ બે વિષયોમાં ખાસ રસ હતો આથી તેઓ કાઠીઓનો ઇતિહાસ ઉકેલવા માટે સતત મથામણ કરતા રહ્યા હતા. તેઓ સમગ્ર કાઠીયાવાડના કાઠીઓના વિસ્તાર, ફોટા, વંશાવળી બતાવતો એક ગ્રીન કલરનો સુંદર ૪ × ૩ નો નક્શો બનાવ્યો હતો. તે કાઠી રજવાડાઓ અને સમગ્ર કાઠીયાવાડમાં ખૂબ જ પ્રચલિત બન્યો

હતો જે નક્શો તે જમાનામાં ગાંધીજીના હત્યારા નથુરામ ગોડસેના ભાઇના પ્રેસમાં પૂનામાં છપાવ્યો હતો.

તેઓએ કાઠીઓ વિશે 'સૌરાષ્ટ્રના સૂરા અને કાઠીયાવાડના કાઠીઓ, નામનો લેખ લખ્યો હતો, જે ઘણો પ્રમાણભૂત અને તારણોમાં વજુદવાળો ગણાયો હતો.

તેઓએ ડેડાણ પાસેના સાણાડુંગરની રૂબરૂ મુલાકાત લઇ સ્થળ સંશોધન કરી લેખ તૈયાર કર્યો અને તે 'મોર્ડન રિવ્યુ'માં છપાવવાના હતાં. એ અરસામાં તા. ૨૪/૧૨/૧૯૨૭ના રોજ ઝવેરચંદ મેઘાણીએ તેમને (અનકચંદ્રવાળાને) પત્ર લખ્યો અને તેમાં લખ્યું હતું કે, આપણે બન્ને એકેક દિવસના અંતરે જ સાણામાં હતાં, પછી મેઘાણીએ તેમની સાથે સાણાની ગુફાની ચર્ચા કરી હતી.

ભારતમાં ખગોળશાસ્ત્રની એક પ્રાચીન શાસ્ત્ર તરીકે ગણના કરવામાં આવે છે. તેથી તો પ્રાચીન ભારતમાં આર્યભટ્ટ અને વરાહ મિહીર, ભાસ્કરાચાર્ય નામના પ્રખ્યાત ખગોળશાસ્ત્રીઓ થયા હતાં. એવા ખૂબ જ પ્રાચીન અને અટપટા અને ગહન અને જો ગણિતમાં પાવરધા ન હોઇએ તો તેમાં આપણને કશી જ ખબર ન પડે એવા વિષયની તેમણે આજીવન આરાધના કરી હતી.

તેઓ પુનાની 'એસ્ટ્રોનોમિકલ' સોસાયટીના આજીવન સભ્ય હતાં. આવા રસિક અને વિદ્વાન માણસને જોઇતુ કામ મળી ગયુ. જ્યારે અમરેલીમાં પ્રતાપરાય ગિરધરલાલ મહેતાએ પોતાના પિતાને નામે ગિરધરભાઇ સંગ્રહાલય ઉભુ કર્યુ હતું. ત્યારે તે હીરાપારખુ પ્રતાપરાયે આ સંગ્રહાલયમાં 'પ્લેનેટોરિયમ' બનાવવાનું કામ અનકચંદ્રવાળાને સોંપી, તેમની શક્તિઓ બહાર લાવવાની તક આપી હતી. પછી તો જોતજોતામાં તેમણે અમરેલીના સંગ્રહાલયમાં તે આખો બેનમૂન વિભાગ ઉભો કર્યો. જે આજે પણ હજારો લાખો લોકો, બાળકો અને વિદ્વાનો જોઇ રહ્યાં છે, અને ખગોળશાસ્ત્રથી માહિતગાર થાય છે.

આજે પણ હજુ અમરેલીના ગિરધરભાઇ સંગ્રહાલયમાં એ રીતે તેમની સુવાસ પ્રસરી રહી છે.

તેઓના કાર્ય અને તેમની આવડત અને ખગોળશાસ્ત્રના જ્ઞાનનું ગુજરાતને જાણ થતા પછી તો તેઓ ભારતભર અને ગુજરાતમાં ખગોળશાસ્ત્રી તરીકે માન્ય વિદ્વાન ગણાવા લાગ્યા. આ પછી તેમણે ઇ.સ. ૧૯૬૯માં ગાંધી શતાબ્દિ વખતે દિલ્હીમાં યોજાયેલ 'ગાંધી દર્શન' પ્રદર્શનમાં એક આખો ખગોળ વિભાગ ઉભો કર્યો હતો. આથી તેઓ રાષ્ટ્રીય સ્તરે ચમકવા અને

ગુજરાત સરકારના સંગ્રહાલયના નિયામકને તેમના જ્ઞાનની જરૂરીયાત જણાઇ અને તેઓને વડોદરા મ્યુઝિયમના ખગોળ વિજ્ઞાનની જવાબદારી સોંપી હતી.

આ પછી તો સમગ્ર ગુજરાતમાં જ્યાં જ્યાં ખગોળવિજ્ઞાનની કોઇ ગેલેરી કે પ્રદર્શન ઉભુ કરવાનુ હોય ત્યાં તેમની સેવાઓ લેવામાં આવી હતી જેમ કે અમદાવાદની વેધશાળા, અંબાજીની વેધશાળા, દિલ્હીના બાલભવનનો ખગોળ વિભાગ.

તેઓએ મુંબઇની રોયલ એશિયાટીક સોસાયટી સમક્ષ તા. ૧૪/૩/૧૯૪૭ના રોજ એપીડાયોસ્કોપની મદદથી સચિત્ર પ્રવચન આપી શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા, આ વ્યાખ્યાન વખતે ઔંધના મહારાજા પણ તેમાં હાજર હતા. તેમણે પછી અનકચંદ્ર વાળાને અંગત પત્ર લખી તેમાં જણાવ્યુ હતુ કે, 'આપનુ સંશોધન કાર્ય હિંદુ સંસ્કૃતિમાં એક મોટામાં મોટો ફાળો બની રહેશે. આ પત્ર પછી તા.૨૬/૩/૧૯૪૭ના 'ટાઇમ્સ ઓફ ઇન્ડીયા' માં પણ પ્રગટ થયો હતો, તે તેમની વિદ્વતા અને કાર્યની કદર બતાવે છે.

તેઓએ તા. ૧૦/૧૨/૧૯૭૦ ના રોજ વૈદિક સંશોધનોનું 'મારવેલ્સ ઓફ વૈદિક એસ્ટ્રોનોમી' ઉપર એક વ્યાખ્યાન રાજસ્થાન યુનિ. માં આપ્યું હતુ. તેઓએ ઘણા બધા શહેરોમાં ખગોળ સંશોધન વિષયક પ્રવચનો આપ્યા હતા અને કોઇ કોઇ જગ્યાએ પ્રદર્શનો ભરી ખગોળવિદ્યાને લોકોનો રસ્તો અને ઉપયોગી વિષય બનાવવાની તનતોડ મહેનત કરી હતી.

તેઓનું વૈદિક ખગોળ ઉપરનું જ્ઞાન વિચારણીય અને મહત્વનું હતુ. તેઓ એમ માનતા કે વિશ્વના બધા જ ધર્મો

ખગોળ સાથે સંકળાયેલા છે અને ખગોળઅણુની માંડીને સમગ્ર વિશ્વ સુધીનું જ્ઞાન પ્રત્યક્ષ સાબિતી દ્વારા આપે છે, તેમના આ વિચાર કે મંતવ્યને સંબંધિત શાસ્ત્રના જ્ઞાતિઓએ સ્વીકાર્યુ હતુ એમ કહેવાય છે.

તેઓ જ્ઞાન અને સેવાની કદર રૂપે તેમને તા. ૧૮/૪/૧૯૭૧ના રોજ શ્રી જગતગુરૂ શંકરાચાર્ય મહારાજે દ્વારકા - બેંગ્લોર મુકામે ત્યાંના મૈસુરના ગવર્નર શ્રી ધર્મવિરજીની હાજરીમાં જ્યોતિર્વિદનો ઇલ્કાબ દબદબાભર્યો કાર્યક્રમ યોજી એનાયત કરવામાં આવ્યો હતો, આ સમયે ત્યાં એસ્ટ્રોનોમીકલ પ્રદર્શન પણ ભરવામાં આવ્યુ હતું.

આ સિવાય તેમને ભારતની વિક્રમ યુનિવર્સીટીએ (F.I.A.H.P.S.) નો ઇલ્કાબ આપ્યો હતો.

આવા ભારત વિખ્યાત અને ખગોળશાસ્ત્રીનું કાઠી જ્ઞાતિએ ક્યાંય સન્માન કર્યાનુ જાણ્યું, સાંભળ્યું કે વાંચ્યુ નથી પરંતુ પાડરસીંગાના રાવતભાઇ ખુમાણે ''ભાયાવાળા સાહેબના ચરણે નામનો લેખ તેમના પિતા માટે લખ્યો હતો. કદાચ જ્ઞાતિ આવા વિદ્વાનને બિરદાવવાનું ચૂકી ગઇ હતી. આ બાબત જ્ઞાતિની બહુ મોટી ન ભૂલાવાલાયક અને આંખે ઉડીને વળગે એવી ખામી જણાય છે. બાકી જો તમારુ જુથ હોય અને લાગતા વળગતા હોય તો નાની એવી સિદ્ધિ માટે અને વેચાતા લીધેલા કે નકામા ફીતા જેવા એવોર્ડ મેળવનારાનું પણ સમાજ સન્માન કરતો હોય છે. જો કે આ બાબત કાઠી જ્ઞાતિ નહીં પરંતુ આખા માનવ સમુદાયને લાગી પાડી શકાય તેમ છે.આવા મહામાનવે જુલાઇ ૧૯૯૧માં ૮૭ વર્ષની ઉંમરે વિદાય લીધી.

દ.શ્રીકાળુભાઇ રાણીંગભાઇ ખુમાણ -નાના ગુજરિયા

કાઠી જ્ઞાતિમાં આ કુટુંબનુ સેવા બાબતે અનેરુ પ્રદાન રહયુ છે,તેઓએ બગસરા દ.શ્રી રામવાળા અને વીરાવાળાસાહેબની સાથે રહીને અનેરુ કામ કર્યુ હતુ,તેઓએ વિસાવદરમાં ગૌવધ અટકાવ્યો હતો અને રામવાળા બહારવટિયાને સાંચવ્યા હતા અને બે - ત્રણ રાજ્યોનું દબાણ થવા છતાં પણ તેમને સોંપવાની આનાકાની કરી હતી, રામવાળાએ ગુજરીયામાં એક શિવલીંગની પણ સ્થાપના કરી હતી, તેને રામેશ્વર નામે ઓળખવામાં આવે છે. બામણગઢના ખુમાણોને જે તકલીફ બાબીઓ તરફથી પડતી તે દૂર કરાવી હતી તેમના પૂર્વજ વાઘાભાઇ દેવદાનભાઇએ ૨૨ વર્ષની ઉંમરે કમળપૂજા ચડાવી હતી, તેઓના પૂર્વજોના ઘણા બધા કવિતો ચારણો અને બારોટોએ રચ્યા છે.સાંસ્કૃતિક વારસો તેમના વંશ વારસ જોરૂભાઇએ જાળવી રાખ્યો છે અને તેમણે ચારણો બારોટોને ઘણી બધી મદદ કરી છે અને તેમણે ચારણ બોર્ડિંગમાં રાજકવિ મેકરાણભાઇની યાદગીરીમાં રૂમ બંધાવી આપી તેમના નામની કદર કરી છે

શ્રીમતી માકુબા મેરૂભાઇ ખાચર-સુદામડા

કાઠી જ્ઞાતિમાં મોતીકળાને વિશિષ્ટ અને અનોખી માનવામાં આવે છે. કાઠી જ્ઞાતિની સ્ત્રીઓ જેવું મોતીકામ અન્ય કોઇ સ્ત્રીઓ કરી શકતી નથી. કાઠી જ્ઞાતિની બાળાઓને નાનપણથી જ મોતીકામનું શિક્ષણ આપવામાં આવે છે અને તેઓ પોતાને સાસરે જેટલું મોતી કામ લઇ જવાની હોય તે પોતાના હાથે બનાવે છે. આવી એક કાઠી જ્ઞાતિની એક મહિલાએ સમગ્ર કાઠી જ્ઞાતિને રાષ્ટ્રીય સ્તરે માન અપાવ્યું હતું. સુદામડાના માકુબાને ભારત સરકારે ઇ.સ.૧૯૮૧માં સિદ્ધહસ્ત શિલ્પીઓનો રાષ્ટ્રીય પુરસ્કાર આપ્યો હતો.[૧૨૧]

લવકુમાર ખાચર-જસદણ (જન્મ તા.૨૪-૧-૧૯૩૧)

તેઓ સમગ્ર ભારત ભરમાં પર્યાવરણવિદ્ અને પક્ષીવિદ્ તરીકેની નામના ધરાવે છે. તેઓ જસદણના ખાચર રાજકૂળમાંના એક રાજકુમાર છે. તેમનો જન્મ તા.૨૪-૧-૧૯૩૧ના રોજ થયો છે. તેમણે પોતાનું શરૂઆતનું ૨ વર્ષ શિક્ષણ રાજકોટની રાજકુમાર કોલેજમાં લીધુ હતું અને દિલ્હી યુનિવર્સિટીમાંથી બી.એસસી.(બોટોની)ઓનર્સની પદવી પ્રાપ્ત કરી હતી. આજ સુધીમાં તેમણે પર્યાવરણ, પ્રકૃતિ અને પક્ષીસૃષ્ટિ માટે એટલું બધું કામ કર્યુ છે કે લગભગ ભારતનો આ વિષયમાં રસ ધરાવતો કોઇ પણ માણસ તેમના નામ અને કામથી અજાણ્યો હોય શકે નહીં. તેઓએ અસંખ્ય લેખો જર્નલ ઓફ ધ બોમ્બે નેચરલ હિસ્ટ્રી સોસાયટીમાં લખ્યા છે. તેઓ બોમ્બે નેચરલ હિસ્ટ્રી સોસાયટીના લાઇફ મેમ્બર છે અને ૫૦ વર્ષથી હિમાલ્યન કલબના મેમ્બર છે. વર્લ્ડ વાઇલ્ડ લાઇફ ફંડ ઇન્ડિયામાં આખી એક એજ્યુકેશન યુથ મુવમેન્ટ તેમણે ચાલુ કરાવી હતી. તેઓએ પ્રકૃતિ

શિક્ષણ વિશેની પ્રથમ શિબિર ઈ.સ.૧૯૬૭માં હિંગોળગઢ ખાતે કરી હતી. ત્યારથી માંડીને આજ સુધીમાં ૩૦૦૦ થી ૪૦૦૦ પ્રકૃતિ શિક્ષણની શિબિરો યોજી અનેક યુવાનો અને યુવતીઓને પ્રકૃતિથી માહિતગાર બનાવી પ્રકૃતિપ્રેમી બનાવ્યા છે. તેઓનું ખાસ સમગ્ર ભારત માટે એ પ્રદાન ગણાવી શકાય કે તેમના વિચારોના હિસાબે જ કચ્છના અખાતનો મરીન નેશનલ પાર્ક ઉભો કરવામાં આવ્યો છે. જામનગર પાસેનું ખીજડિયા બર્ડઝ સેન્ચુરી એ પણ તેમનું જ સર્જન છે. હિંગોળગઢનું પ્રકૃતિ શિક્ષણ અભ્યારણ પણ તેમનું સર્જન છે. આંતરરાષ્ટ્રીય સ્તરે જેમના કામની નોંધ લેવામાં આવી હતી એવું તેમનું કામ એ હતું કે તેમણે હિમાલય અંદરના નંદાદેવીના વિસ્તારને વર્લ્ડ હેરીટેઝમાં મુકાવવામાં તેમણે અથાગ પ્રયત્નો કર્યા અને યુનેસ્કોએ તેમની એ દરખાસ્તને સ્વીકારી નંદાદેવીના વિસ્તારને લોકોનો અવર જવરથી બગડતું અટકાવી તે બધુ બંધ કરવામાં આવ્યું તે તેનું મુખ્ય સર્જન અને પ્રદાન છે.

તેમણે કૈલાસ માનસરોવરની જ્યારે આવાગમનના બહુ સાધનોનો વિકાસ થયો નહોતો ત્યારે એટલે કે આજથી ૫૦ વર્ષ પહેલા યાત્રા કરી હતી. તેઓને આજ સુધીમાં ચાર મહત્ત્વના એવોર્ડ પ્રાપ્ત થયા છે.

(૧) ભારતના પ્રાકૃતિક ઈતિહાસના અભ્યાસ અને પ્રકૃતિના સંરક્ષણમાં મહત્ત્વની ભૂમિકા નિભાવવા બદલ વર્લ્ડ વાઈલ્ડ લાઈફ તરફથી કોન્ઝર્વેશન એવોર્ડ આપવામાં આવેલ છે.[૧૨૨]

(૨) બોમ્બે નેચરલ હિસ્ટ્રી સોસાયટી તરફથી લાઈફ ટાઈમ એવોર્ડ ફોર એક્સેલન્સ ઓર્થોલોજી પુરસ્કાર મળ્યો હતો. જે પુરસ્કાર નંદાદેવીને રાષ્ટ્રીય ઉદ્યાન વર્લ્ડ હેરીટેઝમાં મુકાવવા માટે અને મરીન નેશનલ પાર્કનું સર્જન કરવા માટે અપાયો હતો.

(૩) વેનુ મેનન લાઈફ ટાઈમ એચીવમેન્ટ એવોર્ડ તેમને તા.૧૯-૨-૨૦૦૪ના રોજ મળ્યો હતો.

(૪) પક્ષી સંરક્ષણ મંડળ ગુજરાત તરફથી ૨૦૦૪માં તેમને એક એવોર્ડ મળેલ છે.

આજે તેઓ રાજકોટમાં વસે છે અને હજુ પણ એટલી ઉંમરે પણ પ્રકૃતિ અને પર્યાવરણ માટે એટલા જ શોખ અને રસથી કાર્ય કરી રહ્યા છે. તેઓ પોતાની પ્રસિદ્ધિ કરાવવા માંગતા નથી. આથી તેઓની કોઈ રૂબરૂ મુલાકાત લઈ તેમના મહત્ત્વના પ્રદાન વિશે પૂછે તો પણ તેઓ કશુ જણાવતા નથી અને કહે છે કે જે થયું છે તે થયું તેને પછી કાંઈ યાદ ન રાખવાનું હોય,[૧૨૩] આમ આવો નિખાલસ, નિરાળો અને દુનિયાદારીની પ્રસિદ્ધિનો મોહ નહીં રાખનારા છે.

આ સિવાય પણ કાઠી જ્ઞાતિમાં અનેક નામી અને જાણીતા સ્ત્રી પુરૂષો થયા છે કે જેમણે સમાજની પ્રતિષ્ઠા વધારી છે અને ગૌરવ અપાવ્યું છે. સાથે સાથે સમાજસેવા કરીને જ્ઞાતિને આગળ લાવવામાં તેમનું અનેરૂ પ્રદાન રહ્યું છે.

એવા વ્યક્તિત્વોમાં સેવાભાવના અને કાઠી જ્ઞાતિમાં શિક્ષણનો વિકાસ કરવાનો ભેખ લીધેલા શ્રી ઠારણભાઈ લુણવીરભાઈ વાળા-(માળિલા), વિસામણભાઈ કાળુભાઈ વાળા (લાલાવદર-હાલ અમરેલી), ભાણભાઈ માત્રાભાઈ ખુમાણ (સાવરકુંડલા) રામભાઈ ઠારણભાઈ વાળા (જૂનાગઢ) નું નામ અવશ્ય મોખરે આવે છે. એ જ રીતે સમાજે અનેક ઉદ્યોગપતિ, સફળ રાજકારણી, સંતો, યજુવેન્દ્રસિંહજી વાળા જેવા વિશ્વવિખ્યાત ક્રિકેટર અને સમાજસેવકો, સ્વાતંત્ર્ય સેનાનીઓ, સાહિત્યકારો, અધિકારીઓ આપ્યા છે.

આ બધાની ઉપર માત્ર વિહંગાવલોકન કરતા પણ કાઠી જ્ઞાતિની એક આખી પ્રતિભા ઉભી થાય છે અને અન્ય લોકોને તેમાંથી પ્રેરણા મળે છે અને અન્ય સમાજના લોકો આ વ્યક્તિત્વ તરફ નજર કરે છે ત્યારે તેમને આ જ્ઞાતિનો થોડોક પરિચય મળે છે.

* * *

પાદનોંધ

(૧) સંતોના જીવન-કવન અને કાર્યો વિશે પ્રકરણ-૪માં વિગતો આપવામાં આવી છે.

(૨) બહારટિયાઓ જે તે રાજવંશ સામે લડ્યા તેની વિગતો પ્રકરણ-૨માં સામેલ કરવામાં આવી છે.

(૩) ગીડા નાગભાઈ ઓઘડભાઈ (લેખ) ''અભંગ લોમોખુમાણ'' રાંભડા (અપ્રસિદ્ધ)

(૪) આજ સુધીના લેખકોએ લોમા ખુમાણના ગામ તરીકે કાલાવાડ પાસેના ખેરડીને બતાવ્યું છે, તે માન્યતા સ્થળ તપાસના આધારે ખોટી ઠરે છે.

(૫) ખેરડી (તા.રાજકોટ) ગામની રૂબરૂ મુલાકાત અને સ્થળ તપાસને આધારે.

(૬) દેસાઈ શંભુપ્રસાદ (અનુવાદક) ''તારીખે સોરઠ વ હાલાર'' જૂનાગઢ બીજી આવૃતિ ઈ.સ.૨૦૦૩, પૃ.૧૯૬.

(૭) નાનાભાઈ નથુભાઈ બારોટ, સણોસરા તા. ચોટીલાને આધારે.

(૮) ભટ્ટ દેવશંકર ''શિહોરની હકીકત'' ભાવનગર, ઈ.સ.૧૯૨૮, પૃ.૪૭.

(૯) ઠાકોર રતનજીના પાળિયામાં સંવત ૧૬૭૬ વર્ષે શ્રાવણ વદ-૧ સોમવાર લખેલો છે. (રત્નમાળ પૃ.૨૮૯)

(૧૦) મહેડુ વજમાલજી ''વિભાવિલાસ'' જામનગર ઈ.સ.૧૮૯૭, પૃ.૩૪૦.

(૧૧) કવિશ્વર દલપતરામ ''રત્નમાલ અને ગુજરાતના રાજ્યો તથા રાજવંશીઓની છુટક તવારીખોનો સંગ્રહ'' અમદાવાદ, ઈ.સ.૧૯૦૬, પૃ.૨૮૭.

(૧૨) દેસાઈ શંભુપ્રસાદ ''સૌરાષ્ટ્રનો ઈતિહાસ'' રાજકોટ, ત્રીજી આવૃતિ, ઈ.સ.૧૯૯૦, પૃ.૫૯૮.

(૧૩) Watson J.W.(Un Published) "History of Kathi" A.D.1883 Page. 72.

(૧૪) મેઘાણી ઝવેરચંદ ''સૌરાષ્ટ્રની રસધાર'' (સંકલિત આવૃતિ) ભાવનગર, પુનઃમુદ્રણ, ઈ.સ.૨૦૦૧, પૃ.૧૮૩.

(૧૫) ''ચોટીલાના મૂળુ ખાચરના યશોગાન'' ચારણી સાહિત્ય હસ્તપ્રત ભંડાર રાજકોટ ચોપડા નં.૨૫૫, હસ્તપ્રત નં.૪૧૧૫

(૧૬) Watson J.W.(Un Published) "History of Kathi" A.D.1883 Page. 59.

(૧૭) ''મૂળુ ખાચર અને ઔરંગઝેબ'' ચોપડા નં.૧૧, હસ્તપ્રત નં.૪૯૧, ચારણી સાહિત્ય હસ્તપ્રત ભંડાર, સૌ.યુનિ. રાજકોટ.

(૧૮) Watson J.W(Un Published). "History of Kathi" A.D.1883 Page. 43.

(૧૯) ખાચર પ્રદ્યુમ્ન ભ. ''કાઠી ઈતિહાસ અને સંસ્કૃતિ'' સણોસરા, ઈ.સ.૧૯૯૭, પૃ.૬૮.

(૨૦) "The Ruling Princes, Chiefs and Leading Personages in the Western India States Agency" Second Edition, 1935, Page 352.

(૨૧) સાધુ માધવપ્રિયદાસ ''ભક્તરાજ દાદા ખાચર'' અમદાવાદ, બીજી આવૃતિ, ઓગષ્ટ-૧૯૮૦, પૃ.૬.

(૨૨) વાઘેલા બી.જી. ''ભગવાન સ્વામિનારાયણનું સમકાલીન લોકજીવન'' અમદાવાદ, ત્રીજી આવૃતિ, ઈ.સ.૧૯૯૭, પૃ.૯૮.

(૨૩) વ્યાસ રશ્મિ ''૧૯મી સદીમાં ગુજરાતમાં સ્વામિનારાયણ સંપ્રદાયનું સાંસ્કૃતિક પ્રદાન'' રાજકોટ, પ્ર.આ. ડિસેમ્બર-૧૯૯૭, પૃ.૭૨.

(૨૪) પંજવાણી મૂળજી ''અક્ષરધામ ગઢપુર'' ગઢડા સ્વામીના, ઈ.સ.૧૯૯૩, પૃ.૫૩.

(૨૫) ભક્ત અંબરીશ ''ભક્તરાજ જીવુબા, ભક્તરાજ લાડુબા'' અમદાવાદ, પ્ર.આ. એપ્રિલ-૧૯૭૯, પૃ.૩૧.

(૨૬) ખાચર હરેશભાઈ બચુભાઈ (ગઢડા સ્વામીના) દાદા ખાચરના વંશજની રૂબરૂ મુલાકાતને આધારે.

(૨૭) કોઈક જગ્યાએ જીવુબાની મૃત્યુ સાલ સંવત ૧૯૧૬ ફાગણ સુદ-૫ પણ બતાવી છે.

(૨૮) રાજમાતા કમરીબાઈ જસદણની વધુ વિગતો માટે જૂઓ પ્રકરણ-૨.

(૨૯) "The Ruling Princes, Chiefs and Leading Personages in the Western India States Agency" Second Edition, 1935, Page 293.

(૩૦) વાજસુરવાળા લગ્ન બાબતે તેઓ જ્ઞાતિમાં મહાપુરૂષ હોવા છતાં ટીકાપાત્ર બન્યા હતા. શુક્લ રમેશ ''કલાપી અને સંચિત'' મુંબઈ, પ્ર.આ. ઈ.સ.૧૯૮૧, પૃ.૨૬૩.

(૩૧) પાઠક જગજીવન ''મકરધ્વજવંશી મહિપમાળા'' પોરબંદર, પ્ર.આ.ઈ.સ.૧૯૨૨, પૃ.૨૦૭.
(૩૨) પોરબંદર સ્ટેટ ડિરેક્ટરી પુસ્તક-૩, રાજકોટ, ઈ.સ.૧૯૧૭, પૃ.૫૧,૫૯ અને ૧૯૩.
(૩૩) ''કાઠી રાજપૂત'' (માસિક) વર્ષ-૭, અંક-૩, તા.૭-૧૦-૧૯૩૫, પૃ.૩૫.
(૩૪) શાહ કાંતિલાલ ''સૌરાષ્ટ્રમાં ગાંધીજી'' રાજકોટ, ઈ.સ.૧૯૯૪, પરિશિષ્ટ, પૃ.૬.
(૩૫) સોરઠિયા ગોરધનદાસ ''અમરેલી ઈતિહાસની અટારીએથી'' અમરેલી, ઈ.સ.૨૦૦૫, પૃ.૬૯.
(૩૬) મેઘાણી ઝવેરચંદ ''રંગ છે બારોટ'' ભાવનગર, પુનઃમુદ્રણ, ઈ.સ.૧૯૯૩, પ્રવેશક, પૃ.૮.
(૩૭) ''કાઠી રાજપૂત''(માસિક) વર્ષ-૨, અંક-૯, તા.૨૫-૬-૧૯૩૧, પૃ.૧૩.
(૩૮) '' કાઠી રાજપૂત'' (માસિક) વર્ષ-૪, અંક-૨, તા.૭-૧૧-૧૯૩૨, પૃ.૧૭.
(૩૯) હડાળા (તા.બગસરા)માં આવેલ વાજસુરેશ્વર મંદિરમાં આવેલ શિલાલેખને આધારે.
(૪૦) શુકલ રમેશ ''કલાપી અને સંચિત'' મુંબઈ, પ્ર.આ. ઈ.સ.૧૯૮૧, પૃ.૧૪૪.
(૪૧)શુકલ રમેશ ''કલાપી અને સંચિત'' મુંબઈ, પ્ર.આ. ઈ.સ.૧૯૮૧, પૃ.૫૪૪.
(૪૨) પરમાર જયમલ્લ ''લોકસંસ્કૃતિના કલાધરો'' રાજકોટ, પ્ર.આ. ઈ.સ.૧૯૯૭, પૃ.૪૫.
(૪૩) ''કાઠી રાજપૂત'' (માસિક) અંક-૬, વર્ષ-૫, તા.૨૪-૨-૧૯૩૪, પૃ.૧૮.
(૪૪) ''કાઠી મિત્ર'' (માસિક) વર્ષ-૨, અંક-૪,૫,૬, તા.૧૫-૧૨-૧૯૪૬, પૃ.૧૭.
(૪૫) દેવલુક નંદલાલ (સંપાદક) ''સૌરાષ્ટ્રની અસ્મિતા'' ભાવનગર, ઈ.સ.૧૯૬૮, પૃ.૭૦૩.
(૪૬) "Indian Princes and the crown" Bombay 1912 A.D. Page 211. ઉપર તેમની જન્મ સાલ ઈ.સ.૧૮૭૨ આપે છે તે ભૂલભરેલી છે.
(૪૭) મહેતા મોતીલાલ જે. ''નિત્ય પ્રસાદ'' પીઠડિયા, પ્ર.આ., ઈ.સ.૧૯૩૫, પૃ.૧૬.
(૪૮) કાઠી રાજપૂત'' (માસિક) વર્ષ-૫, અંક-૨, તા.૨૮-૧૦-૧૯૩૩, પૃ.૬.
(૪૯) File No.21-1929 "Wala Ram Mulu and Vira Mulu Shar Holder" National Archives of India, New Delhi.
(૫૦) પાઠક જગજીવન ''મકરધ્વજ મહિપમાળા'' પોરબંદર, ઈ.સ.૧૯૨૨, પૃ.૨૪૬.
(૫૧) ''કાઠી રાજપૂત''(માસિક) વર્ષ-૩, અંક-૬, તા.૧૭-૩-૧૯૩૨, પૃ.૨૭.
(૫૨) સોઢા જે.પી. ''સોરઠના અંતિમ બાબી શાસક'' જૂનાગઢ પ્ર.આ. ઈ.સ.૨૦૦૨, પૃ.૧૭૧.
(૫૩) ''કાઠી રાજપૂત (માસિક) વર્ષ-૩, અંક-૪, તા.૧૮-૧-૧૯૩૨, પૃ.૨૪.
(૫૪) દીવાન વીરાવાળાના પૌત્રી ઈન્દિરાબા ભોજવાળા નટવરનગરની રૂબરૂ મુલાકાતને આધારે.
(૫૫) ગાંધી મોહનદાસ ''દેશી રાજ્યોના પ્રશ્નો'' અમદાવાદ, પ્ર.આ., ઈ.સ.૧૯૪૧, પૃ.૩૫૧.
(૫૬) લાંગડિયા કાનજી જીવા, બરવાળા સંવત-૧૯૯૬, પૃ.૪.
(૫૭) શાહ કાંતિલાલ ''સૌરાષ્ટ્રમાં ગાંધીજી''રાજકોટ, પ્ર.આ. ઈ.સ.૧૯૯૪, પૃ.૯૭.
(૫૮) રાજકોટના સત્યાગ્રહ વખતના પોલીસ સુપ્રિન્ટેન્ડેન્ટના ધર્મપત્ની બાશ્રી મણીબા (ઉ.વ.૯૦)ની રૂબરૂ મુલાકાતને આધારે.
(૫૯) ખુમાણ પ્રતાપભાઈ બદરૂભાઈ સાવરકુંડલાની માહિતીને આધારે.
(૬૦) ''કાઠી રાજપૂત'' (માસિક) વર્ષ-૨, અંક-૫, તા.૨૯-૧-૧૯૩૧, પૃ.૫.
(૬૧) ''કાઠી રાજપૂત ''(માસિક) વર્ષ-૮, અંક-૧૧,૧૨, તા.૧૪-૯-૧૯૩૭, પૃ.૨૭.
(૬૨) ''કાઠી રાજપૂત ''(માસિક) વર્ષ-૯, અંક-૨,૩,૪, તા.૧૧-૧-૧૯૩૮, પૃ.૧૨.
(૬૩) ''કાઠી રાજપૂત'' (માસિક) વર્ષ-૨, અંક-૨, તા.૧૧-૧૧-૧૯૩૮, પૃ.૩૨.

(૬૪) ''કાઠી રાજપૂત'' (માસિક) વર્ષ-૫, અંક-૯,૧૦,૧૧, તા.૨૦-૮-૧૯૩૪, પૃ.૧૦.
(૬૫) ''કાઠી રાજપૂત'' (માસિક) વર્ષ-૩, અંક-૬, તા.૧૭-૩-૧૯૩૨, પૃ.૧૯.
(૬૬) ''કાઠી રાજપૂત''(માસિક) વર્ષ-૨, અંક-૧૦, તા.૨૪-૭-૧૯૩૧, પૃ.૧૪.
(૬૭) ખાચર હકાભાઈ રૂખડભાઈ સાળીંગપુર (તા.બરવાળા)ની રૂબરૂ મુલાકાતને આધારે.
(૬૮) બસિયા કાળુભાઈ ''જગતપ્રવાસ પ્રસાદી'' મુંબઈ, પ્ર.આ. ઈ.સ.૧૯૫૯, પૃ.૬૨.
(૬૯) ''કાઠી રાજપૂત''(માસિક) વર્ષ-૨, અંક-૫, તા.૨૯-૧-૧૯૩૧, પૃ.૫.
(૭૦) લાઈફ લાઈન અંક-૨૨, ફેબ્રુઆરી-૧૯૬૯, કલકત્તા, પૃ.૩.
(૭૧) કંટેનર કોર્પોરેશન ઓફ ઈન્ડિયાનો એન્યુઅલ રિપોર્ટ ઈ.સ.૧૯૯૧-૯૨, પૃ.૬.
(૭૨) કંટેનર કોર્પોરેશન ઓફ ઈન્ડિયાનો એન્યુઅલ રિપોર્ટ ઈ.સ.૧૯૯૫-૯૬, પૃ.૧.
(૭૩) ''ઓબ્ઝર્વર'' (અંગ્રેજી અખબાર) તા.૨૪-૮-૧૯૯૪, દિલ્હી, પૃ.૩.
(૭૪) ''સ્વરાજ્ય સંદેશ'' (સાપ્તાહિક) વર્ષ-૩૦, અંક-૫૨, તા.૨૮-૮-૧૯૯૪, પૃ.૧.
(૭૫) કુ.શ્રી મૂળુવાળા નવી દિલ્હીનો પ્રસિદ્ધ થયેલ બાયોડેટા.
(૭૬) Lioyd,s List (News Paper) Date - 29/3/1994, New Delhi, Page 10.
(૭૭) વડાપ્રધાન ઉનુ (બર્મા)નો શ્રી મૂળુવાળા ઉપરનો અભિનંદન પત્ર તા.૮-૧૨-૧૯૮૭ના આધારે.
(૭૮) યુનાઈટેડ નેશન્સ, યુનિસેફ Fel-4-1, Ind/79/045 તા.૨૦-૯-૧૯૮૨ના પત્રના આધારે.
(૭૯) શ્રી દેવેન્દ્રભાઈ બી. ખાચર (સાણોસરા તા.ચોટીલા)ને મળેલ પ્રમાણપત્રને આધારે.
(૮૦) ખાચર હકાભાઈ રૂખડભાઈ (પોતે)ની રૂબરૂ મુલાકાતને આધારે.
(૮૧) ''કાઠી જાગૃતિ'' (માસિક) વર્ષ-૨, અંક-૨, તા.૧૧-૧૧-૧૯૪૮, પૃ.૧.
(૮૨) દેવલુક નંદલાલ (સંપાદક) ''ભારતીય અસ્મિતા'' ભાવનગર, પ્ર.આ.ઈ.સ.૧૯૭૪, પૃ.૯૭૦.
(૮૩) વાળા નાજભાઈ ''અનેક ઈશ્વરવાદના અનિષ્ટો'' ચાડિયા, જૂન-૧૯૭૬, ૧૦.
(૮૪) ''કાઠી મિત્ર'' (માસિક) વર્ષ-૨, અંક-૬, તા.૧૫-૩-૧૯૪૭, પૃ.૨૦.
(૮૫) ''કાઠી રાજપૂત'' વર્ષ-૩, અંક-૪, તારીખ નથી કે પૃષ્ઠાંક નથી મળ્યા.
(૮૬) ''ઉર્મિનવરચના''(માસિક) અંક-૫૭૧-૭૨, ઈ.સ.૧૯૭૭, ઓક્ટો.નવે. પૃ.૪૫૨.
(૮૭) વાળા નાજભાઈ ''અનેક ઈશ્વરવાદના અનિષ્ટો'' ચાડિયા, જૂન-૧૯૭૬, પૃ.૯.
(૮૮) સાવરકર ભગવાનજી કાઠી કૂળદિપક'' જૂના સાવર,સંવત ૧૯૯૪,પૃ.૨૫.
(૮૯) દ.શ્રી શિવરાજકુમારના યુવરાજ અને હાલના દ.શ્રી સત્યજીતકુમાર ખાચર જસદણની રૂબરૂ મુલાકાતને આધારે.
(૯૦) દ.શ્રી શિવરાજકુમારના રાણી સાહેબ પ્રેમિલારાજ સાહેબ જસદણની રૂબરૂ મુલાકાતને આધારે.
(૯૧) Gernal of the Bombay Netural History Society Aug.1955.
(૯૨)Gernal of the Bombay Netural History Society Aug.1959.
(૯૩)Gernal of the Bombay Netural History Society Aug.1959.
(૯૪) Gernal of the Bombay Netural History Society Dec.1958.
(૯૫) Gernal of the Bombay Netural History Society .Dec.1960.
(૯૬) Gernal of the Bombay Netural History Society .Dec.1961.
(૯૭) Gernal of the Bombay Netural History Society .Dec.1961.
(૯૮) Gernal of the Bombay Netural History Society .April.1962.
(૯૯) Gernal of the Bombay Netural History Society .Dec.1962.

(૧૦૦) Gernal of the Bombay Netural History Society .March.1971.
(૧૦૧) Gernal of the Bombay Netural History Society .Jun.1970.
(૧૦૨) Gernal of the Bombay Netural History Society .Sapt.1971.
(૧૦૩) Gernal of the Bombay Netural History Society .April.1985.
(૧૦૪) The Lion Census of 1955 by-M.A.Wynter, Blyth, Bombay, Page-533.
(૧૦૫) ખાચર શિવરાજકુમાર, લવકુમાર, નાયક આર.એમ. ''હંજનગરની મુલાકાતે કચ્છના રણમાં''મુંબઈ, ઈ.સ.૧૯૬૫, પૃ.૧૫.
(૧૦૬) વરૂ સુરગભાઈ ''હું કોણ છું''નાગેશ્રી, ઈ.સ.૧૯૯૬, પૃ.૧૨.
(૧૦૭) ''કાઠી રાજપૂત''(માસિક) વર્ષ-૭, અંક-૮,૯,૧૦, તા.૨૬-૬-૧૯૩૬, પૃ.૪.
(૧૦૮) સરવૈયા ગંભીરસિંહ અને સોઢા જયસુખલાલ ''જૂનાગઢની આરઝી હકૂમત સંભારણા ગ્રંથ'' ગાંધીનગર, ફેબ્રુઆરી-૧૯૯૯, પૃ.૪૪.
(૧૦૯) વરૂ સુરગભાઈના પુત્ર ગૌતમભાઈની નાગેશ્રી (તા.જાફરાબાદ) રૂબરૂ મુલાકાતને આધારે.
(૧૧૦) સેવા સમર્પિત સિંહ સુરગભાઈ વરૂ નામની પત્રિકાને આધારે.
(૧૧૧) વરૂ સુરગભાઈ ''બંગલા વિજય'' જૂનાગઢ, ઈ.સ.૧૯૭૫, પૃ.૧૧.
(૧૧૨) ''ફૂલછાબ'' (દૈનિક) તા.૨૦-૩-૦૫.
(૧૧૩) ''ઉર્મિનવરચના''(માસિક) ઓક્ટો.નવે.૧૯૭૭, સળંગ અંક-૫૭૧-૭૨, પૃ.૩૭૭.
(૧૧૪) જેબલિયા નાનાભાઈ હ.સાવરકુંડલાની રૂબરૂ મુલાકાતને આધારે.
(૧૧૫) જેબલિયા નાનાભાઈ હ. સાવરકુંડલાએ આપેલ પોતાની લેખિત માહિતીને આધારે.
(૧૧૬) જોશી રમણલાલ ''સાહિત્ય વિવરણ'' (લેખ) ફૂલછાબ, તા.૧૭-૧૨-૧૯૯૫.
(૧૧૭) શર્મા રાધેશ્યામ (લેખ) ''સાક્ષરનો સાક્ષાત્કાર'' રંગતરંગ, તા.૧-૨-૧૯૯૩, પૃ.૧૩.
(૧૧૮) ''જનસતા'' (દૈનિક) તા.૧-૨-૨૦૦૦.
(૧૧૯) ડૉ.ગુલાબબા વી. ચૌહાણની મુંબઈ ખાતે રૂબરૂ મુલાકાતને આધારે.
(૧૨૦) વરૂ પ્રતાપભાઈના (પૂર્વ ધારાસભ્ય)નાના ભાઈ ગૌતમભાઈ નાગેશ્રી તા.જાફરાબાદની રૂબરૂ મુલાકાતને આધારે.
(૧૨૧) વાળા નાજભાઈ ''કાઠિયાવાડ, વાળા અને કાઠી રાજવંશો'' ધારી, પ્ર.આ.ઈ.સ.૧૯૯૯, પૃ.૪૧.
(૧૨૨) વર્લ્ડ વાઈલ્ડ લાઈફ તરફથી આપવામાં આવેલ સર્ટિફિકેટમાં લખાયેલા લખાણને આધારે.
(૧૨૩) કુ.શ્રી લવકુમાર ખાચરની(રાજકોટ) રૂબરૂ મુલાકાતને આધારે.